ડૉ. મોહમ્મદ મ. ગુ

હું ઉપનદુમાંલ

૭૮૬

હઝરત મોહમ્મદ સલ૦નું
ટુંક જીવન વૃત્તાંત.

લખનાર તથા પ્રગટ કરનાર.

વલીમોહમ્મદ છગનભાઈ મોઅમિન.

તથા

નિઝામુદ્દીન અમીરૂદ્દીન કુરેશી,

પાંચપટી—અમદાવાદ.

આવૃતી બીજી. પ્રત ૫૦૦.

સને ૧૯૧૪. હીજરી ૧૩૩૨.

કીંમત બાર આના.

આ પુસ્તક પાંચપટી અમદાવાદમાં આવેલા

ધી નિઝામીયા પ્રી. વર્કર્સ (છાપખાના)માં

મા. નિઝામુદ્દીન અમીરૂદ્દીન

કુરેશીએ છાપ્યું.

بسم الله الرحمن الرحيم

પ્રસ્તાવના.

વાંચકો ! સર્વ સરજનહાર પાક પરવરદિગાર અને તેના પૈગમ્બર મોહમ્મદે મુસ્તફા સ૦ ની તારીફ બાદ આપની સેવામાં વિનંતી કરવાની કે સુર્ય, ચંદ્ર, આકાશ, પૃથ્વી, સમુદ્ર ઇત્યાદી આખી સૃષ્ટિ ઉત્પન્ન થવાના કારણરૂપ અને આખા આલમ માટે રહમત અને કૃપા રૂપ સરવે પૈગમ્બરોના સરદાર હઝરતે મોહમ્મદે મુસ્તફા સ૦ નું જીવન વૃતાંત ગુજરાતીમાં હોવાની ઘણી આવશ્યકતા હતી કારણ કે ગુજરાતમાં તે સાચા નબીને માનનારાઓનો મોહટો ભાગ ઉરદુ, ફારસી અરબીથી તદન અજ્ઞાન છે. આવી ખોટ–આવશ્યકતા પુરી પાડવા માટે અમે તે હઝરતના જીવન વૃતાંતમાં આ લઘુ ગ્રંથ લખી આપની સેવામાં રજુ કર્યું છે. લખતી વખતે જે બીનાઓ જાણવી જરૂરી અને અવશ્ય હતી તે નોંધવા તરફ અમે પુરતું લક્ષ આપ્યું છે, અને તે હઝરતના શુભ જન્મથી કે વફાત–દેહાંત સુધીની સરવે બીનાઓ ટુંકમાં લખેલી છે. આ લઘુ ગ્રંથ ઉપરથી આપ એમ શંકામાં પડતા નહીં કે તે મહાન પયગમ્બર સલ૦ની કારકીર્દીયો આટલીજ હશે? તેઓની કારકીર્દીયો એક મહાન મોહટા વિશાળ સમુદ્ર સમાન છે.

તે વડે ફારસી, અરબી, ગ્રીક, લેટીન, ઇંગ્રેજી, જરમન, ઉરદુ, પીસ્તુ, હીંદી, મરાઠી ઇત્યાદી સર્વે ભાષાઓમાં મોહટા મોહટા ગ્રંથ ભરપુર પડયા છે. આ અમે લખેલો લઘુ ગ્રંથ તેમના જીવન ચરીત્રોના સમુદ્રમાંથી લીધેલાં બે ચાર ટીંપાં સમાન છે. તે અમર મહાન પયગમ્બરની કારકીર્દીઓ એટલી બધી કેમ ન હોય ? અત્યાર સુધી અનેક ભાષાઓમાં કેમ ન લખાય ? તેઓએ પરવરદિગારની સૃષ્ટી ઉપર એવાંજ એહસાનો—ઉપકારો કીધાં છે, જેઓ પશુઓ હતા તેમને માનવી બનાવ્યાં છે. સત્યની ખાતર અનહદ સંકટો વેઠયાં છે. મૂર્તી પુજા અને બીજા નાસ્તિક વાદોનો નાશ કરી **અલ્લાહની** તવહીદ (એકત્વતા)નો એવો વિશાળ વાવટો ઉભો કર્યો છે કે જેના શીતળ છાંયા તળે કરોડો મુસલમાનો સુખ શાંતી ભર્યું જીવન ગાળે છે અને પરલોકમાં ગાળશે, એટલુંજ નહીં પણ અનેક દેવોને માનનારા પણ તેમના શિક્ષણના પ્રતાપે એક દેવને માનનારા થયાં છે. તેઓએ ભકિત, ન્યાય, દયા—માયા, ભાવ, પ્રીતિ, શુરવિરતા, પ્રમાણિકતા, દ્રઢતા, કૃતજ્ઞતા, ઉદારતા અને સંતોષ ઇત્યાદી સરવે સદગુણોના એવા સુંદર સબકો (પાઠ) આપ્યાં છે કે તેમના શત્રુઓ પણ તેમાંથી જરાએ ખોડ ખામી કાઢી ન શકતાં એક જીભે વખાણ કરે છે. પરવરદિગાર તરફથી મોકલવામાં આવેલા આ મહાન **રિફોરમરે**—સંસાર તથા ધર્મ સુધારકે આખા દુન્યાનો જોતજોતામાં વિજળીના વેગે ચમત્કારી રીતે એવો ઉધ્ધાર કર્યો છે કે તેવો ઉધ્ધાર તેઓ અગાઉના કોઇ

પણ રિફોર્મરે એટલે પયગમ્બરે પોતાની અંધકારમાં પડેલી પ્રજાનો કીધો હોય એમ સિધ્ધ થયું નથી. જેમ જેમ તમે આ લઘુ ગ્રંથને વાંચતા જશો તેમ તેમ તમે અનાથ-યતીમ, બાળકે જોત જોતામાં શુંનું શું કરી નાંખ્યું એ જાણી અચંબામાં પડશો અને છેવટે એજ નિરાકરણે આવશો કે તેણે કીધેલા આટલા બધા ફેરફારમાં ખચિત અલ્લાહની સ્હાય હતી; અને તેઓ ખુદાના સાચા પયગમ્બર હતા. અમે આ લઘુ ગ્રંથમાં યુરોપના મોટા મોટા વિદ્વાનો જેવા કે **સર થોમસ કારલાઇલ, એડવર્ડ ગીબન, ગોડફ્રે હેગીન્સ સર જોન ડેવન પોર્ટ** ઇત્યાદી વિદ્વાનોના હઝરતની પ્રશંસા અને તેઓ સાચા પયગમ્બર હતા એ વિષેના કેટલાંક મત પુસ્તકના છેલ્લાં ભાગમાં ટાંકયા છે અને કેટલાંક મત આ પુસ્તકના ચાલુ લખાણમાં નોંધ્યા છે.

આ પુસ્તકની પહેલી આવૃત્તિ અમે ઇ. સ. ૧૯૦૪ માં જ્યારે અમારા તરફથી મુંબઇથી **અલ-હિલાલ** માસિક નિકળતું હતું ત્યારે તેની ભેટ તરીકે પ્રગટ કીધી હતી. પણ તે અત્યાર સુધીમાં ખપી જવાથી આ બીજી આવૃત્તિ સ્હેજ સુધારા વધારા સાથે પ્રગટ કરવાની અમને તક મળી છે. આ સંબંધમાં અમારી આશાઓ ઘણી મોટી હતી, પરંતુ ગુજરાતી મુસલમાન વાંચક વર્ગનો હજુ આવા પુસ્તકોના પ્રસાર પ્રતિ જોઇએ તેવો ઉત્સાહ જણાયો નથી. ઉતેજનની

ખામીના કારણે અમારા ઘણાં કીમતી લખાણો જેવીને તેવીજ સ્થીતીમાં પડયા રહ્યાં છે પણ અમે નિરાશ થયાં નથી. જો ખુદાની ઇચ્છા હશે તો હવે આજ પુસ્તકની ત્રીજી આવૃતિ વિશેષ વધારા સાથે પ્રગટ કરી શકીશું. આ પુસ્તકની ભાષા સામાન્ય રીતે મુસલમાનો વિગેરે પુર્ણ રીતે સમજી શકે એટલા માટે સરળ રાખવામાં આવેલી છે. અમને પુર્ણ આશા છે કે જો આ પુસ્તકનો પ્રચાર અમારી ધારણા મુજબ થશે તો અમારો જે હેતુ છે તે નિશ્ચય પાર પડશે. વસ્સલામ.

—: લી. :—

વલીમોહમ્મદ સી. મોઅમિન.

—તથા—

નિઝામુદ્દીન એ. કુરેશી.

بسم الله الرحمن الرحيم

મહાન પયગમ્બર હઝરતે રસુલે ખુદા મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વ આલેહી વ સલમનું ટુંક જીવન વૃતાંત.

જન્મ.

જે સમયમાં મહાન પવિત્ર પયગંમ્બર હઝરત મોહમ્મદ મુસ્તફા (સલ) નો જન્મ થયો તે સમયમાં અરબસ્તાનમાં વસતા સર્વે લોકો શીર્ક,* કુફર, મુર્તી પુજા, અગ્નિ પુજા, સીતારા પરસ્તી, (તારાઓની પુજા) દુષ્ટતા, ક્રુરતા, દુરાચાર ઇત્યાદી દુર્ગુણોના સાગરમાં ડુબેલાં હતાં. અરબસ્થાનના લોકો જો કે હઝરતે

---

* એક કરતાં વધુ ખુદા માનવા.

ઇબ્રાહીમ×ની વંશમાં હતા અને તેઓનાજ પંથે ચાલવાની હામી ભરતા હતા, તોપણ તેઓ હઝરતે ઇબરાહીમના ધર્મ અને પંથથી ઘણુંજ દુર હતાં. તે લોકો મુર્તીઓને મારનાર, જીવાડનાર, તારનાર, પ્રાર્થનાઓ સાંભળી આશાઓ પુરી પાડનાર, પરવરદિગારની જોડીદાર માનતા હતા. મુર્તીઓને ભોગ આપતા, માનતાઓ ચઢાવતા. પોતાના વડીલો, જીન્નાતો, અપવિત્ર આત્માઓ, સુર્ય અને ચંદ્ર ઇત્યાદી સૃષ્ટીમાંની બીજી અનેક અજાયબાતની નિત્ય પુજા કરતા. પોતાના ઘરોમાં અને કોઇ વૃક્ષની સોડમાં મુર્તી બનાવી રાખી તેની આરાધના–પુજા કરતા અને તેની આસપાસ ફેરા ફરતા. તેઓ મુર્તી પુજામાં એટલાં વધી ગયાં હતાં કે કઅબા* જેવાં પવિત્ર સ્થાનમાં તેઓએ પ્રકાર પ્રકારની ધાતુઓની મોહટી મોહટી ૩૬૦ મુર્તીઓ બનાવી ગોઠવી હતી. હઝરતે ઇબરાહીમ, હઝરતે ઇસમાઇલ, હઝરતે ઇસા અને જનાબે મરયમ (અ૦) ની મુર્તીઓ પણ તે પવિત્ર સ્થાનમાં મુકવામાં આવી હતી. ચોતરફના

× હઝરતે ઈબરાહીમનો ધર્મ એક ખુદાને માનવા પુજવાનો હતો.

* કઅબા—તે મકકા શેહરમાં આવેલું યાત્રા સ્થાન છે. મુસલમાનો તેજ કઅબાની યાત્રાએ જાય છે જેને હજ કહે છે. કઅબા તે બૈતુલ્લાહ એટલે પૃથ્વી ઉપર અલ્લાહનું ઘર કહેવાય છે. તે ઘરમાં કરવામાં આવેલી ભક્તિ તે સર્વોત્તમ અને મોક્ષના કારણ રૂપ મનાય છે.

ગામોમાંથી અને મોહટા મોહટા શેહરોમાંથી ઠઠબંધ લોક આ જડ મુર્તીયોની પુજા કરવા માટે ત્યાં એકઠાં થતા હતા. આ લોકોમાં પણ નેચરી, ફીલોસોફર અને તર્ક શાસ્ત્રીઓ ઘણા હતા જેઓ મરણ શરણ થયા પછી સજીવન થઇ પરવરદિગાર સન્મુખ ઉભા રહી પોતાની કરણીનો હીસાબ આપવાનો, પાપ પુન્યનો બદલો પામવાનો અને સ્વર્ગ અને નર્કનો ચોખો ઇનકાર કરતા હતા. તેઓને સર્વજ્ઞ સર્વ વ્યાપક મહાન કિરતારનું કાંઇ જ્ઞાનકે ભાન ન હતું.

તેઓમાંના કેટલાંક લોકો ભુત પ્રેત, ચુડેલ, મહુરત, શુકન, અપશુકન, જોતિષ શાસ્ત્ર અને ગ્રહ ઇત્યાદીને માનતા હતા. તેઓમાંના કેટલાંક ફીરીશતાઓ એટલે દેવ દુતોને ખુદાની પુત્રીયો માની તેઓનું પુજન કરતા, જીનાતો પાસે જંગલોમાં આશ્રય માંગતા. **યતીમ**–માતપિતા વીનાના બાળકોનો માલ ઉચાપત કરતા તેઓ ઉપર જરાએ દયા ન ખાતા. એવો એકે વહેમકે પાખંડ બાકી ન હતો કે જેને તેઓ માનતા ન હોય. આવા પાખંડી અને જડવાદી ધર્મનો અસર તેમના સમાજ ઉપર પુર્ણ પડેલો હતો. તેમની બુધ્ધિ મંદ પડી ગઈ હતી અને તેથી આખો આરબ સમાજ દુર્દશામાં આવી પડયો હતો. કોઇ પણ પ્રકારના કાયદાના અભાવે તેઓમાં સ્ત્રીયોની ભુંડા માઠી દશા હતી. લગ્ન (નિકાહ) કે છેડા છુટકા (તલાક) વીગેરેના કાંઇ નિયમો ન હતા.

દરેક માણસ જેટલી ચાહે તેટલી સ્ત્રીયો પરણી શકતો અને જ્યારે ચાહે ત્યારે છુટકો આપી શકતો પિતાના મૃત્યુ પછી વડીલ પુત્ર પોતાની સાવકી માતાને પોતાની સ્ત્રી તરીકે કબજામાં લઇ શકતો.

વ્યભિચારની કાંઈ હદ ન હતી, મોહટા મોહટા નામીચા અને સદગ્રહસ્થ તરીકે ઓળખાતા માણસો પોતાની દીકરીયો પાસે વેશ્યાનો ધંધો કરાવરાવી તેણીયોની કમાણી ઉપર પોતાનું ગુજરાન નભાવતા. સંખ્યાબંધ સ્ત્રીયો વેશ્યા અને ગુણીકાનો ધંધો કરતી હતી તેવી વેશ્યાઓ પોતાની પીછાણ માટે પોતાના ઘરની પાસે ઝાંડીયો રાખતી હતી. જે સ્ત્રીને સંતાન પ્રાપ્તિ થતી નહી તેણી પોતાના પતિ શીવાય બીજા સાથે ક્રીડા રમી સંતાન પ્રાપ્ત કરતી હતી. કેટલાંક ગરીબ અને રંક સ્થીતીમાં હોવાથી પોતાની પુત્રીયોને જીવતીને જીવતી ભોંયમાં દાટી દેતા. ન્હાના બાળકોનો વધ કરીને મુર્તીયોને ભોગ આપતા. વ્યાજ ખાવાની દારૂ પીવાની અને અરસપરસ કતલ ચલાવવાની તેઓએ કોઇ હદ બાકી રાખી ન હતી. બીચારા પીડીત જનો—મઝલુમોને ન્યાય કે ઇનસાફ મળતો ન હતો. **હરામ** શું અને **હલાલ** શું તેનું જ્ઞાન કે ભાન ન હતું. જાનવરોને હલાલ એટલે કાપવાના કરવાના કોઇ પણ નિયમ વિના જેમ આવ્યું તેમ વધ કરી તેનું લોહી મુર્તીયો ઉપર છાંટતા હતા.

મુસલમાનોમાં જેવી રીતે દરરોજ **નમાઝ** પડવાના પાંચ વખત દર્શાવેલા છે તેવી રીતે તેઓએ દરરોજ દારૂપીવાના પાંચ વખત ઠરાવ્યા હતા.

ખ્રિસ્તીઓ પણ એવીજ અજ્ઞાનતામાં પડેલાં હતા. ખરા દયાળુ **એકજ** ખુદાને ન માનતા પીતા પુત્ર અને પવિત્ર આત્મા એવા ત્રણ ખુદાને–દેવને માનતા હતા. કેટલાંક "પવિત્ર આત્મા"ની જગ્યાએ કુંવારી મરયમને ભેળવી તેણીને પરવર દિગારની જોરૂ માનતા હતા. તેઓમાં પણ વ્યભિચાર અને દારૂની કોઇ હદ બાકી રહી હતી નહીં, તેઓમાંના કેટલાંક રાહિબ એટલે સન્યાસી લોકો ઘણાં ન વર્ણું થાય તેવા નીચ હતા.

યહુદીયો પણ તે નીચતા, ધર્માંધ અને પાખંડપણામાં આરબો અને ખ્રીસ્તીયો કરતાં ઉતરે તેમ ન હતા. ઇસુ ખ્રીસ્તે ખ્રીસ્તીયોને જે એકજ ખુદાને માનવાનું શીખવ્યું હતું તે ભુલી જઇ ખ્રીસ્તીયો જેમ ત્રણ ખુદાને માનવા લાગ્યા હતા, તેમ યહુદીયો પણ હઝરતે મુસાએ શીખવેલાં એક ખુદાને મુકી અનેક પ્રકારના પાખંડ મતો અને તેમના ધર્મ ગુરૂઓના સ્વાર્થ સાધક વાદોમાં સપડાએલાં હતા. કેટલાંક પયગમ્બર "**ઓઝેર**"ને ખુદાનો પુત્ર ગણતા હતા. કેટલાંક ખુદાને શારીરિક ખુદા માનતા હતા.

હીન્દુસ્તાન જે આર્ય ભુમી કહેવાતી અને જેમાં રૂષિયો, મહા રૂષિયો અને બીજાં અનેક મહાત્માઓએ એકજ દેવને માનવા અને પુજવાનું શીખવેલું હતું. ત્યાં મુર્તીપુજા સામાન્ય ધર્મ થઈ પડયો હતો. જે વસ્તુઓ ખુદાએ માણસ જાતના ઉપભોગ અર્થે લાભાર્થે અને સેવા અર્થે ઉત્પન્ન કીધી છે તેવી વસ્તુઓની જેવી કે સુર્ય, ચંદ્ર, તારા, વૃક્ષ અને જાનવરો જેવાં કે સાંપ, મઘર આદીની પુજા કરતાં હતાં. તેમની આગળ પ્રાર્થના કરતા હતા. હજુએ કેળવણીના આટલા બધાં પ્રસાર છતાંએ એવીજ પુજા ચાલુ છે. હીંદુસ્તાનમાં સત્ય ધર્મ રહેવા પામ્યો ન હતો. બ્રાહ્મણોએ ધર્મ ઉપર પોતાની સત્તા જમાવી સ્વાર્થ સાધવા અનેક પાખંડો ઉભા કર્યા હતા. સુર્ય, ચંદ્ર, તારાઓ અને વૃક્ષ આદી જડ પદાર્થોની પુજા ઉપરાંત હીંદુઓમાંના કેટલાક અનેક દેવોની હસ્તીને માનતા હતા. કેટલાંક બ્રહ્મા, મહાદેવ, અને વિષ્ણુ એવા ત્રણ દેવોની ત્રીમુર્તીની આરાધના કરતા હતાં, જ્યારે કેટલાક તો તેત્રીસ કરોડ દેવતાઓને માનતા હતા. આવી રીતે હીંદુસ્તાનમાં સત્ય ધર્મ રહેવા પામ્યો નહતો. અનેક પંથો અને પેટા પંથો ઉત્પન્ન થયા હતાં. વૈદિક કાળમાં હીંદુસ્તાન ગમે તેટલું આગળ વધેલું હશે પણ જે સમયનું અમે વર્ણન કરીયે છીએ તે સમયમાં તે દેશ તદન અંધકારમાં હતો. સ્વાર્થ સાધક બ્રાહ્મણો નવા નવા સંપ્રદાયો ઘડી નવા નવા પંથ ઉભા કરી અંધકારને વધુ ને વધુ ફેલાવતા હતા. આરબોના

જેવા બાળ વધ કરી મુર્તીઓને ભોગ ચઢાવવાના, છોકરીયોને દુધ પીતી કરવાના, સ્ત્રીયોને તેમના પતી પાછળ જીવતીને જીવતી બાળી મુકવાના રીવાજો પ્રચલિત હતા.

ઈરાન દેશ સીવીલીઝેશનમાં આગળ વધેલો હતો, પરંતુ ધર્મ સંબંધી અજ્ઞાનતાના કારણે અધોગતિમાં હતો. ઇરાનીયો પણ એક ખુદાને મુકી **બે દેવો**ને માનવાના વાદમાં સપડાયા હતા. નેકીના ઉત્પન્ન કર્તા "**યઝદાન**" અને બદીના ઉત્પન્ન કર્તા "**એહરમન**" એવા બંને દેવોને તેઓ એકજ દરજ્જા અને પંકતીના માની પુજા કરતા હતા. તે ઉપરાંત અગ્નિ પુજા સુર્ય, ચંદ્ર અને તારાઓની પુજા તેમનામાં પ્રચલીત હતી. હજુ સુધી પારસીયો એજ ધર્મ ઉપર કાયમ છે અને બે દેવો તથા અગ્નિ પુજામાં તલ્લીન છે. એક ખુદાને મુકી જડ પદાર્થોની પુજા અને પરસ્તીશ માણુસની બુધ્ધિને ઉંચે ચઢવા દેતી નથી. માણુસ એ સર્વ સૃષ્ટિમાં સર્વોત્તમ છે સર્વ વસ્તુઓ તેના માટે ઉત્પન્ન થએલી છે એટલે સર્વ વસ્તુઓ માણુસ જાતની સેવક છે. જ્યારે માણુસ પોતાના સેવકોની પુજા કરે, સેવકોની આગળ પોતાના દુઃખ રડે, સેવકોની સ્હાય માંગે, દુઃખ સુખના દાતા તરીકે સેવકોને ગણે અર્થાંત પોતાના હાથે માલેક પોતે સેવકોનું સેવક પણું કરવા તત્પર થાય ત્યારે ઉંચે ચઢનારી બુધ્ધિ ઉલટી નીચે ઉતરે છે. તેવી રીતે

ઇરાનની હીકમત (ચાતુર્ય અને ડહાપણુ)નો ચિરાગ સત્ય ધર્મ અને સદાચારના તેલ વિના બુઝુ બુઝુ થઇ રહયો હતો. ઇજીપ્ત (મીસર) ગ્રીસ (યુનાન) અને ચીનની પણ મુર્તી પુજા અને પાખંડી વાદોને લીધે એજ દશા થઇ હતી, યુરોપની તો તે વખતે કશી સ્થીતિજ ન હતી. ટુંકમાં કહેતાં આખા આલમમાં કોઇપણ દેશ કે જગ્યાએ ખરા એક ખુદાનું ભાન કે જ્ઞાન સરખું નહતું અને તેથી મુર્તી પુજા અને દુરાચાર સામાન્ય ધર્મ થઇ પડયા હતા.

અરબ પ્રજામાં આચાર વિચારના કાનુનો સમુળગા નહોતા, તેઓ ઉપર કોઇનું રાજ્ય નહતું, શહેરનો બંદોબસ્ત રાખવા અને સુખ—શાંતી જાળવવા માટે તેઓમાં પોલીસ અથવા જસ્ટીસ ઓફ ધી પીસમાંનું કશું નહતું, જુદા જુદા **કબીલા** (કુળ) નો જુદો જુદો સરદાર એજ તેઓનો રાજા ગણાતો; વાતવાતમાં તલવારો ખેંચાતી હતી, લોહીની નદીઓ વહેતી હતી. ટુંકમાં કહેતાં અરબસ્થાનની ભુમીના કોઇ ભાગ ઉપર શાંતી સલાહ દેખાતી નહતી.

આંવી રીતે જ્યારે અરબ અને આખી પ્રથ્વી ઉપર વસ્તી સર્વે પ્રજાઓમાં શિર્ક, કુફર, મુર્તી પુજા, અગ્નિ પુજા અને દુરાચારનો અંધકાર પ્રસરી રહ્યો હતો ત્યારે તે અજ્ઞાન તિમિર ટાળવા ઉપદેશનો સુર્ય પ્રગટ થયો. એટલે દીન દુન્યાના સરદાર, પાપીયોને તારનાર ! (

અગેલાં પયગમ્બરો ઉપર ગર્વ ધરાવનાર **હઝરતે મોહમ્મદ સલ**૦નો ઇ. સ. ૫૭૦ માં જન્મ થયો. તેઓ, હઝરત ઇબરાહીમના મોહટા પુત્ર હઝરતે ઇસમાઇલની વંશમાં શરીફમાં શરીફ અને કુળવંત કુરૈશી ખાનદાનમાંથી હતા. તેઓની જન્મ ભુમી પવિત્ર મક્કા છે.

આ મહાન પયગમ્બર જન્મ પામ્યા આગમચ જેટલાં પયગમ્બરો થઇ ગયાં છે તેટલા સર્વે પયગમ્બર મોહમ્મદ (સલ૦) અંધકારમાં પડેલી સૃષ્ટીને પ્રકાશમાં લાવવા માટે આવશે તેવી ભવિષ્ય વાણીઓ ભાખી ગયા હતા. **હઝરતે ઇબ્રાહીમે** પરવરદિગારના દરબારમાં પ્રાર્થના કીધી હતી કે "હે! મહાન પરવરદિગાર! મક્કાની ભુમીમાં એક મહાન (અઝીમુશ્શાન) પયગમ્બર જાહેર કર કે જે ત્હારી વાણીને વાંચે અને આ આલમની પ્રજાઓને પવિત્ર બનાવી કિતાબ અને હિકમત (ડહાપણ) શીખવે. **હઝરતે મુસાએ** ખુશખબરી આપી હતી કે મ્હારા પછી મ્હારા જેવી શરીયતવાળો એક પૈગમ્બર પેદા થશે જે શ્રેષ્ઠા અને મહત્વતામાં સર્વ પૈગમ્બરો કરતાં વધારે હશે, જેઓ તેની વાતને માનશે નહી તેઓ નીસ્ત અને નાબુદ થશે. **હઝરતે દાઉદે** (અ૦) તેઓના જાહેર થવાના ગીતો ગાયાં છે, અને તેઓને આખી દુન્યાના પ્હેલવાન ઝબરદસ્ત મહા શુરવીર બળવંત અને સર્વ કરતાં વધારે રૂપવંત અને પુર જલાલ ભાખ્યા છે. **હઝરતે સુલયમાને** આપને "પુર્ણ વખાણ

કરવા લાયક" કહ્યાં છે. હઝરત યસુવાએ આપને "વખણાએલ" એટલે મોહમ્મદ, અને પસંદ કરવામાં આવેલ એટલે મુસ્તફાના ઇલકાબોથી યાદ કર્યા છે. હઝરતે ઇસાએ "ફારકલીત" આખા આલમને શાંતી અને દિલાસો આપનાર, સંપુર્ણ વખાણ કરવામાં આવેલ અહમદ નામથી ખુશ ખબરી આપી છે.

તે હઝરતની માતુશ્રીએ તે હઝરતનો જન્મ થવા પહેલાં સ્વપ્નામાં એક ફિરિસ્તાને એમ કહેતા સાંભળ્યો હતો કે "આ મહાન અને માનવંતા બાળકનું નામ "મોહમ્મદ" રાખજે, અને તેથીજ તે હઝરતે ફરમાવ્યું છે કે હું હઝરતે ઇબરાહીમ અ૦ની પ્રાર્થના, હઝરતે ઇસા અ૦ની ખુશખબરી અને મ્હારી માતુશ્રીનું સ્વપ્ન છું.

જ્યારે તેઓ જન્મ પામ્યા ત્યારે એક મોહટો અને ભયંકર ધરતીકંપ થયો. ઇરાનના શેહનશાહ "કિસરા"ના મહેલના ચૌદ કળસ ખરી પડયા. અગ્ની પુજકોની અગ્ની હોત્રીમાં બળતી હજાર વરસની અગ્ની હોલવાઇ ગઇ. "કાશાન"ની પાસે આવેલો "સાવા" નામનો સમુદ્ર કે જેની પરસ્તિશ (પુજા) કરવામાં આવતી હતી તે સુકાઇને ખારોપાટ થઇ ગયો. સૃષ્ટી ઉપરની સર્વે મુર્તીયો ઉંધે મોહઢે ભોંયપર પડી ગઇ, પ્રથમ શયતાન સાતે આકાશોમાં જઇ શકતો હતો, પણ જ્યારે હઝરતે ઇસા અ૦ જન્મ પામ્યા ત્યારે ત્રણ આકાશ

ઉપર જવાથી બંધ થયો અને માત્ર ચોથા આકાશ સુધી જઇ શકવા લાગ્યો. પણ જ્યારે હઝરત મોહમ્મદ (સ૦) જન્મ પામ્યા ત્યારે સાતે આકાશોમાં તેનું જવું બંધ થયું. તેના ઉપર ભડકાના તીર (સીતારા) પડવા લાગ્યા. આવા સંખ્યાબંધ સીતારા પડતાં જોઇ યુસુફ નામનો યહુદી કુરૈશીયોની સભામાં જઇ પુછવા લાગ્યો કે "હે કુરૈશીયો ! આજ રાતે તમારામાં કોઇ છોકરો જન્મ્યો છે?" તેઓએ કહ્યું કે "ના;" યહુદીએ કહ્યું "તમે ભુલો છો, કારણ કે તવરેતમાં લખ્યું છે કે આજ રાત્રે છેલ્લા પયગમ્બર જન્મ પામશે, અને લખ્યું છે કે જ્યારે જન્મ પામશે ત્યારે શયતાનોને સીતારાઓનો માર પડશે, અને તેઓમાંનો એકકે આકાશ ઉપર જઇ શકશે નહીં" આ વાત સાંભળી સર્વે કુરૈશીયો ત્યાંથી વિખેરાઇ ગયાં, અને એક બીજાને ત્યાં પુછવા લાગ્યા. પુછતાં પુછતાં જણાયું કે હઝરતે અબ્દુલ્લાહ બિન અબ્દુલ મુત્તલિબને ત્યાં એક બાળક જન્મ્યું છે, જે બાળક તે હઝરતે માહમ્મદ (સલ૦) હતા. આ સર્વ બાબતો વિચિત્ર લાગતી હશે પણ તે ઐતિહાસીક નોંધાએલી ખરી બીનાઓ છે.

હઝરત જન્મ્યા તે વારે એક એવો પ્રકાશ થયો કે શામ (સીરીયા)ના પ્રદેશના સર્વે કીલ્લાઓ સ્પષ્ટ દેખાયાં. જીન જીન્નાત અને અપવિત્ર આત્માઓને આકાશ ઉપરથી કાઢી મુકવામાં આવ્યાં.

વળી જ્યારે હઝરત જન્મ પામ્યા ત્યારે તરતજ ઘુંટણીએ પડયા અને આકાશ તરફ હાથ ઉંચા કરી મોહટા સાદે નીચલા વાક્યો બોલ્યા "**અલ્લાહ મહાન છે, અલ્લાહ એકજ છે, અને હું તેનો પયગમ્બર છું.**" પછી તેઓની પીઠ ઉપર પૈગમ્બરી મોહોર પ્રગટ થઇ પછી તેમને બેહીશ્ત–સ્વર્ગના સુફેદ લુગડામાં લપેટી દીધાં.

આ સર્વ બાબતો કુદરત તરફથી તેઓ ખરા પૈગમ્બર હોવાની નીશાનીયો હતી. ખરેખર આપના આ સૃષ્ટીમાં પધારવાથી કુફ્ર, શીરક, મુર્તી પુજા ઇત્યાદી ધર્માંધ—ગુમરાહીયો નાશ પામી, અને આખી સૃષ્ટી ઉપર ઇસ્લામનું રાજ્ય પ્રસરી ગયું.

બાળાવસ્થા.

હજુ તેઓ પોતાની માતુશ્રીના પવિત્ર ઉદરમાંથી બહાર પધાર્યા નહતા તેવામાં તેમના પિતાશ્રી વફાત-મર્ણ પામ્યા. તેમના જન્મ પછી ૭ વરસે તેઓના માતુશ્રી પણ આ સંસારનો ત્યાગ કરી ગયા. તેઓ ઉપર આવી કુમળી અને બાળાવસ્થામાં **યતીમી**નો પર્વત ફુટી પડયો. માત પિતાના સ્વર્ગવાસ પછી તેઓને તેઓના દાદા જનાબે **અબ્દુલ મુત્તલિબ** ઉછેરવા લાગ્યા. જ્યારે હઝરત મોહમ્મદ (સ૦)ની માતુશ્રી આ ફાની દુન્યાનો ત્યાગ કરી પરલોક (આખેરત) તરફ કુચ કરી ગયા ત્યારે તેઓના દાદા અબ્દુલ મુત્તલિબે હઝરતને **હલીમા** નામની દાયાને સોંપ્યા. તે હલીમા હઝરતને પોતાના કુટુંબમાં લઇ ગયા. જ્યારે દુધ પીવરાવવાની મુદત પુરી થઇ ત્યારે હઝરતને તેડી તેઓના દાદા અબ્દુલ મુત્તલિબને સોંપવા ચાલ્યાં, રસ્તામાં મક્કાની નજદીક હઝરતને એક જગ્યાએ મુકી પોતે તહારત કરવા માટે ગયાં, જ્યારે તેઓ ત્યાંથી પાછાં આવ્યાં ત્યારે ત્યાં હઝરતને દીઠા નહીં. ઘણી પુછપરછ કીધી પણ પત્તો મળ્યો નહીં જેથી હલીમા વિલાપ કરવા લાગ્યા. "અએ અબ્દુલ મુત્તલિબ ! મેં મોહમ્મદ (સ૦)ની પરવરીશ કીધી પણ મેં તેને મક્કાના દરવાજા ઉપર ગુમ કર્યો." અને તેઓએ

પોતાના મનમાં નિશ્ચય કર્યો કે અગર મોહમ્મદ (સ૦) નહીં જડે તો આ પહાડ ઉપરથી નીચે પડી પ્રાણ આપીશ પણ આવી શરમીંદગી કબુલ કરીશ નહીં. પછી તે મકકામાં ગયાં અને " વા મોહમ્મદાહ " પુકારી ફરીયાદ કરવા લાગ્યાં એટલામાં તેઓને એક બુઢો લાકડી ઉપર ટેકો દઇ ઉભેલો મળ્યો. તેણે પુછ્યું કે " શા માટે વિલાપ કરે છે ? " હલીમાએ પોતાનું દુઃખ તેને કહી સંભલાવ્યું. બુઢ્ઢાએ કહ્યું કે "હુબલ"ની પાસે ચાલ કે તે સઘળાં બુતો (મુર્તીયો) કરતાં વધારે બુઝુર્ગ (મોહટો) છે. તેની પાસે હું ત્હારી સીફારીશ કરીશ એટલે તે મોહમ્મદ (સ૦)નો પત્તો આપશે. " તેથી તે બંન્ને જણ "હુબલ"ની પાસે ગયાં અને તે બુઢ્ઢાએ "હુબલ" ના હાથ અને માથાને ચુંબન કરી કહ્યું કે " આનો ફરઝંદ મોહમ્મદ (સ૦) ગુમ થઇ ગયો છે, બતાવ તે કયાં છે ? " " મોહમ્મદ " (સ૦)નું નામ સાંભળતાંજ તે હુબલ અને ત્યાં જેટલાં બીજા બુત હતાં તે સઘળાં ઉંધા મોંઢે ઝમીન ઉપર પડી ગયાં અને હાતિફે અવાજ આપ્યો કે " હે મુર્ખ બુઢ્ઢા ! દુર થા કે મોહમ્મદ (સ૦)ના હાથથી આ બુતોની હલાકી અને પાયમાલી થશે " તે બુઢ્ઢો ધ્રુજવા લાગ્યો, તેના હાથમાંના લાકડી પડી ગઇ અને હલીમાને કહ્યું કે " તું ધીરજ ધર કે મોહમ્મદ સ૦નો ખુદા તેને ત્હારી પાસે પહોંચાડશે. " જ્યારે હઝરત ગુમ થવાના ખબર અબદુલ મુત્તલિબને પહોંચ્યા ત્યારે તેઓને એવો વ્હેમ આવ્યો કે કોઇ કુરેશીએ તેઓને મારી નાંખ્યા હશે, તેથી તલવાર લઇ એકદમ બહાર નીકળ્યા અને કહ્યું

" હે ! આલે ગાલિબ* " સઘળાં કુરેશીયોએ એકઠાં થઇ જવાબ દીધો કે "હે ! અમારા સરદાર શું છે ?" અબ્દુલ મુત્તલિબે સઘળી હકીકત કહી પછી કુરેશીયોની સાથે જઇ મક્કાની ગુફાઓમાં હઝરતને શોધ્યા પણ હઝરતનો પત્તો લાગ્યો નહીં. તેમણે હથિયાર ફેંકી દીધા અને **"બયતુલ્લાહ"** તરફ જઇ ત્યાં (તવાફ કરી) આસમાન તરફ જોઇ કહ્યું કે "હે મ્હારા પરવરદિગાર ! મોહમ્મદ (સ૦)ને મહારી તરફ મોકલ;" તે વખતે આકાશવાણી થઇ કે "હે કૌમ ! તમો અધીરા થાઓ નહીં મોહમ્મદ (સ૦) નો ખુદા તેનો રક્ષક અને મદદગાર છે." અબ્દુલ મુત્તલિબે પુછ્યું કે "તે કયાં છે ?" અવાજ આવ્યો કે "તે વાદીએ **"તહામા"** માં ફલાણા ઝાડની પાસે છે." અબ્દુલ મુત્તલિબ સ્વાર થઇ પોતાની કૌમને સાથે લઇ **"તહામા"**ની તરફ રવાના થયા. રસ્તામાં **વરકા બિન નૌફીલ**ની મુલાકાત થઇ, તેને પુછ્યું તો કહ્યું કે "હા ફલાણી જગ્યાએ છે" જ્યારે તે જગ્યાની પાસે પહોંચ્યા ત્યારે જોયું કે ઝાડની ડાળી સાથે રમે છે. અબ્દુલ મુત્તલિબે તેઓને લાંબા સમયથી જોયાં ન હતાં તેથી તેઓને ઓળખ્યાં નહીં એટલે પુછ્યું કે "હે ! છોકરા તું કોણ છે ?" તેઓએ જવાબ આપ્યો **"હું મોહમ્મદ બિન અબ્દુલ્લાહ બિન અબ્દુલ મુત્તલિબ છું."** આ સાંભળીને અબ્દુલ મુત્તલિબે કહ્યું "તહારા ઉપર મહારી જાન

---

* ગાલીબના વંશનો.

ફિદા થાઓ." પછી અસ્વારી ઉપરથી નીચે ઉતરી હઝરતને પોતાના ખોળામાં બેસાડી મકકામાં આવ્યાં, અને પોતાને ત્યાં હઝરતની પરવરીસ કીધી પણ બે વરસ પછી તેઓ પણ વફાત પામ્યા. તે પછી તેઓ પોતાના કાકા **હઝરતે અબુતાલિબ**ની સાથે રહેવા લાગ્યાં. આ સર્વે તેમને ઉછેરતા પણ તેમને શીક્ષણ આપવાની કે નીશાળે મોકલવાની કાંઇ દરકાર કરતા ન હતા. પરિણામે તેઓ અભણ રહ્યા અને લખતાં વાંચતાં કાંઇ શીખી શકયા નહીં. પણ (અલહમ્દો લિલ્લાહ) તેઓનું અભણ રહેવું અને લખતાં વાંચતા ન શીખવું તેઓ માટે ગર્વનું કારણ થઇ પડયું. કારણ કે તેમને લખતા વાંચતા એકે અક્ષર આવડતો નહતો છતાં પરવરદગારની પ્રેરણા અને વહીથી એવી આકાશી વિદ્યાઓ અને એવાં ગૈબી ઇલમો (ગુપ્તજ્ઞાન) પ્રાપ્ત કર્યાં કે તેવા તેમની આગમચ બીજા કોઇને નસીબ થયાં નહતાં. તેઓ ઉપર **કુરઆને શરીફ** જેવી સુભાષિત અલંકારીક પ્રકાર પ્રકારના ઇલ્મો અને વિદ્યાઓથી ભરપુર મહાન કીતાબ ઉતરી—જેના ઉતરવાથી મોહટા મોહટા છટાદાર કવીયો અને ભાષા રહસ્યના વિદ્વાનોની જીભો બંધ થઇ ગઇ. તેઓની વય જ્યારે નવ વર્ષની થઇ ત્યારે તેઓના કાકા હઝરત અબુ તાલિબ વ્યાપાર અર્થે શામ (સીરીયા) ના પ્રદેશમાં ગયાં અને હઝરતને સાથે લઇ ગયાં. આ વખતે એક મહા મોહટો વિદ્વાન નામીચો અને માનવંતો **પાદરી** કે જે **તવરાત** અને **ઇન્જીલ**નું સારી પેઠે જ્ઞાન ધરાવતો હતો. (જેમાં તેણે મક્કાની ભુમી ઉપર એક મહાન પયગ-

અાર જન્મ પામવાની ભવિષ્ય વાણી હઝરતની નીશાનીયો સહીત વાંચી હતી) તે હઝરતના જન્મ પામવાની અને પ્રગટ થવાની રાહ જોતો સમય ગાળતો હતો. જયારે હઝરત બસરામાં પહોંચ્યા ત્યારે આ પાદરીએ હઝરતને જોઇ તેઓની નીશાનીયો*થી ઓળખી લીધાં

---

* એટલે મોહરે નબુવત (પૈગમ્બરીની છાપ જે હઝરત મોહમ્મદ (સ૦) ની ખાંધ ઉપર હતી) થી ઓળખી કાઢયાં. બાઇબલ શાસ્ત્રમાંના જુના કરારના યશાયાહ ભવિષ્ય વાદીના પુસ્તકના અધ્યાય ૯ માં મોહરે નબુવત વિશે પ્રથમથી લખાએલું છે. "કેમકે આપણે સારૂ છોકરો જન્મ્યો છે, આપણને પુત્ર અપાયો છે, ને તેની ખાંધ પર રાજ્યાધિકાર થશે, ને તેનું નામ અદભુ મંત્રી, પરાક્રમી દેવ, સર્વકાળનો પિતા, શાંતિનો સરદાર કહેવાશે." આ ભવિષ્ય વાણીમાં તેની ખાધ પર રાજ્યાધિકાર થશે એ મોહરે નબુવત પ્રતિ ઇશારો છે. ઇ. સ. ૧૬૬૬ માં અરકાન અરમને બાઇબલનો જે તરજુમો કર્યો છે તેમાં તેણે તે વાકયનો તરજુમો નીચે મુજબ કર્યો છે. "તેના રાજ્યાધિકારનું ચિન્હ તેની ખાંધ પર થશે અને તેનું નામ અહમદ (સ૦) છે." બાઇબલ શાસ્ત્રના ઘણાં તરજુમાઓ થતાં તેમાં ઘણો ફેર પડી ગયો છે. મુળ બાઇબલ શાસ્ત્ર [illegible] મુળ સ્થીતિમાં રહેવા પામ્યું નથી, તરજુમાના રૂપમાં ધીમે ધીમે ને [illegible] બદલાઇ ગયું છે. સ્વાર્થી ધર્મ ગુરૂઓએ જો કે ઘણાં ફેરફાર કરી [illegible] છે તો પણ તે શાસ્ત્ર હઝરતે મોહમ્મદ (સ૦) ના પ્રગટ થવા વિશેની ભવિષ્ય વાણીયોથી ભરપુર છે.

અને તેઓની પયગમ્બરીની શાક્ષી આપી તરતજ તેઓ ઉપર ઇમાન લાવ્યો.

બાઇબલ ધર્મશાસ્ત્રના નવા કરારના "પ્રેરિતોના કૃત્ય" ના અધ્યાય ૩ જામાં કહેવાયું છે કે "મુસાએ તો કહયું હતું કે પ્રભુ દેવ તમારા ભાઇઓમાંથી મારા જેવા એક ભવિષ્યવાદીને (પૈગંબરને) તમારે સારૂ ઉભો કરશે, તે જે કાંઇ તમને કહે તે સઘળા વિષે તમારે તેનું સાંભળવું, ૨૨, અને એમ થશે કે જે કોઇ માણસ તે ભવિષય વાદીનું નહી સાંભળશે, તેનો લોકમાંથી પુરો નાશ થશે. ૨૩," આ વાણી સ્પષ્ટ રીતે હઝરતે મોહંમદ (સ૦) ના પ્રગટ થવાની ખબર આપે છે ખરેખર જે લોકોએ તેમનું કહેવું (બોધ) સાંભળ્યું નથી તેમનો નાશ થયો છે જે ઐતિહાસો ઉપરથી સિધ્ધ છે. ખ્રીસ્તી લોકો આ ભવિષય વાણીને ઇસુ ખ્રીસ્તના પ્રગટ થવા સંબંધે ગણતા હોય તો તે તેઓની મોહટી ભુલ છે. કેમકે મુસા બની ઇસરાઇલીયોને સંબોધીને કહે છે કે "તમારા ભાઇયોમાંથી મારા જેવા એક ભવિષયવાદીને તમારે સારૂ ઉભો કરશે; ઇસુ ખ્રીસ્ત તે બની ઇસરાઇલીયોમાંના ભાઇયોમાંનો ન હતો પરંતુ તે પોતે બની ઇસરાઇલ હતો; હઝરતે ઇબ્રાહીમ (અ૦) ને બે પુત્ર હતા. એકનું નામ ઇસહાક અને બીજાનું નામ **ઇસમાઇલ** ઇસહાક **ઇસરાઇલ** તરીકે ઓળખાતો હતો. ઇસહાકના પુત્રો બની ઇસરાઇલ કહેવાય છે. ઇસુખ્રીસ્ત તે ઇસહાકની વંશમાં હતો એટલે તે બની ઇસરાઇલમાંનો હતો. ઇસમાઇલની વંશ બની ઇસમાઇલ કહેવાય છે. આવી રીતે **બની ઇસરાઇલ** અને **બની ઇસમાઇલ** એકજ વડીલથી ઉતરી આવેલા ભાઇયો હતા. હઝરત મોહમ્મદ (સ૦) પૈગંબર તરીકે પ્રગટ

હઝરતની બાળાવસ્થામાં મક્કામાં એક મોહટો સખત દુકાળ પડયો હતો, લોકો ભુખમરાથી મરતા હતા. તે વખતે તેઓના કાકા

થયાં ત્યાર પહેલાંના સર્વ પૈગંબરો હઝરત ઇબરાહીમની વંશના **બની ઇસરાઇલના** ફાંટામાંથી થતાં આવેલા હતા. બની ઇસરાઇલના ભાઇયો બની ઇસમાઇલમાંથી તો માત્ર હઝરત મોહમ્મદ (સ૦)જ પૈગંબર તરીકે પ્રગટ થએલાં છે. અને તેથી મુસાની ઉપલી ભવિષ્ય વાણી ઇસુ ખ્રીસ્તના સંબંધમાં નહીં પણ હઝરત મોહમ્મદ (સ૦) નાજ સંબંધમાં હોવાનું સિધ્ધ થાય છે. કેમકે હઝરતે મોહમ્મદ (સ૦) બની ઇસરાઇલીયોના ભાઇયોમાંથી હતા. અને તેઓને નહીં માનનારા સર્વ હલાક થયા હતા. હઝરતે **ઇબરાહીમે** જ્યારે હઝરતે ઇસમાઇલના સંબંધમા પ્રાર્થના કીધી હતી ત્યારે ખુદા તરફથી જે ઉત્તર મળયો હતો તે ઉત્તર ઉપરથી પણ એજ સિધ્ધ થાય છે કે તે પણ હઝરત મોહમ્મદ (સ૦)નાજ સંબંધમાં છે. જેમકે **ઉત્પત્તિ** અધ્યાય ૧૭માં લખાયું છે કે "અને ઇસ્માએલ વિષે મેં તારૂં સાંભળ્યું છે; જો, મેં તેને આશીર્વાદ દીધો છે, ને હું તેને સફળ કરીશ, ને તેને અતિ ઘણો વધારીશ; તે બાર શેખ (ઇમામ) ને જન્મ દેશે. ને હું તેનાથી એક મોટી કોમ ઉત્પન્ન કરીશ. ૨૦" આ ભવિષ્ય વાણી પણ હઝરતે મોહમ્મદ સ૦ નાજ સંબંધમાં છે. કેમકે તેમાં જે જે વચનો આપવામાં આવ્યાં છે તે તેમનાજ વખતમાં પુરાં થયાં છે. હઝરતે મોહમ્મદ (સ૦) ના પ્રગટ થવા અગાઉ ઇસ્માએલની વંશે કાંઇ અગત્યનો ભાગ ભજવેલો નથી. જે કાંઇ ઇસ્માએલની વંશે કરી દેખાડયું છે તે હઝરતે મોહમ્મદ (સ૦) ના પ્રગટ થયા પછીજ. આ ભવિષ્ય વાણીમાં જે **બાર**

હઝરતને લઇને જંગલમાં ગયા, અને હઝરતનો વાસ્તો આપી વરસાદ થવાની અલ્લાહ પાસ દોઆ માંગી. અલ્લાહ તઆલાએ તેઓની તે

શેખ કહેવાયાં છે તે હ૦ મોહમ્મદ (સ૦)ની **અહલેબૈત**માંના હઝરતે અલી (સ૦) થી કે હઝરતે મેહદી (સ૦) સુધી થએલાં મહાન **બાર ઇમામો** છે. હઝરતે મોહંમદ (સ૦) નાજ પ્રતાપે બની ઇસમાઇલીયો એક મોટી કોમ બની આખા આલમને સ્તબ્ધ બનાવી ચુકી છે. આ ભવિષય વાણીયો ઇસુ ખ્રીસ્ત અગર બીજા કોઇ માટે ભખાઇ હોય તેમ માની શકાશે નહીં, કેમકે ઇસુ ખ્રીસ્ત ઇસરાઇલની વંશમાં હતા, બની ઇસરાઇલના ભાઇયો બની ઇસમાઇલીયો નહતા. પણ હઝરતે મોહંમદ સ૦ બની ઇસરાઇલીયોના ભાઇ બની ઇસમાઇલીયોમાંથી હતા. અને તેઓએજ બની ઇસમાઇલીયોમાંથી પૈગંબરીનો દાવો કર્યો છે. જુઓ ઉપલી ભવિષય વાણીને **પુનર્નિયમ** (મુસાનું પાંચમું પુસ્તક)ના અધ્યાય ૧૮ માંના ૧૭ થી ૨૨ સુધીના વાકયોથી ટેકો મળે છે. જેમકે મુસા કહે છે. "અને યહોવાહે (ખુદાએ) મને કહયું કે, તેઓએ જે કહયું છે તે ઠીક કહયું છે. ૧૭, હું તેમને સારૂ તેમના ભાઇયોમાંથી તારા જેવો એક ભવિષય વાદી ઉભો કરીશ; ને હું મારા વચનો તેના મુખમા મુકીશ, ને જે સર્વ હું તેને ફરમાવીશ તે તેઓને કહેશે. ૧૮. અને એમ થશે કે, જે મારાં વચનો તે મારે નામે બોલશે, તે જે કોઇ નહીં સાંભળે તેની પાસેથી હું જવાબ લઇશ. ૧૯, પણ જે ભવિષયવાદી ગર્વ કરીને મારે નામે, જે વાત બોલવાની મેં તેને આજ્ઞા નથી આપી, તે બોલશે, અથવા અન્ય દેવોને નામે જે બોલશે, તેજ ભવિષય વાદી મરશે. ૨૦," આ ભવિષય વાણી પણ હઝરતે મોહંમદ (સ૦) ના સંબંધમાં છે. ઇસુ ખ્રીસ્તના

દોઆ સ્વીકારી એટલો વરસાદ વરસાવ્યો કે આખા દેશમાં ભરપુર અનાજ થઇ ગયું.

સંબંધમાં હોય તેમ માની શકાશે નહીં. કેમકે આ ભવિષય વાણીમાં "પણ જે ભવિષય વાદી ગર્વ કરીને ... ... તેજ ભવિષય વાદી મરશે." એ વાકયો ઘણાં અગત્યનાં છે. ખ્રીસ્તીયો ઈસુખ્રીસ્તને વધસ્થંભે મર્ણ પામેલો ગણે છે. એટલે તેથી સિધ્ધ થાય છે કે તે ઇસુખ્રીસ્તના સંબંધમાં નહીં પણ હઝરતે મોહંમદ (સ૦) ના સંબંધમાં છે. હઝરતે મોહંમદ (સ૦) ના મુખમાં ખુદાના વચનો (કુરાને શરીફ) મુકાએલ હતા. કુરાનમાં ખુદાએ કહયું છે કે હઝરત મોહંમદ મહારા બોલાવ્યા વિના બોલતો નથી. હઝરતે મોહંમદ સ૦એ કશુંએ પોતાની તરફથી કહયાનો દાવો કર્યો નથી. એટલે તે ભવિષયવાણી હઝરતે મોહંમદ (સ૦) માટેજ છે.

'માત્થી' અધ્યાય ૩માં **'યોહાન'** કહે છે કે "પસ્તાવાને સારૂ પાણીએ હું તમારૂં બાપ્તિસ્મા કરૂં છું ખરો, પણ જે માણસ પાછળ આવનાર છે, તે મારા કરતાં સમર્થ છે, હું તેના ચંપલ ઉચકવા યોગ્ય નથી, તે પવિત્ર આત્માએ તથા અગ્નિએ તમારૂં બાપ્તિસ્મા કરશે. ૧૧." વિચાર કરો પવિત્ર આત્મા અને અગ્નિથી બાપ્તિસ્મા આપનાર હઝરતે મોહંમદ (સ૦) શીવાય બીજું કોઇ છે? ઇસુ ખ્રીસ્તે તો માત્ર પાણીથી બાપ્તિસ્મા આપેલું છે; જો પાણીથી બાપ્તિસ્મા આપનાર **યોહાન**ની ઉપલી ભવિષયવાણી ઇસુખ્રીસ્તના સંબંધમાં હોત, તો યોહાનની પછી ઇસુ ખ્રીસ્ત પાણીથી બાપ્તિસ્મા આપવું મુકી દેત. પણ ઇસુ ખ્રીસ્તે પાણીથી બાપ્તિસ્મા આપવું ન મુકી દેતાં યોહાનની

યુવાવસ્થા.

જયારે હઝરત યુવાન વયે પહોંચ્યા ત્યારે યુવાનીયાઓમાં જે વાતો હોય છે તેવી તેમનામાં હતી નહી. પણ તેથી ઉલટાં વિવેક

જેમ પાણીથી બાપ્તિસ્મા આપવું ચાલુ રાખ્યું; હઝરતે મોહંમ્મદ(સ૦) પ્રગટ થયા ત્યારે તેઓએ પાણીથી બાપ્તિસ્મા આપવું બંધ કર્યું.અને પવિત્રઆત્મા અને અગ્નિથી બાપ્તિસ્મા આપવું શરૂ કર્યું જે ઉપરથી એમજ સિધ્ધ થાય છે કે એ ભવિષ્ય વાણીયો હઝરતે મોહંમદ (સ૦) માટે જ છે.

યોહાન અધ્યાય ૧૪ માં ઈસુ ખ્રીસ્ત પોતે કહે છે કે "જો તમે મારા પર પ્રેમ કરો છો તો મારી આજ્ઞાઓ પાળશો. ૧૫, અને હું બાપની વિનંતી કરીશ, ને તે તમને બીજો **સંબોધક** તમારી પાસે સદા રહેવા માટે આપશે" ૧૬, આમાં જે **સંબોધક** શબ્દ આવ્યો છે તે મુળ હેબરૂ ભાષાના શબ્દ 'ફારકલીતા' નો તરજુમો છે, અને ફારકલીતનો અરબીમાં તરજુમો **અહંમદ** થાય છે જે હઝરતે મોહંમદ (સ૦)નું બીજું પ્રસિધ્ધ નામ છે. જે સંબોધકનો ઇસુખ્રીસ્ત વાયદો કરે છે તે સંબોધક હઝરતે મોહંમદ (સ૦) છે. કારણ કે હઝરતે મોહંમદ (સ૦) સદા રહેનાર દુન્યાના અંત સુધી ચાલનાર ધર્મ લાવ્યા છે, તેઓએ જે આત્મા ફુંકયો છે તે સત્યનો આત્મા સર્વદા રહેનાર છે, ખ્રીસ્તીયો **સંબોધકનો** ભાવાર્થ હઠ ધર્મીથી પવિત્ર આત્મા સમજે છે. પણ તેનો ભાવાર્થ પવિત્ર આત્મા હોઈ શકે નહીં

નીતિ સભ્યતા અને સદાચાર ઇત્યાદી સદગુણોનઃ આભુષણોથી શણગારાયલા રત્નાં.

તે **યોહાન** અધ્યાય ૧૬ માં ઇસુખ્રીસ્તે જે કાંઇ કહયું છે, તે ઉપરથી સ્પષ્ટ સિધ્ધ થાય છે. ઇસુખ્રીસ્ત તેમાં કહે છે કે "તો પણ હું તમને સાચું કહું છું, મારૂં જવું તમને ગુણકારી છે; કેમકે જો હું જાઉં નહીં, તો સંબોધક તમારી પાસે નહીં આવશે, પણ જો હું જાઉં, તો હું તેને તમારી પાસે મોકલી દઇશ" ૭ શું આ ઉપરથી એવું સિધ્ધ થતું નથી કે સંબોધક ઇસુખ્રીસ્તના જવા પછી આવનાર હતો? અને ઇસુખ્રીસ્તની હાજરીમાં તેનું આવવું અસંભવિત હતું? પણ જો સંબોધકનો અર્થ પવિત્ર આત્મા હોય તો પવિત્ર આત્મા તો ઇસુ ખ્રીસ્તની હાજરીમાં આવેલ હતો જેમકે **માર્ક** ના અધ્યાય ૧ માં લખાયું છે કે "અને તે દહાડાઓમાં એમ થયું કે, ઇસુ ગાલીલના નાઝારેથથી આવ્યો, ને યરદનમાં યોહાનથી બાપ્તિસ્મા પામ્યો, ૯ ને તરત પાણી પાસેથી ઉપર આવતાં તેણે આકાશ ઉઘડેલું તથા પવિત્ર આત્માને ખબુતરની પેઠે પોતા પર ઉતરતો જોયો" ૧૦ તો જ્યારે ઇસુખ્રીસ્તની જીંદગીમાં પવિત્ર આત્મા ઉતરી ચુકેલો છે ત્યારે **સંબોધકનો** ભાવાર્થ પવિત્ર આત્મા કેવી રીતે હોઇ શકે? ઇસુખ્રીસ્તની હાજરી હોય તો ન આવી શકે પણ તેના ગયા પછી આવી શકે તેવો **સંબોધક** બીજું કોઇ નહીં પણ હઝરતે મોહંમદ (સ૦) છે. જુઓ **યોહાન** અધ્યાય ૧૬ માં શું કહે છે—"અને તે આવીને પાપ વિષે તથા ન્યાયી પણા વિષે તથા ન્યાય ઠરાવવા વિષે જગતને ખાતરી કરી આપશે." ૮ જો સંબોધકનો ભાવાર્થ પવિત્ર આત્મા હોય તે ખ્રીસ્તીયો બતાવશે કે તેણે ન્યાયીપણા

જ્યારે તેમને બીજા છોકરાંઓ રમવા માટે બોલાવતા ત્યારે તેઓ તેમાં કદી ભાગ ન લેતાં સાફ કહી દેતાં કે મને **રમત ગમત**

વિશે ક્યારે ખાતરી કરી આપી? **યોહાન** અધ્યાય ૧૬ માં ઇસુ કહે છે કે "હજી ઘણી વાતો મારે તમને કહેવાની છે, પણ હમણાં તે તમે ખમી શકતા નથી. ૧૨, તો પણ જે સત્યનો આત્મા, તે જ્યારે આવશે, ત્યારે તે તમને સર્વ સત્યમાં દોરી જશે, કેમકે તે પોતાથી નહીં બોલશે, પણ જે કાંઇ તે સાંભળશે તેજ તે બોલશે; ને જે જે થનાર છે તે તમને કહી દેખાડશે" ૧૩ આ વાણી ઉપરથી એમ સીધ્ધ થતું નથી કે તે કોઇ માત્ર આત્મા નહીં પણ બોલતો ચાલતો માણસ હોવો જોઇએ? ઇસુખ્રીસ્તે પોતાની વાણીનો અનર્થ ન કરવામાં આવે એટલા માટે સ્પષ્ટ કહયું છે" પણ જે કાંઈ તે સાંભળશે તેજ તે બોલશે." આવો માણસ ઇસુ ખ્રીસ્ત પછી હ૦ મોહંમદ (સ૦) વિના બીજો કોઇ થયો નથી, હઝરતે મોહમદ (સ૦) જે કાંઈ ખુદા તરફથી (વહ્ય રૂપે) સાંભળતા હતા તેજ બોલતા હતા (ખુદાએ કુરાનમાં હ૦ મોહમદ (સ૦) ના સંબંધમાં કહયું છે કે " તે પોતાની ઇચ્છાથી કાંઇ બોલતો નથી. પણ જેની તેને વહ્ય એટલે પ્રેરણા કરવામાં આવે છે તેજ બોલે છે) ખ્રીસ્તીયો હજુ તેનો ભાવાર્થ જો પવિત્ર આત્મા કરે તો તેઓ બતાવે કે તે ક્યારે અને ક્યાં ઊતર્યો? જો એમ કહે કે તે ઈસુના શિષ્યો ઉપર ઉતર્યો એટલે શિષ્યોનું બોલવું તે પવિત્ર આત્માનું બોલવું હતું તો ઈસુખ્રીસ્તે તેમને એમ કેમ કહયું કે" અને જ્યારેએ થાય ત્યારે તમે વિશ્વાસ કરો માટે તે થયા અગાઉ મેં હમણાંથી તમને કહયું છે." (યોહાન અધ્યાય ૧૪—૨૯) શું એ ઉપરથી એમ સિધ્ધ થતું નથી

માટે પૈદા કરવામાં આવ્યો નથી.” તેઓ સત્યતા અને અમા-

કે તે શિષ્યો વિના બીજી અલગ વસ્તુ હતી? વળી આગળ ચાલતાં ઈસુ ખ્રીસ્ત (યોહાન અધ્યાય ૧૬-૩૦ માં) કહે છે “હવેથી તમારી જોડે હું ઘણી વાતો નહીં કરીશ; કેમકે આ જગતનો અધીકારી આવે છે, ને મારામાં તેનું કાંઇ નથી;” ઇસુખ્રીસ્ત હઝરતને જગતનો અધીકારી કહે છે. ખરેખર તેઓ અધીકારીજ હતા. આવી રીતે બાઈબલના જુના કરાર અને નવા કરારની પોથીયોમાં તે હ૦ ના પ્રગટ થવા વિશે અનેક ભવિષય વાણીયો છે. જુના કરારના પુનર્નિયમ અધયાય ૩૩-૨ માં કહેલી ભવિષ્ય વાણી નોંધી અમે હવે અટકીશું તેમાં કહ્યું છે કે “અને તેણે કહ્યું **યહોવાહ સિનાયથી** આવ્યો ને **સઈર** થી તેઓ પર ઉગ્યો, **પારાન** પહાડથી તે પ્રકાશ્યો ને **દસ હજાર** પવિત્રો સાથે તે આવ્યો તેના જમણા હાથે તેઓને સારૂં અગ્નિ મય નિયમ હતો.” **પારાન** પહાડ તે મકકાના પહાડોનું નામ છે હ૦ મોહમ્મદ સલ૦ મક્કાના **પારાન** પહડામાંથી પ્રગટ થયાં છે. જયારે તેઓએ મદીના ઉપરથી મકકે ચઢાઇ કરી મકકા જીત્યું હતું ત્યારે **દસ હજાર** તેમને માનનારા પવિત્ર જનો તેમની સાથે હતા, આ એક ઈતિહાસીક બીના છે અને તેનો ઈનકાર કોઇ કરી શકતું નથી. ઇસુ ખ્રીસ્તને તેમની જીંદગીમાં એટલાં માનનારા પ્રાપ્ત થયાં ન હતા એટલે તે ભવિષ્ય વાણી તેમના સંબંધમાં હોઇ શકતી નથી, આ ભવિષ્ય વાણી મુસાના માટે અને હઝરત મોહમ્મદ સ૦ ના માટે છે કારણ કે હઝરતે મુસા સીનાઈથી અને હઝરત મોહમ્મદ પારાનથી પ્રગટ થયા હતા અને તેઓ બન્ને એકજ રીતની શરીઅત લાવનારા હતા આવી રીતે અનેક ભવિષ્ય વાણીયો છે પણ લંબાણના ભયથી અગે લખી શકતા નથી-

નતમાં એટલાં પ્રસિદ્ધ હતાં કે તેઓ **મોહમ્મદ અમીન**ના નામે ઓળખાતાં હતાં. કાફેરો અને મુશરીકોએ × તે હઝરત માટે જે જે નિન્દાત્મિક કવિતાઓ લખી છે તેમાં પણ તે હઝરત માટે **'અમીન*'** અને **"મામુન"** + શબ્દો વાપર્યા છે. લોકો સંકટ વખતે તેમની સલાહ લેવા માટે આવતા, અને પોતાની અમુલ્ય અમાનતો તેમની પાસે **અમાનત** (થાપણ) તરીકે મુકી જતાં અને જયારે ચાહતા ત્યારે પાછી લઇ જતાં.

હઝરતની આ **અમાનત**નું પરિણામ એ આવ્યું કે તેઓની **અમાનત** અને **સત્યતા**ના સમાચાર ધિમે ધિમે મક્કાની રહેવાશી **જનાબે ખોદયજા** નામની એક બાઇને પહોંચયા. તેણીએ તે હઝરતને પોતાના વ્યાપારના માલના રક્ષક ઠરાવ્યા. હઝરત તે બાઇનો માલ લઇને **શામ** તરફ રવાના થયા. જયારે બસરા શહેરમાં પહોંચ્યા ત્યારે વળી **સનુરા** રાહીબ (પાદરી) કે જે **બહીર** રાહિબની બાદ ગાદીએ બેઠો હતો તેણે તે હઝરતને ઓળખ્યા અને તેમની પૈગમ્બરીની શાક્ષી આપી ઇમાન લાવ્યો. જયારે તે હઝરત વ્યાપારના માલ વેચી ઘણુ

× જે માણસ અનેક દેવોને માને છે અને બીજાઓને દેવના જોડીયા ગણે છે તેઓ મુશરીક કહેવાય છે.

* બીજાની મીલકતને પ્રમાણીકપણાની સાદે સંભાળનાર.

+ સંભાળથી રખાએલ.

નફા સાથે મક્કા તરફ પાછા ફર્યા ત્યારે જનાબે ખુદયજા આપની અમાનત સત્યતા અને પ્રમાણિકપણું જોઇ ઘણા આશ્ચર્ય પામ્યા, અને તે હઝરતને પોતાનો હસ્ત અર્પણ કર્યો. હઝરતે તેઓનો હસ્ત સ્વીકાર્યો. આ પ્રમાણે લગ્ન થયાં તેવારે હઝરતની વય ૨૫ વર્ષની અને જનાબે ખોદયજાની વય ૪૦ વર્ષની હતી. ૫૦ વરસ સુધી કે જે ખાસ જુવાનીની વય હતી તે દરમીયાનમાં હઝરતે બીજી એક સ્ત્રી કીધી ન હતી જો કે તેમની કોમમાં એક કરતાં વધુ સ્ત્રીયો‡ કરવાની રૂઢી સામાન્ય રીતે ચાલુ હતી.

---

‡ હઝરતે, જનાબે ખોદયજાની વફાત (મરણ) બાદ જે વધુ સ્ત્રીયો કરી હતી તેનું મુળ કારણ ઇસ્લામના અહકામ (હુકમો) નો સ્ત્રીયોમા પ્રસાર કરવાનું અને એક બીજા સાથે સગપણ-હેતભાવ વધારવાનું હતું. ઉપરાંત તે આગળના હઝરતે દાઉદ, હઝરતે સુલયમાન અ૦ જેવા પયગમ્બરોનો તરીકો (રીત) હતો. પણ ખ્રીસ્તીયો હઝરત પ્રત્યેની દ્વેષબુધ્ધીથી આ બાબતમાં હઝરતનો દોષ કાઢે છે, અને એક કરતાં વધુ સ્ત્રીઓ કરવાના રીવાજને વખોડી નાંખે છે પણ તેઓની મોહટી ભુલ છે. બાઈબલ (સહીફએ હિઝ્કીલ) માં ખુદાએ રૂપાન્તર આપવા માટે 'અહુલા' અને "અહુલિયા"

પૈગમ્બરીનો આરંભ.

જ્યારે તે હઝરતની વય સંપુર્ણ ચાલીસ વર્ષની થઇ ત્યારે આપ પૈગમ્બર તરીકે પ્રગટ થયાં તે અગાઉ આપના વૃતાંતમાં વર્ણવવા જોગ એટલુંજ છે કે તેઓએ પોતાની જીંદગી અત્યંત પવિત્રતા, પરહેઝગારી, પાકીઝગી નેક નામી, ઉંચામાં ઉંચા વિવેક, સભ્યતા, નમ્રતા, સહનશિલતા, નીતિ અને અમાનતદારીથી ગાળી હતી, તેઓના સદગુણો અને વિવેક એવા પ્રકાશિત હતા કે અરબસ્તાનના સર્વે લોકો તેઓને "અમિન" અને "સાદિક" (સાચા) કહેતાં હતા.

સાથે નિકાહ કરવાનું જાહેર કર્યું છે તો જો એ રીવાજ વખોડવા પાત્ર હોત તો ખુદા શા માટે એવી વખોડવા લાયક રીતે રૂપાન્તર આપત? અને હઝરતે દાઉદ અ૦ ઇત્યાદી આગળના પયગમ્બરો કે જેઓને ખ્રીસ્તીયો સાચા પયગમ્બર માને છે તેઓ પણ કેમ એવી વખોડવા લાયક રૂઢી પ્રમાણે એક કરતાં વધુ સ્રીયો કરત? તો તેઓનાજ ઇમાનની આ ઉપલી બાબતોથી સીધ્ધ થાય છે કે એક કરતાં વધારે સ્રીયો કરવાની રૂઢીમાં કાંઇ પણ વખોડવા લાયક નથી.

મીસીઝ એની બીસેન્ટે પોતાના ૧૯૦૩ ના જુનાગઢમાં આપેલા ઇસલામ ઉપરના લેક્ચરમાં કહયું છે કે "યુરોપખંડમાં એમ જાહેર

તેઓનો શારિરિક બાંધો, તેઓની આત્મિક ખુબીયો, તેઓના ચ્હેરાની લાવણ્યતા અને સૌંદર્યતા આખું અરબસ્તાન તો શું આખી દુન્યાના સર્વ લોકો કરતાં શ્રેષ્ટ હતી પેગમ્બર તરીકે પ્રગટ થવા અગાઉ તેઓનો નિયમ દરરોજ "હરૈ" નામની ગુફામાં જઇ બેસવાનો, કુદરતની અજાયબ કારીગીરીયો ઉપર ઘણોજ ઉંડો વિચાર કરી કિરતારનું સ્મરણ કરવામાં ગુથાએલાં રહેવાનો હતો જે વિશે યુરોપના પ્રખ્યાત વિદવાન **થોમ્સ કારલાઇલ સાહેબ** લખે છે કે "એ માણસ કે જે જંગલી દેશમાં જન્મ પામ્યો હતો, પોતાના અંતરની આંખો, ખીલેલાં મગજ, સદગુણ અને ઉંડો વિચાર કરનારા

કરવામાં આવ્યું છે કે ઇસ્લામ-ધર્મ એક કરતાં વધુ સ્રીયો કરવાની રજા-છુટ આપે છે અને સ્રીયોના માન ભંગ તરફ દોરે છે. જ્યારે મોહમ્મદ (સલ્લ૦)એ ઉપદેશ કરવાનો આરંભ કર્યો ત્યારે અરબસ્થાન વ્યભિચાર-ઝીના અને ઇન્દ્રિય વિષયનાં ડુબેલું હતું; ચારે તરફ લુચ્ચાઇ અને ઠોંગાઇનો પ્રચાર થઇ રહયો હતો અને સ્રીઓ કરવાની કોઇ હદ બાકી હતી નહીં. તેથી મહાન પયગંમ્બરે અમુક હદ રહે તેટલા માટે સ્રીયો કરવાની હદ બાંધી અને દરેક પુરૂષ ચાર સ્રીયો કરી શકે તેવી પરવાનગી આપી, અને હજુ પણ વધારે સખત હદ બાંધવા તે સાથે એવું ફરમાન આપ્યું કે "ત્યારેજ બીજી સ્રી પરણે કે જ્યારે તેની સાથે પહેલીની જેમ પ્રીતિ અને હેતભાવથી વર્તી શકે" વળી થોડુંક આગળ ચાલી કહે છે કે "હું વારંવાર વિચારું છું કે ખ્રીસ્તી ધર્મ કરતાં ઇસ્લામ ધર્મમાં સ્રીયોને વધારે **સ્વતંત્રતા** આપવામાં આવેલી છે. જે ધર્મ એકજ સ્રી કરવાનું શીખણ આપે છે. (ખ્રીસ્તી) તેના કરતાં

સ્વભાવ સાથે ઉંચ પદવી પ્રાપ્ત કરવાની લાલસા શીવાય કાંઇ જુદાજ વિચારો રાખતો હતો. તે એક શાંન્તીથી ભરપુર અસાધારણ શકિતયો વાળો આત્મા હતો, અને જે લોકો સત્યવાદી શીવાય બીજા કાંઇ બની શકતા નથી તે લોકો (પયગમ્બરો)માંથી હતો, તેને કુદરતે (ખુદાએ) સાચો અને સત્યવાદી પેદા કીધો હતો. જ્યારે બીજા લોકો ઠરાવેલી માન્યતાઓ (અકાયદ) અને દંતકથાઓ (રીવાયતો) ઉપર ચાલતા હતા અને તેજ ઉપર સંતોષ માનતા હતા ત્યારે આ માણસ એવી માન્યતાઓ અને દંતકથાઓના પરદામાં રહી શકતો નહતો. એ માણસની વાણી એક એવો અવાજ છે કે જે

ઇસ્લામ સ્ત્રીયોનું વધારે રક્ષણ કરે છે. પવિત્ર કુરઆને શરીફમાં સ્ત્રીયો વિશેનો કાનુન ઘણોજ ન્યાય અને ઉદારતા ભર્યો છે. હજુ માત્ર વીસજ વર્ષ થયાં કે ખ્રીસ્તી ધર્મ પાળનાર ઇંગ્લંડે સ્ત્રીયોનો મીલકત પ્રત્યે હક કબુલ રાખ્યો છે, જ્યારે ઇસ્લામી ધર્મ સર્વ કાળમાં સ્ત્રીયોને એ હક આપતો આવ્યો છે. (સ્ત્રીયો માટે) કુરઆને શરીફમાં કહેલું છે કે **તમે તમારી સ્ત્રીયો પ્રત્યે માયાળુ અને ન્યાયી બનો. જો તમારી વચ્ચે કદી કંકાશ થાય તો છેડા છુટકો કર્યા પહેલાં સલાહ સંપ શોધો** ” અને છેડા છુટકાની મુદ્દત લાંબી રાખવાનું એજ મહત્વતા ભર્યું કારણ છે કે તેટલી મુદ્દતમાં કાંઈ કરતાં તે બન્ને જણાં સમજી અરસ પરસ સલાહ કરી સંપથી રહેવા લાગે. ઇસ્લામીયોનો પ્રાચીન ઐતિહાસ જોશો તો જણાશે કે સ્ત્રીયોએ ગાદીએ બેસવામાં, રણસંગ્રામમાં, રાજ્ય

કોઇ પણ વસ્તુની મારફત વિના ઇલાહી—કુદરતના હૃદયમાંથી નીકળે છે જેને મનુષ્યો સાંભળે છે અને તે સાંભળવામાં બીજી ચીજો સાંભળવા કરતાં વધારે લક્ષ આપવું જોઇએ. કેમકે તેના મુકાબલામાં બીજી જે કાંઇ ચીજ છે તે કાંઇ (હીસાબમાં) નથી. શરૂઆતમાં હજના ટાંકણા સમે અને દરરોજના આમ તેમ હરવા ફરવાથી તેના (મોહમ્મદ સ૦ના) મનમાં પ્રકાર પ્રકારના અનેક વિચારો ઉતપન્ન થતા હતા જેમકે હું શું છું ! આ વસ્તુ કે જેને લોકો દુનીઆ કહે છે અને જેમાં હું પડે રહું છું તે શું છે? જીંદગી શું છે ! મરણ શું છે ! મ્હારે કઇ વાતની ખાત્રી કરવી જોઇએ ! આવા પ્રશ્નોના "હુરૈ" પર્વતે, કોહે સીનાના મોહટા મોહટા પથ્થરોના

ખટપટમાં, ભાષા રહસ્યમાં તથા કાવ્ય રચનામાં અગ્ર ભાગ લીધો છે."

ઉપરાંત "જોન મિલ્ટન" કે જેઓ એક કરતાં વધુ સ્ત્રીયો કરવાની રૂઢીના પ્રખ્યાત હામી છે તેઓએ, અને મી. ટોમ્સ કારલાઇલ ઇત્યાદીયોએ આ વિશે ઘણુંજ પ્રશંશાપાત્ર લખેલું છે જે લંબાણ થવાના ભયથી અત્રે લખતા નથી બીજું સૃષ્ટી નિયંતાની ઇચ્છા સૃષ્ટી વધારવાની છે કાંઇ સૃષ્ટી ઓછી કરવાની નથી. એક માણસ એક સ્ત્રીથી નવ માસમાં એકજ બાળક પામી શકશે પણ જો તેને ચાર સ્ત્રીઓ હોય તો તે એક વર્ષમાં ચાર બાળક પામી શકશે. અને તેથી સૃષ્ટીની વૃદ્ધીનો નિયમ સારી પેઠે જાળવી શકાશે. ઇસ્લામને આરંભમાં પોતાના અનુયાયીઓ વધારવાની ખાસ જરૂર હતી.

ડુંગરાઓએ અને ભયાનક કાળા બયાબાનોએ (રણોએ) કાંઇ ઉત્તર આપ્યો નહીં. ઝગઝગતા પ્રકાશીત તારાઓ સહિત માથા ઉપર શાંન્તપણે ચક્કર ચક્કર ફરનારા આકાશે પણ કાંઇ બતાવ્યું નહીં પણ જો કાંઇ બતાવ્યું તો તે માત્ર તેના આત્માએ અને ખુદાના ઇલ્હામેજ. તે હર્રા નામની ગુફામાં તેઓ ઉપર પ્રથમ સુરએ અલકની પાંચ આયતો જીબ્રઇલ† માર્ફતે ઉતરી જેના અર્થ એ છે કે " હે ! પયગમ્બર ! તુ કુરઆને શરીફને એ અલ્લાહના નામથી પઢ કે જેણે સૃષ્ટી સરજી, તેણે માણસને લોહીના લોચાથી પેદા કર્યો, પઢ અને ત્હારો (રબ પેદા કરનાર) એવો મોહટો બક્ષીસ વાળો છે કે જેણે માણસને લેખણનો ઉપયોગ શીખવાડયો અને માણસને એવી વાતો શીખવાડી કે જેને તે જાણતો નહતો. આહા ! કેવી ચમત્કારીક વાણી ? કે તેનો અસર થોડાજ વખતમાં આખા આલમ મહીં પ્રસરી ગયો ! જે વાણી વિશે અંગ્રેજ પ્રોફેસર લખે છે કે " રૂમના ખ્રીસ્તીયો જે ગુમરાહી (અધર્મપણા) ની ખાઇમાં પેડયા હતા તેમાંથી હર્રાના પર્વત ઉપરથી જે અવાજ આવ્યો તે શીવાય બીજી કોઇ વસ્તુ તેઓને તેમાંથી બહાર કાઢી શકતી નહતી."

---

† આ એક ખુદાનો માનવંતો ફિરિશ્તો છે જેનું કામ પયગમ્બરો પાસે વહી ઉર્ફે પ્રેરણા લાવવાનું હતું.

આ પછી કુરઆને શરીફ ધીમે ધીમે ઉતરવું શરૂ થયું અને ત્રેવીસ (૨૩) વરસની મુદ્દતમાં તે પુર્ણ રીતે ઉતરી રહ્યું. છેલ્લી આયત તેમની વફાતના ૭૧ દીવસ પહેલાં ઉતરી હતી જેથી તેઓ સમજી ગયા હતા કે હવે મ્હારી વફાત પાસે આવી છે.

વાંચકો ! આ બાબત ઉપર જરા વધારે લક્ષ આપવાનું છે. તે હઝરતે કદી આખી ઉંમરમાં લેખણ હાથમાં પકડી નહતી. તેમજ તેઓએ કોઇ ચોપડી વાંચી ન હતી કેમકે તેઓને વાંચતા કે લખતાં આવડતું નહતું. ત્યારે લખતાં વાંચતાં શીખવા માટે નહીં ગએલ અભણ માણસના મોહમાંથી આવી કુરઆને શરીફ જેવી સુભાષિત અને અલંકારીક પ્રથમના અને પછીના જ્ઞાનો અને સર્વે વિદ્યાઓથી ભરપુર કીતાબ નીકળવી તેઓની પૈગમ્બરીની સત્યતા અને સાબિતી માટે ઝબરદસ્ત દલીલ નથી ?

હઝરતે પોતાની રિસાલત (પૈગમ્બરી) લોકોને પહોંચાડવી.

હવે તે હઝરતને એક નવાજ આલમ સાથે સંબંધ જોડવાનો સમય આવી પહોંચ્યો. પ્રથમ તેમને માણુસાઇના કારણથી સખ્ત ગભરાટ થયો અને તે ગભરાટમાં ને ગભરાટમાં તેઓ પોતાના બીબી જનાબે ખોદયજા (અ૦) ની પાસે ગયાં અને સર્વે હકીકત કહી કહયું કે " આ મ્હારી પૈગમ્બરી–પદવી મને મ્હારા પ્રાણુપર ભય સમાન થઇ પડી. " જનાબે ખોદયજાએ તેમને તેમના સદ્ગુણો યાદ દેવરાવી વિનંતી કીધી કે "ખુદાના સોગન પરવરદીગાર તમને કાંઇ નુકશાન પહોંચવા દેશે નહીં. તમે સીલેરહમ† બજાવી લાવો છો, બીચારાં રંક અને મુફલીસ લોકોને સ્હાય આપો છો. પરોણાની પરોણાગત અને સુકૃત્યો કરો છો, પછી આપને શી ફીકર છે ? " પછી જનાબે ખોદયજા તેમને પોતાના કાકા " વરકા બિન નૌફિલ " પાસે લઇ ગયાં, જે તવરાત અને ઇન્જીલ શાસ્ત્રોનું જ્ઞાન ધરાવવામાં પ્રવીણ હતો. તેણે હઝરતને ખુશ ખબરી આપી કહયું કે " હું આપને ખુશ ખબરી

---

† સગા વ્હાલાઓનો હક બુજવો.

આપુ છું કે આપજ છેલ્લા પયગંબર છો જેનું વર્ણન આપ અગાઉની આસમાની કિતાબોમાં મૌજુદ છે."

ત્યાર બાદ તે હઝરત ઉપર **સુરએ ફાતેહા** ઉતર્યો અને જીબરઇલે આપને **નમાઝ** પડવાની રીત શીખવાડી. ત્યારબાદ તેઓને "સુરએ મોઝમ્મિલ" માં રાત્રે જાગ્રત રહેવાનો અને અલ્લાહની બંદગી કરવાનો હુકમ થયો. અને "સુરએ મોદસ્સેર"માં રીસાલત પહોંચાડવાનો હુકમ થયો જેથી તેઓએ ધીમે ધીમે પોતાના સગા-વ્હાલાઓમાં રીસાલત પહોંચાડવી શરૂ કીધી. સર્વથી પહેલાં તેમના ઉપર "**જનાબે ખોદૈજા અને હઝરતે અલીયે મુરતઝા**" અને આપનો ગુલામ '**ઝયદ**' ઇમાન લાવ્યા. પછી તેઓએ **હઝરતે અબુબકરને** ઇસ્લામ તરફ બોલાવ્યા તો તેઓ પણ ઇમાન લાવ્યા. તે હઝરતની સત્યતાની મોહટી દલીલ એ છે કે આપ ઉપર સર્વથી પહેલાં એ લોકો ઇમાન લાવ્યાં કે જેઓ તેઓના ઘરના અને સગાવ્હાલા હતા. કેમકે ઘરના લોકો ઘરની હાલતોથી સારી પેઠે વાકિફ હતાં, જો કદાચ તે હઝરતમાં કાંઇ પણ બનાવટ અથવા (મઆઝલ્લાહ) જુઠ ઇત્યાદીનો કાંઇ પણ અંશ હોત તો તેઓ કદી ઇમાન ન લાવત અને તેઓ ઉપર પોતાના પ્રાણ કદી અર્પણ ન કરત.

જાહેર રીતે લોકોને ઉપદેશ કરવો.

ઉપદેશ કરવામાં પડેલાં સંકટો.

પ્રથમ તે હઝરત છુપી રીતે ઇસ્લામનો બોધ કરતા હતા. પણ જ્યારે તેઓ ઉપર એ આયત ઉતરી કે "ત્હારા ઉપર જે હુકમ થાય છે તે જાહેર રીતે સાફ સાફ વર્ણન કર" ત્યારે તેઓએ જાહેર રીતે ઇસ્લામનો બોધ કરવો શરૂ કર્યો અને અલ્લાહની તોહીદ-એકત્વતાની ખુબીયો ઘણી મજબુત દલીલોથી વર્ણવી શરૂ કીધી. આથી કુરેશના મોહટા મોહટા કબીલાઓ ઘણાંજ કોધાયમાન થઇ તે હઝરતના લોહીના તરસ્યા બન્યા અને તેઓને પ્રકાર પ્રકારના દુઃખ દેવા અને જીભ ઉપર જેમ આવ્યું તેમ ભાંડવા અને તેમને કવી, જાદુગર, જંતર મંતર જાણનાર, ઠગારો, જોશી, કાહેન ઇત્યાદી ઇલકાબો આપવા લાગ્યા જો કે તેજ કુરૈશીયો એકમતે અને એક છબે તે હઝરતને "અમિન" અને "સાદિક" કહ્યા કરતા હતા.

જ્યારે તેઓ ઉપર એ આયત નાઝીલ થઇ કે "**પોતાના કુરૈશી સગા વ્હાલાઓને ડરાવ**" ત્યારે તેઓ "**સફા**" નામના પર્વતના શીખરે ચઢયા અને પોતાના કુટુંબ અને કબીલાના સર્વે લોકોને નામ લઇ લઇને બોલાવ્યાં. જ્યારે સર્વે લોકો હાજર થયાં ત્યારે આપે ફરમાવ્યું કે "હે લોકો જો હું તમને એવા ખબર આપું કે આ પર્વતની પાછળથી એક તમારો શત્રુ તમારા ઉપર હુમલો કરનારો છે ત્યારે તમે તે વાતને માનશો ?" સર્વે જણાં બોલી ઉઠયાં કે "કેમ ન માનીયે ? જરૂર અમે તારી વાત નિસંશય માનીશું. કેમકે અમે અત્યાર સુધી ત્હારા મોંહથી કદી જુઠી વાત સાંભળી નથી." આવો ઉત્તર સાંભળી હઝરતે ઘણાંજ અસરકારક શબ્દોમાં કહ્યું "જો તમે એવી રીતે મારી વાતને ખાત્રીપુર્વક સાચી માનતા હોતો હું તમને એક ભયંકર અઝાબ (શિક્ષા) કે જે તમારી આગળ આવનાર છે તેથી ડરાવું છું, જો તમે **એકજ મહાન પરવરદિગાર** ઉપર ઇમાન (આસ્થા) લાવશો તો ભયંકર અઝાબથી બચી જશો અને નહીં તો તમે સર્વે જડમુળ નાબુદ અને હલાક થશો." આ વાત સાંભળતાંજ સઘળાં કુરૈશીયો ઉશ્કેરાઇ ગયાં અને હઝરતને ભુંડું બોલવા અને તેમને (મઆઝઅલ્લાહ) જુઠાં કહેવા લાગ્યાં. હઝરતના સગા કાકા **અબુ લહબે** કહ્યું કે "તે દીવાનો ઢોંગી અને અમથો બકે છે" અને તે સાથે તેણે એક પત્થર ઉપાડીને હઝરતને માર્યો. આ વખતે હઝરતે અલી ૪૦ શીવાય

બીજું કોઇ તેઓ ઉપર ઇમાન લાવ્યું નહીં. તેજ દીવસથી તે અબુલહબ હઝરતનો કટ્ટો શત્રુ બન્યો, તેની વહુ દરરોજ જંગલમાં કાંટા વિણવા જતી, અને ત્યાંથી કાંટા લાવી હઝરતના ચાલવાના રસ્તામાં વેરી દેતી, હઝરત જરાએ ગુસ્સો કર્યા વિના રસ્તામાં વેરેલા કાંટા ઉપાડી લઇ કોરાણે નાંખી રસ્તો સાફ કરતા હતા અને તેણીને કાંઇ કહેતાં ન હતાં. **હીજરત**§ સુધી તે હઝરત ઉપર જે જે મુસીબતો સંકટો અને વિટંબણાઓ પડી છે તે આ લઘુ પુસ્તકમાં લખવાથી ઘણીજ લંબાણ થવાનો ભય રહે છે માટે એટલુંજ લખી સંતોષ માનીયે છીએ કે હઝરત જ્યારે ઘરની બહાર નીકળતા ત્યારે કાફેરો રસ્તામાં કાંટા વેરતા, ઇંટાળા અને પથ્થર મારતા; એક વખત કાફેરોએ તે હઝરતના ગળામાં ફાંસો દીધો હતો; એક વખત આપ સીજદામાં હતા તે વારે તેઓ ઉપર સાંઢણીની ઓર નાંખી હતી. અર્થાત—અનહદ અસહ્ય દુઃખો આપવા કાફેરો તે હઝરતની પાછળ લાગ્યાજ રહેતા. જ્યારે તેઓ નમાઝ પડતા અથવા ખાણું ખાવા માટે ભાણા ઉપર બેસતાં ત્યારે આડોશી પાડોશી તેઓ ઉપર કચરો, કસ્તર અને એઠવાડો ઇત્યાદી ગલીચી નાંખતા. જ્યારે આપ બહાર નીકળતાં ત્યારે ઇંટાળા અને પત્થરોના પ્રહારથી જખમી અને લોહીલુહાણ થઇ જતાં. પણ આપ

§ મક્કાથી મદીને ચાલ્યા જવાને હીજરત કહે છે

ધીરજ ધરતા અને સબર કરતા, તેઓને ન્યાતી બહાર અને કુટુંબ બહાર મુકવામાં આવ્યા હતા, લગ્ન ક્રીયા, મરણ ક્રીયા ઇત્યાદી કોઇ પણ ટાણામાં તેઓ ભાગ લઇ ન શકતા. ટુંકમાં કહેતાં તેઓને એટલાં સતાવ્યાં કે તેઓએ લાચાર થઇ કહયું કે **"મ્હારા જેવાં સંકટો બીજા કોઇ પયગમ્બર ઉપર પડયાં નથી."**

તેઓ. હઝરતનેજ દુઃખ આપી બેશી રહેતાં નહીં પણ આપ ઉપર ઇમાન લાવેલાં અસ્હાબો (સાથી) નો પણ એવોજ હાલ કરતાં, તેઓએ માંહોમાંહે એવો સંપ બાંધ્યો હતો કે જેમ બની શકે તેમ ત હઝરતને અને તેઓના અસ્હાબોને દુઃખ આપવામાં અને ઇજા પહોંચાડવામાં કાંઇ કચાશ રાખવી નહીં. અને તેઓને એટલું દુ;ખ અને એટલી ઇજા આપવી કે સહન કરી ન શકવાના કારણથી ઇસ્લામ ધર્મ મુકી દે, જેમકે તેવા બીચારા મુસલમાનો કે જેઓનો કોઇ મદદગાર નહતો તેઓને મુસ્કેટાટ બાંધતા અને ઉપરથી સખ્ત માર મારી મધ્યાન્હના સખતમાં સખત તડકામાં (તડકોએ કયો ? અરબસ્તાનનો સખતમાં સખત તડકો) ગરમ લાલ બળતી રેતી ઉપર ભુખ્યા અને તરસ્યા કદી ઉંધા અને કદી ચીતા સુવાડતા, તેઓની છાતીયો ઉપર મોહટા મોહટા ભારે પત્થર મુકી દેતા, જેથી તે બાપડાં મુસલમાનોની જીભો મોંહ બહાર નીકળી લબડી પડતી; તેઓ બીચારા અક્ષરે બોલી ન શકતા. હઝરતે

અંમ્માર હઝરતે **યાસીર** હઝરતે **બીલાલ આમિર બિન ફહીરા** ઇત્યાદી અસ્હાબોના એવા દયાજનક હાલ થતા હતા કે જેનો તર્ક માત્ર બાંધવાથી શરીરના રૂંવાટા ઉભા થાય છે અને કંપારી વછુટે છે. તેઓમાંના કેટલાક તો એવીજ સખ્તીયોથી શહીદ થઇ ગયાં. (જીવથી ગયાં) સ્ત્રીઓમાંથી જનાએ અમ્મારની માતા હઝરતે **સોમીયાને** અબુજેહલ મલઉને જે ક્રુરતાથી મારેલાં છે તેનું વર્ણન લખવાથી શરીર અને લેખણ ધ્રુજે છે. તે દુર્ભાગી જુલ્મીએ તે પતીવ્રત અને પવિત્ર બાઇના શીયળ ઉપર ભરસી મારી ચીરી નાંખી મારી નાંખી. એવીજ રીતે લોબીના, ઝનીરા, હીંદીયા અને ઉમ્મેઉસના મુસીબતોની પણ કાંઇ સીમા નથી. આ બીચારી ચારે શીયળવંત સ્ત્રીયો પરાણે વશ પડી હતી. તેણીયોના માલીકો એવા કઠોર હૃદયના હતા કે તેણીયો મુર્તી પુજા મુકી એકજ **ખુદાએ વહદહુ લાશરીક**§ ઉપર ઇમાન લાવી એટલીજ વાત માટે અસહ્ય દુઃખો દેતાં હતાં. જેમકે ઝનીરાને અબુજેહલે એટલું દુઃખ આપ્યું કે તે આંધળી થઇ ગઇ. અર્થાત સઘળાં મુસલમાન પુરૂષો અને સ્ત્રીયોની એવી દયા જનક સ્થીતી થઇ રહી હતી કે જેનો માત્ર તર્ક કરવાથી હોશ ઉડી જાય છે. પણ **અલહમ્દો લિલ્લાહ** ઇસ્લામી સત્ય ધર્મ પ્રત્યે શું તેઓની આસ્થા અને શ્રધા હતી ? !

---

§ વહદહુલાશરીક—એવો એક તેના જેવો બીજો કોઇ તેનો જોડીયો નથી.

આટલી આટલી મુસીબતો અને વિટંબણાઓ પડવા છતાં તેઓ પોતાના ઇમાનથી જરાએ ડગ્યાં નહીં, બલકે ઇસ્લામ માટે પોતાનો જીવ આપવા પણ નજીવો સમજ્યા ! કાફેરો તેઓને લાલચો આપી કહેતાં કે જો ઇસ્લામ ધર્મ છોડી દયો તો અમે તમને આટલુ આટલું દ્રવ્ય, સોનું અને ચાંદી આપી શ્રીમંત અને સુખી બનાવીયે, પણ તે લોકો તેવી લાલચોની જાળમાં કદી ન ફસાતાં પોતાના સત્ય ધર્મ ઇસ્લામ ઉપર દ્રઢ રહેતાં. એક વખત કેટલાંક કાફેરો હઝરતે મોહમ્મદ (સ૦) ની પવિત્ર શેવામાં હાજર થઇ કહેવા લાગ્યા કે "જો તમે મુર્તીપુજાની નિંદા અને બુરાઇ ન કરો તો તેના બદલામાં અમે તમને જો ચાહતા હો તો અમારા બાદશાહ બનાવીયે, જો કોઇ ખુબ સુરત રૂપવંત અને કુળવંત કુમારીકા સાથે પરણવા ચાહતા હોતો તેવી કુમારીકાઓ તમારી શેવામાં હાજર કરીયે, જો આપને કાંઇ બીમારી હોય તો તેનો ઉપાય કરાવીયે, દ્રવ્ય અને પૈસા ટકાની જરૂર હોય તો અમે ફાળો કરી આપને આપીએ" આ સાંભળી હઝરતે ઉત્તર આપ્યો કે " તમે કહી તેમાંની કોઇ પણ વસ્તુની મને અપેક્ષા કે ઇચ્છા નથી હું તો મહાન પાળણહાર કીરતારની તરફથી ખુશખબરી આપનારો અને ડરાવનારો છું. જો તમે મ્હારી વાત માનશો તો આ લોકમાં અને પરલોકમાં તમારા માટે ભલાઇ છે, અને જો નહીં માનોતો જ્યાં સુધી મારી અને તમારી વચ્ચે મહા

શકતીવાન પરવર દિગાર કાંઇ ચુકાદો કરશે નહીં ત્યાં સુધી ધીરજ ધરીશ અને સબર કરીશ.''

ઉપરના વર્ણનોથી સ્પષ્ટ રીત્યે જણાઇ આવે છે કે તે હઝરતે પોતાના સત્ય ધર્મનો પ્રચાર કરવાના મુકાબલામાં અસંખ્ય અને અસહ્ય સંકટો મુસીબતો અને વીટંબણાઓની કાંઇ દરકાર કે પરવા કીધી નહીં; કોઇ જાતના લોભ કે લાલચમાં ફસાયા નહીં. જો તેઓએ નબી અને પયગમ્બર હોવાનો દાવો માલ દૌલત કિંવા બાદશાહી પ્રાપ્ત કરવાના હેતુથી કિધો હોત તો કાફેરો તેઓને બાદશાહી આપવા તઇયાર હતા. શા માટે તેઓએ બાદશાહી કબુલ રાખી નહીં ? જો રૂપવંત અને કુળવંત કુમારીકાઓ સાથે પરણવાનો હેતુ હોત તો કાફેરો તેવી કુમારીકાઓ પરણાવવા પણ તઇયાર હતા. શા માટે પરણ્યા નહીં ? પણ જ્યારે તેઓએ તેવી બાબતની લગારે પરવા કીધી નહી તે ઉપરથી સ્પષ્ટ જણાય છે કે પૈગમબરી તેમનો હેતુ સર્વે પ્રજાઓને સુધારી ખુદા પરસ્ત કરવાનો હતો અને એટલાજ માટે અલ્લાહ તઆલાએ તેઓને મોકલ્યાં હતા. ખરેખર તેઓ **સાચા, અમીન** ખરા **રીફોરમર** અને અલ્લાહના માનવંતા પૈગમ્બર હતા જેઓએ **તવહીદ** નો પ્રથમ અરબસ્તાનમાં અને આખા આલમમાં ડંકો વગાડયો. જે લોકો તેઓના એક કરતાં વધુ બીબીયો કરવાના કૃત્યને

કામ વાસના કહે છે તેઓ આ બાબતુ ઉપર ન્યાય પુર્વક વિચાર કરશે અને પોતાની બુદ્ધી બળે સમજી શકશે, કે જો આ મહાન પયગમબર કામી હોત તો રૂપવંત અને કુળવંત અર્પણ કરવામાં આવતી કુમારીકાઓ સાથે કેમ પરણુત નહીં ? અને ૨૫ વરસની વયથી કે ૫૦ વરસની વય સુધી (જે ખાસ યુવાનીની વય છે અને એજ માણસનું ખરૂં જોબન છે તે ઉમરમાં) પોતા કરતાં પંદર વર્ષ વધારે મોહડી ઉમરની સ્ત્રી સાથે પરણી રહેવામાં કેમ સંતોષ માનત ? જો તેમને દુન્યાનો કોઇ પણ જાતનો લોભ હોત તો તેઓ કેમ અર્પણ કરવામાં આવતી સરદારી અને બાદશાહી ન સ્વીકારત ?

ખરેખર તેઓ સત્ય ઉપર હતા અને સત્યનો પ્રસાર કરવાં માટેજ મોકલવામાં આવ્યા હતા. આ દુન્યાની લાલચોથી તેઓનું મોંહ ફેરવવું અને અલ્લાહની તવહીદનો બોધ આપતાં લાખો મુસીબતા અને વીટંબણાઓનું વેઠવું સિદ્ધ કરી આપે છે કે તેઓ મહાન સત્ય પૈગમબર હતા.

હબશા તરફ હિજરત.

જ્યારે તે હઝરત અને તેમના અસ્હાબો ઉપર આવી આવી ઘાતકી અને ક્રુર મુસીબતો અને વીટંબણાઓ પડવા લાગી ત્યારે તે દયાવંત પૈગમબર પોતાના અસ્હાબોને એવા દુખમાં જોઇ શકયા નહીં. તરતજ તેઓએ પોતાના અસ્હાબોને હુકમ આપ્યો કે તમારામાંનો દરેક માણસ જ્યાં તેનો જીવ ચાહે ત્યાં મક્કાની ભુમી છોડી ચાલ્યો જાય, તે વિશે મ્હારી સદર પરવાનગી છે. મ્હારૂં જે થવાનું હશે તે થશે. જેમકે બઅસત§ની ૫ મી સાલમાં ઘણા લોકો મકકા છોડી દઇ હબશા દેશ તરફ હીજરત કરી ગયા. ત્યાંના **નજ્જાશી** બાદશાહે તેમને પોતાના રાજ્યમાં આશ્રૈય આપ્યો. કુરેશીયો આ બાબત જોઇ બળી ગયાં. તેઓએ પોતાના માણુસોને એલચી તરીકે ઘણી ભેટો અને સોગાતો સહીત ત્યાંથી મુસલમાનોને હાંકી કઢાવવાના હેતુથી નજ્જાશીના દરબારમાં મોકલ્યા. નજ્જાશીએ તેમની ભેટો અને સોગાતો ન સ્વીકારતા તેમને પાછા હાંકી કાઢયા અને મુસલમાનો તેના રાજ્યમાં સુખ શાન્તીથી રહેવા લાગ્યાં. નજ્જાશીએ **જનાબે જઅફરે તૈયારને** કહ્યું કે "મને તમારા પયગમ્બર ઉપર નાઝીલ થએલું કુરઆને શરીફ સંભળાવો." આ ઉપરથી તે જનાબે **સુરએ મરયમ**ની શરૂઆતની

§ એટલે પ્રગટ થવું.

આયતો ભણી સંભળાવી. આ આયતો સાંભળતાંજ નજ્જાશીના મન ઉપર એટલો અસર થયો કે તેનું હૃદય હલી ગયું અને ચોધાર આંસુએ રડવા લાગ્યો. તરતજ તેના મનમાં સત્યતાનો પ્રકાશ ચમક્યો અને તે હઝરતે રસુલે ખુદા સ૦ ની પયગમ્બરી ઉપર ઇમાન લાવ્યો અને તે સાથે તે બોલ્યો કે "અગર રાજ્ય કારભાર મ્હારી પાછળ વળગેલો ન હોત તો હું તે હઝરતના ગુલામો અને ચાકરોનાં ટીપણમાં મ્હારૂં નામ નોંધાવત, તેઓને વઝુ કરાવત અર્થાત તેઓની સઘળી સેવા બજાવ્યા કરત." ત્યાર બાદ હબશાનો "તાપુર" નામનો પાદરી અને તેના કેટલાક મીત્રો ધર્મ વિશે કેટલોક વાદવિવાદ કરી મુસલમાન થઇ ગયાં.

બઅસતના છઠ્ઠા વરસે **હઝરત ઉમર ખત્તાબ** પોતાની બ્હેનને ત્યાં "**તા-હા**" નો સુરો સાંભળી મુસલમાન થયા, અને તેજ સાલમાં **હઝરતે હમઝા** પણ ઇમાન લાવ્યા. કાફેરો આવા નામદાર સરદારોને મુસલમાન થતાં જોઇ ગભરાટમાં પડી ગયાં. જ્યારે તેઓને કાંઇ ઉપાય મળ્યો નહીં ત્યારે કાયર થઇ **હઝરતે અબુતાલિબ**ની શેવામાં ગયા અને બોલ્યા "કાંતો તમે મોહમ્મદ (સ૦)ને અમારે હવાલે કરો અને કાંતો તમે તેને મુર્તીઓની નિંદા અને બુરાઇ કરવાની મનાઇ કરો." **હઝરતે અબુ તાલિબે કુરેશીઓનો** આ સંદેશો હઝરતે મોહમ્મદ (સ૦) ને પહોંચાડયો અને કહ્યું કે

"કુરેશીયો ત્હારી વીરૂદ્ધ એટલાં બધાં થઇ પડયાં છે કે હવે મ્હારામાં ત્હારી હીમાયત કરવાની શકિત નથી; તે વખતે આપે ગંભીર જોશથી જવાબ આપ્યો કે "**મને આપની હીમાયતની જરૂર નથી. હું જયાં સુધી મારો હેતુ પાર ન પાડું અથવા હું માર્યો ન જાઉં ત્યાં સુધી હું જે ઉપદેશ અને બોધ કરૂં છું તેનાથીમોંડું ફેરવનાર નથી.** જો મ્હારા જમણા હાથ ઉપર સુર્ય હોય અને ડાબા હાથ ઉપર ચંદ્ર હોય તોપણ હું **મ્હારા નિશ્ચયથી કદી પાછો હઠનાર નથી** જે વિશે.—

પ્રખ્યાત ફિલોસોફર—**મી૦ કારલાઇલ સાહેબ** લખે છે કે "—નિશંશય આપ (મોહમ્મદ સ૦) ચુપ રહી શકતા ન હતા કેમકે સુર્ય ચંદ્ર અને કુદરતની બીજી કારીગરાયોમાં જે સ્વભાવિક શકિત છે તે, આપ જે સત્ય બાબતનો બોધ આપતા હતા તેમાં મવજુદ હતી, મહા શકિતવાન પરવરદીગારની ઇચ્છા (મરજી) સીવાય, સુર્ય, ચંદ્ર અને સઘળાં કુરેશીયો, બલકે સઘળાં મનુષ્યો અને સૃષ્ટિ મહિંની સમગ્ર વસ્તુઓ આપને ચુપ કરી શકતી ન હતી. કેમકે તે વિના આ બીજું કાંઇ કરી શકતા નહતા.' અને એજ વિષે મી૦ **સ્મીથ** સાહેબ લખે છે કે "આ શબ્દો અને આવા ચલણ—વર્તણુંક પયગમ્બરીનો જુઠો દાવો કરનારા હોઇ શકતા નથી." **અલ્લાહો અકબર†** !!! કેવી દ્રઢતા આસ્થા અને ઇમાન ભર્યો જવાબ

† અલ્લાહ મહાન છે.

આપ્યો કે ખ્રીસ્તી વિદ્વાનો પણ એકદમ પુકારી ઉઠયા કે "સાચા માણુસ સીવાય આવો જવાબ બીજો કોઇ આપી શકતો નથી!" ઉપલો જવાબ સાંભળી હઝરતે અબુતાલિબે પોતાના ભત્રીજાનો આવો જોશ જોઇ ઘણી હીમ્મત આપી અને હીમાયત—મદદમાં તત્પર રહેવાનું વચન આપ્યું. ત્યાર પછી બઅસતના સાતમાં વર્ષે તે હઝરત પોતાના કુટુંબના લોકો સહીત કાફેરોના જુલમથી "**શેઅબે અબુતાલિબ**" નામની ગુફામાં સંતાઇ રહ્યા.

જ્યારે હઝરત અબુતાલિબ પયગમ્બર સહીત અને પોતાના **હાશમી** સગાવહાલાંઓ સહીત શેઅબે અબી તાલિબ નામની ગુફામાં ગયા ત્યારે કાફેરોએ એકઠાં થઇને એવા મતલબનું એક કરારનામું કર્યું કે "જ્યાં સુધી હ૦ મોહમ્મદ સ૦ માર્યા જાય નહી ત્યાં સુધી આપણે અબ્દુલ મુત્તલિબની વંશથી અળગાં અને જુદાં રહેવું, તેમની સાથે સગપણ કે નીકાહનો સબંધ બાંધવો નહીં, કોઇ પણ પ્રકારે એક બીજાની મદદ કરવી નહી. અર્થાત કોઇ પણ જાતનો વ્હેવાર રાખવો નહીં." અને આ કરારનામાને તેઓએ પવિત્ર કાબામાં લટકાવી દીધું. પછી કાફેરોએ તે ગાર—ગુફાની આસપાસ ઘેરો ઘાલ્યો, તે ગારના કોઇ પણ માણસને તેઓ બજારમાંથી કોઇ વસ્તુ વેચાતી લઇ જવા દેતા નહીં, અને જે બહાર નીકળતો તેને સખ્ત માર મારતા. આવા સંકટોથી ગારમાં રહેલાં મુસલમાનો તથા તેમના બાલ બચ્ચા ભુખે મરવા અને ત્રાહ

ત્રાહ પુકારવા લાગ્યા. પણ શું કરે ધીરજ ધર્યા વિના બીજો કાંઇ ઉપાય ન હતો. આવી મુશીબતો અને વીટંબણાઓ વેઠતાં વેઠતાં તે ગારમાં તેઓને ત્રણ વરસ વીતી ગયાં પણ ત્યાર પછી એટલે બઅસતના દશમા વરસે હઝરતે મોહમ્મદ (સ૦) મે પોતાના કાકા હઝરતે અબુ તાલિબને કહ્યું કે "કાફેરોએ આપણી વિરૂદ્ધ જે કરારનામું કર્યું છે તે ખુદાને જરાએ પસંદ નથીં. અને તેથી તેણે એક એવા કીડાને મોકલ્યો છે કે જે ખુદાના નામ શીવાય તે કરારનામાનો અક્ષરે અક્ષર ખાઇ ગયો છે." આ ઉપરથી હઝરતે અબુતાલિબે કાફેર કુરૈશીયો પાસે જઇ ઉપલી બાબતના ખબર આપી કહ્યું "જો એ બાબત જુઠી હશે તો હું મોહમ્મદ (સ૦)ને તમારે સ્વાધીન કરીશ અને જો સાચી હશે તો તમારે તમારૂં કરારનામું તોડી નાંખવું પડશે." કાફેર કુરૈશીયો તે શરત કબુલ કરી ખુશ થતા થતા તે કરારનામું તપાસવા માટે ગયાં. પણ શું પરવરની કુદરત! અને તેના પયગમ્બરનો ચમત્કાર! કે જે પ્રમાણે હઝરતે ખબર આપ્યા હતા તેજ પ્રમાણે તે કરારનામામાં અલ્લાહના નામ શીવાય બીજું કાંઇ હતું નહીં. આ બીના જોઇ કાફેરો ઘણો આશ્ચર્ય પામયા અને તેઓએ તે કરારનામું તોડી નાંખ્યું.

બઅસતની પાંચમી કીંવા આઠમી સાલમાં કેટલાંક કાફેરોએ હઝરતની શેવામાં હાજર થઇ વિનંતી કીધી કે "યા મોહંમદ સ૦!

અગર તું સાચું બોલે છે તો ચંદ્રના બે કટકા કરી નાંખ." હઝરતે ફરમાવ્યું "અગર હું ચંદ્રના બે કટકા કરૂં તો તમે ઇમાન લાવશો ?" કાફેરોએ કહયું " હા અમ ઇમાન લાવીશું." આ રાત્રીએ ચંદ્ર પુર્ણ હતો. હઝરતે તે બાબતનો પોતાના પરવરદિગાર પાસે સવાલ કર્યો. ખુદાએ ચંદ્રને હઝરતની આજ્ઞા આધીન કરી દીધો. હઝરતે તરતજ પોતાની આંગળીના ઇશારા વડે તેના બે કટકા કરી ફરમાવ્યું કે " હે ! ફલાણા ફલાણા તમે સાક્ષી રહો " કાફેરોએ કહયું "અમે અમારા કબીલાના માણસો જેઓ શામ અને યમનના પ્રદેશોમાં મુસાફરી ગયાં છે, તેઓને પણ પુછીશું જો તેઓએ ચંદ્રના બે કટકા જોયા હશે તો તમારૂં જાદુ છે." જ્યારે મુસાફરો આવ્યાં ત્યારે તેઓએ તેઓને પુછયું, તેઓએ કહ્યું "હા, અમે ફલાણી રાત્રે ચંદ્રના બે કટકા જોયા છે. કાફેરો આવો સ્પષ્ટ ચમત્કાર નજરો નજર જોવા છતાં ઇમાન લાવ્યાં નહીં અને તેને જાદુ ઠરાવ્યો, આ ચંદ્રના બે કટકા થવા કુરઆનથી સાબીત છે જેમકે સુરએ કમરમાં ખુદા ફરમાવે છે કે "કલાક (કયામત) નજીક આવી પહોંચ્યો અને ચંદ્ર ફાટી ગયો, અને જો તે કાફેરો કોઇ નીશાની (ચમત્કાર) જુવે છે તો એમ કહી તેથી મોંહ ફેરવે છે કે આ મજબુત અને સજ્જડ જાદુ છે." ઉપરાંત આ બાબત ઇબ્ને મસ્ઉદ અનસ બિન માલિક હોઝયફા બિન યમાના, " ઇબ્ને ઉમર " ઇબ્ને અબ્બાસ ઇત્યાદીની રીવાયતોથી સાબીત છે. કેટલાંક લોકો આ ચમત્કાર વિશે કહે છે કે જો તે

પયગમ્બરના વખતમાં થયો હોત તો બીજા દેશના લોકો પણ તેને જુવત પણ આ ટીકા વ્યર્થ છે કેમકે તે વખતે બીજા દેશોમાં ચંદ્રમા વાદળામાં ઢંકાએલો હોય એ સંભવિત છે; અથવા લોકો નિંદ્રાવશ હોય તેથી તેઓ જોઇ શક્યા ન હોય, ઉપરાંત કાંઇ લોકોને રાતના વખતે આકાશ સામે જોઇ રહેવાની ટેવ હોતી નથી કે તેમના જોવામાં આવે, ઘણી વખતે એમ બને છે કે કોઇ તારો ખરે છે તેને કેટલાંક માણસો જુવે છે અને કેટલાંક જોઇ શકતા નથી. વળી મક્કા એવી જગ્યાએ આવેલું છે કે જ્યારે ત્યાં રાત હોય છે ત્યારે બીજા કેટલાંક દેશોમાં દીવસ હોય છે અને તેથી પણ દુર દેશના લોકો એ ચમત્કાર જોઇ શક્યા ન હોય એ સંભવિત છે. યહુદી અને ખ્રીસ્તીયો એજ વાંધો લેછે, પણ તેઓની કીતાબોમાં એવા અનેક દાખલા ભર્યા છે જેમકે બાઇબલ સહીફએ યુશોઅના દસમાં બાબમાં લખ્યું છે કે "હઝરત યુશોએ બની ઇસિરાઇલની રૂબરૂ સુર્ય અને ચંદ્ર પાછા ફરવાની દોઆ માંગી, તો તેઓની દોઆ કબુલ થવાથી સુર્ય અને ચંદ્ર પાછા ફર્યા અને વાદીયે અયાલુન અને જીઉનની બરાબર સામે આકાશ વચ્ચો વચ્ચ આઠ પોહર સુધી ઉભા રહ્યા" અને લેવીસમાં બાઇબલના પુસ્તક અશઅયાના સહીફાના અઠ્ઠાવીસમાં બાબમાં છે કે "જ્યારે સુર્ય દસ દરજા અંદર ગયો હતો ત્યારે સુર્ય પાછો ફર્યો." જ્યારે સુર્ય આઠ પોહર સુધી આકાશ વચ્ચે ઉભો રહ્યો ત્યારે તો તે સર્વેને દેખાવો જોઇયે. પણ યહુદીયો અને ખ્રીસ્તીયો શીવાય

બીજું કોઇ તે બાબતના ખબર આપતું અને લખતું નથી અને હઝરતે કીધેલાં ચંદ્રના બે કટકા થોડીજ વાર રહ્યા હતા અને તરતજ તેને આંગળીના ઇશારાથી મેળવી દીધાં હતાં. તો સંભવિત છે કે એ ચમત્કારને બીજા દેશોના લોકો કદાચ જોઇ શકયા ન હોય. બઅસતની અગીયારમી સાલમાં તે હઝરતની બીબી જનાબે ખદીજા અને તેઓના કાકા હઝરતે અબુ તાલિબ વફાત પામ્યા. આ બન્નેની વફાત ઉપરથી તે હઝરત ઉપર જાણે દુઃખના પર્વતો તુટી પડયા અને તેથીજ તે હઝરત તે વરસનું નામ " આમુલ હઝન† " રાખ્યું. આવી મુસીબતોના દીવસોમાં હઝરતને વિચાર આવ્યો કે આ મકકાના લોકો માનતા નથી અને ઇમાન લાવતા નથી માટે બેહતર એ છે કે બીજી જગ્યાએ જઇને **ઇસ્લામ** ધર્મનો ઉપદેશ કરૂં. આવો વિચાર કરી તેઓ મકકાથી **તાયફ**માં આવ્યા. પણ ત્યાંના લોકોએ હઝરત ઉપર પત્થરોનો વરસાદ વરસાવ્યો અને લુચ્ચા અને લફંગાઓને હઝરતની પાછળ લગાડયાં; તે હઝરતનું શરીર ઝખમોથી ચુર અને હ્રદય ગમગીનીથી ભરપુર થઇ ગયું. નિરાશ થઇ આપ ત્યાંથી પાછા વળ્યા અને એક બગીચામાં જઇ બેઠા, તે વખતે હઝરતને ખુદાની તરફથી ઇલ્હામ થયું કે " **જો તું ચાહતો હોયતો હમણા હાલ આ શેહરને ઉથલ પાથલ કરી નાંખવામાં આવે.**" તે હઝરતે તરતજ પરવરદિગારની દરગાહમાં વિનંતી કીધી કે " હું આશા

† મુસીબતનું વર્ષ.

રાખું છું કે **અલ્લાહ તઆલા** તેમનામાંથી એવા લોકોને પૈદા કરશે કે જેઓ **ખુદાએ વહદહુ લાશરીક**ની પુજા કરશે."

અહા ! કેવા દયાળુ અને કૃપાળુ ! કેવા સહન શીલ ! કે શત્રુઓ તરફથી તેઓને આટલાં બધાં સંકટો પડયા તો પણ આપે તેમને બદદોઆ (શ્રાપ) દીધી નહીં. ખુદાની તવહીદ (એકત્વતા)નો પ્રસાર કરવા અને મુર્તીપુજાનું ખંડન કરવા માટે લાખો શત્રુઓની સામે હઝરતનું તાયફમાં જવું તેમની સત્યતા સાબિત કરી આપે છે. તે સમયની (સત્યતાની ખાતર) હઝરતની હીમ્મત અને જવાંમરદી વિશે **સરવીલ્યમ મૂર** અને **વોશીંગટન ઓરંગ** જેવા ઇંગ્રેજોએ પણ ઘણું કાંઇ લખ્યું છે. ત્યારબાદ હઝરત ત્યાંથી મકકામાં પાછા આવ્યા.

બઅસતની બારમી સાલમાં હ૦ મોહમ્મદ સ૦ **મેઅરાજ** ગયા હતા. એટલે જીબરઇલ અ૦ આવીને તેઓને **બુરાક** નામની જન્નતની અસવારી ઉપર બેસારી બયતુલ મુકદદસ (જેરૂસેલમ) અને ત્યાંથી સાતે આકાશો અર્શે ઇલાહી સુધી લઇ ગયા હતા અને ખુદાની સર્વ અજાયબાત દેખાડી હતી. ખુદાએ તઆલાએ તેઓ સાથે વાતો કીધી હતી. અર્થાત મેઅરાજનું વર્ણન ઘણાજ લંબાણથી છે. તેથી અહીં લખી શકતા નથી.

મદીના તરફ હિજરત.

અરબસ્તથાનમાં નિયમ હતો કે આસ પાસના ગામડા અને શેહરોના લોકો **કઅબામાં** હજ કરવા માટે વર્ષો વર્ષ આવતા હતા. આ રીવાજ હઝરતે ઇબરાહીમ અને હઝરતે ઇસમાઇલ (અ૦) ના વખતથી તેમની યાદગારી દાખલ તેઓમાં ચાલુ હતો. આ રીવાજમાં જો કે કુફર અને શીરકના ઘણા કાનુનો ઘુસી ગયા હતા, પણ ત્યાંના લોકો હજ કરવા આવ્યા વિના ચુકતા ન હતા. હઝરતે મોહમ્મદ (સ૦) લોકોની ભીડભાડ થાય તો તેઓ પરવર દિગારનો હુકમ સંભળાવી દેવાનો લાગ શોધ્યાજ કરતા હતા. **બઅસત**ની અગીયારમી સાલમાં મદીનાના કેટલાક લોક કઅબામાં હજ કરવા માટે આવ્યા. હઝરત કઅબામાં ગયા અને ઇસ્લામનો બોધ કરવો શરૂ કર્યો જેનો મદીનાના લોકો ઉપર પુરો અસર પડયો અને તેઓમાંના ૬ માણસો મુસલમાન થઇ ગયાં. તેઓ મદીનામાં રહેતાં યહુદીયોના મોંહથી વારંવાર સાંભળતા હતાં કે **"મકકામાં એક પયગમ્બર જાહેર થનાર છે"** તેથી તેમને વધારે વિશ્વાસ બેઠો અને તરતજ ઇમાન લાવ્યા. અને **"થનાર પયગમ્બર જાહેર થઈ ગયાં"** એવી ખુશ ખબરી આખા મદીનામાં ફેલાવી દીધી. મદીનામાં ઘેર ઘેર એ બાબતની ચર્ચા થવા

લાગી. બઅસતની બારમી સાલમાં નવા મુસલમાન થએલાં પાંચ જણાં અને ઔસ અને ખઝરજના કબીલાના બીજા સાત માણુસો મદીનાથી મકકામાં આવી હઝરતની પવિત્ર શેવામાં હાજર થયાં, પેલાં સાત જણા પણ તરતજ ઇમાન લાવ્યા અને હઝરતના હાથ ઉપર બયઅત કરી હઝરતને વિનંતી કીધી કે આપ મદીનામાં પધારો.

આ સઘળી બાબતોથી મકકાના કાફેરો કાંઇ અજાણ્યા ન હતા. તેઓએ જ્યારે મદીનાના લોકોના ઇમાન લાવવાના સમાચાર સાંભળ્યા ત્યારે તેઓ હઝરત અને હઝરતના અસ્હાબને વધારે સતાવવા લાગ્યાં. આથી તે હઝરતે પોતાના અસ્હાબોને મદીના તરફ હીજરત કરી જવાનો હુકમ આપ્યો. હુકમ મળતાંજ મુસલમાન પુરૂષો અને મુસલમાન સ્ત્રીયો **ઈસ્લામની ખાતર** પોતાનો પ્રિય સ્વદેશ તજી ધીમે ધીમે છાનામાના મદીના તરફ જવા લાગ્યા થોડાં દીવસમાં એટલાં લોકો હીજરત કરી ગયાં કે મકકા શેહર વસ્તી વિના ઉજાડ અને વેરાન દેખાવા લાગ્યું.

જયારે તે હઝરતના અસ્હાબો મદીના તરફ હીજરત કરી ગયા ત્યારે કાફેરોએ માંહો માંહે એક બીજાને કહ્યું " જુઓ ! મુસલમાનો તો તમારા હાથમાંથી સટકી ગયાં હવે મોહમ્મદ (સ૦) રહ્યાં છે તેઓ સટકી ન જાય નહીં તો પછી તમારા કબજામાં આવશે નહીં" ત્યારે તે વિશે શું કરવું એવો વિચાર ચલાવવા માટે તેઓએ

"દારુન્નુદવા" માં એક સભા ભરી અને હઝરત વિરૂધ્ધ યુકતીયો યોજવા લાગ્યા. તેઓએ સર્વથી પહેલો ઠરાવ હઝરતને બેડીયો અને સાંકળોમાં જકડી કોટડીમાં પુરી રાખવાનો કર્યો; પણ હઝરતે મોહમ્મદ (સ૦) ના સેવકો તોફાન ઝગડો અને લડાઇ મચાવી તેને છોડાવી લઇ જશે એ ભયથી તે ઠરાવ સર્વમત અનુસારે પસાર થયો નહીં. એક સભાસદે દર્શાવ્યું કે તેઓને દેશનીકાલ કરવા જોઇએ અને પછી કદી મક્કામાં પેસવા દેવા જોઇયે નહીં. આમત પણ સર્વમત અનુસારે પસાર થયો નહીં, કેમકે તેઓએ કહ્યું "મોહમ્મદ (સ૦) જ્યાં જશે ત્યાં પોતાની બોલવાની મીઠાશ અને છટાથી લોકોના મન હરી લઇ મુસલમાન બનાવી આપણા ઉપર વળી કોઇ નવી આફત લાવશે." તે કોમના ફિરઓન અબુજેહલે એવો મત આપ્યો કે દુન્યામાં મોહમ્મદ સ૦ જ્યાં સુધી હયાત હશે ત્યાં સુધી આપણને સુખ શાંતીમાં અને અમન ચૈનમાં બેસવા દેશે નહીં માટે જેમ બને તેમ જલ્દી કરી તેને જાનથી મારી નાંખો એટલે એ કાંશજ ટળે અને આપણે નફકરા નિડર બની આફતથી મોકળા થઇ ચૈનથી રહીયે. આ વાત સવમત અનુસારે પસાર થઇ અને તેઓને તેજ રાત્રે તેઓના ઘરમાં સુતા કતલ કરવાનો દ્રઢ નિશ્ચય કર્યો.

જે રાત કાફરોએ હઝરતને શહીદ કરવાનો વિચાર કર્યો હતો તેજ રાત્રે પરવર દિગારે પોતાના **હબીબ***ને એટલે હઝરત મોહમ્મદને

* મિત્ર

તે કાફેરોના વિચારના ખબર આપ્યા જેથી તે હઝરતે પોતાના ભાઇ **હઝરતે અલી** (અ૦) ને પોતાની પથારી ઉપર સુવાડયા અને પોતે મદીને જવા નીકળ્યા, રસ્તામાંથી **હઝરતે અબુબકર સદીક**ને તેડી લીધાં, હઝરત તેઓ સાથે સૂર નામની ગુફા તરફ રવાના થયાં. રસ્તામાં પગલાંના નીશાન ન પડે તટલા માટે તેઓ આંગળીયોના ટેરવાથી ચાલતા હતા. ચાલતાં ચાલતાં હઝરતના પગ ઝખ્મી થઇ ગયાં જ્યારે તેઓ ગુફા આગળ પહોંચ્યા ત્યારે તેમાં છુપી રહ્યાં.

જે રાતે જ્યારે કાફેરો હઝરતના ઘેર ગયા અને કતલ કરવા માટે હાથ લંબાવ્યા ત્યારે તેઓએ હઝરતની પથારી ઉપર **જનાબે અલી** અ૦ ને સુતેલાં જોયાં. **હઝરતે અલી** અ૦ ની પોતાના ભાઇ પ્રત્યેની આવી વફાદારી જોઇ તે ક્રુર જાલીમોને પણ દયા આવી અને તરતજ ત્યાંથી પાછાં ચાલ્યાં ગયાં.

ઉપલી ગુફામાં હઝરત ત્રણ દીવસ સુધી રહ્યા, કાફેરો શોધતાં શોધતાં તે જગ્યાએ આવી પહોંચ્યા અને હઝરતને શોધી કાઢવાની નજીક હતાં પણ તેઓની આંખો ઉપર અલ્લાહની કુદરતથી એવાં પરદા પડી ગયાં કે તેઓ જોઇ શકયા નહીં અને તે ગુફાને જોઇને કહેવા લાગ્યાં " આવી નાનકડી ગુફામાં માણસ સમાઇ શકે નહીં " ઉપરાંત ખુદાએ તઆલાની કુદરતથી એક કરોળીયાએ તે ગુફાના મોંહ ઉપર જાળુ તાણી લીધું હતું. તેથી પણ તેઓને હઝરત અંદર હોવાની ખાતરી થઇ નહીં. ત્રણ દીવસ પછી હઝરત તે ગુફાની

બહાર નીકળ્યા અને ઉંટની અસ્વારી વડે આડકતરે રસ્તે થઇ મદીના તરફ રવાના થયાં. આખી રાત અને આગલા દીવસના બે પોહર બરાબર ચાલ્યા, આ સઘળો વખત તેઓને રસ્તામાં કોઇ વિરોધી મળ્યો નહીં, પણ કુરૈશીયોએ હઝરતને પકડી લાવનાર માટે સો ઉંટનું ઇનામ આપવાનું જાહેર કર્યું હતું અને ચારે તરફ અસ્વારો દોડાવવામાં આવ્યા હતા. આ અસ્વારો માંનો એક **સોરાકા બિન માલિક** હાથમાં ભાલો (નેઝો) પકડી સામેથી આવતો જણાયો, પણ શું તે હઝરતનો ચમત્કાર ! તે આવનાર અસ્વાર અને ઘોડો ઉંધા મોંઢે ભોંય પડી ગયા અને તેના મન ઉપર હઝરતનો એટલો બધો રોઆબ અને ત્રાસ બેસી ગયો કે એકદમ તે ધ્રુજતો ધ્રુજતો બોલી ઉઠયો કે **“મ્હારી ભુલ માફ કરશો, હું વચન આપું છું કે આપને શોધવા માટે જે જે માણસો નીકળ્યા છે તેમને પાછા લઈ જઇશ.”** હઝરતે તેને જવા દીધો, તેણે પણ પોતાનું વચન પાળ્યું. પછી હઝરત ત્યાંથી રવાના થયા, અને મદીનાની દક્ષીણમાં બે મૈલના ફાસલે આવેલા “ કોબા ” નામના ગામમાં **હઝરતે અલી** કની રાહ જોવા માટે ઉતર્યા. મદીનાના લોકો હઝરતને લેવા માટે સામે આવ્યા અને ઘણી તઅઝીમ તવકીર અને માન સહીત હઝરતને શહેરમાં લઇ ગયાં. આ હજિરતથી મુસલમાની હિજરી સન ગણાય છે.

હિજરત પછીની બીનાઓ.

જ્યારે હઝરતે મોહમ્મદ (સ૦) મદીનામાં તશરીફ લાવ્યા ત્યારે અબદુલ્લાહ બિન ઉબય (કે જે મદીનાનો બાદશાહ બનવાની ઇચ્છા રાખતો હતો) વિના દરેક માણસે હઝરતને પોતાને ઘેર ઉતરવાની પુર્ણ ઇચ્છા દર્શાવી, પણ હઝરત, પોતાની સાંઢણીની મેહાર—લગામ ઢીલી મુકી સર્વેને એમજ ફરમાવતા કે "જ્યાં ખુદાને મ્હારૂં ઠેરાવવું મંજૂર હશે ત્યાં પહોંચીને મ્હારી સાંઢણી બેશી જશે." ખરેખર એમજ થયું, હાલ જ્યાં **મસજીદે નબવી** બનેલી છે ત્યાં તે હઝરતની સાંઢણી બેશી ગઇ અને આપ **અબુઅય્યુબ**ના ઘરમાં ઉતર્યા. પછી ત્યાંના લોકોના ટોળેટોળાં ઝીયારત (દર્શન) કરવા માટે આવવા લાગ્યા. આ આવનારાઓમાં તવરાત અને ઇન્જીલને સારી પેઠે જાણનાર યહુદીયોનો મોહટો જબરદસ્ત **આલીમ**‡ "અબ્દુલ્લાહ બિન સલામ" યહુદી હાજર થયો અને તે હઝરતને જોતાં વેતજ બોલી ઉઠયો કે **"આ ચ્હેરો જુઠા માણસના ચ્હેરા જેવો દેખાતો નથી."** અને તે તથા **સલમાને ફારસી** કે જેઓ મજુસ અગ્નિપૂજક હતા તેઓ અને બીજાં કેટલાંક લોકો ઇમાન લાવી મુસલમાન થયાં.

હઝરતે મોહમ્મદ (સ૦)એ મદીનામાં આવ્યા પછી યહુદીયો સાથે એક કરારનામું કર્યું જેમાં, મદીનાને શત્રુઓના હાથમાં જવા દેવાથી મદીનાનું રક્ષણ કરવામાં યહુદીયો મુસલમાનોને મદદ કરે એવી શરતે

‡ પંડીત, વિદ્દવાન; જ્ઞાની.

યહુદીયોના હક કાયમ રાખવામાં આવ્યાં. ત્યારબાદ હઝરતે **મસજીદે નબવી** ચણાવવી શરૂ કીધી જે તદન સાદી હતી તેની દીવાલો ઇટોની હતી અને તડકાથી બચવા માટે પત્થરની કે છોબંધની છતના બદલે ખજુરીના પાંદડાઓની છત નાખવામાં આવી હતી. ઉનાળામાં તો તડકાથી લોકોનું રક્ષણ થતું હતું પણ ચોમાસામાં સર્વે પળલી જતા હતા. ઘરબાર વિનાના લોકોને રહેવા માટે તેમાં સગવડ રાખી હતી. ત્યારેજ લોકોને નમાઝ પઢવા બોલાવવા માટે અઝાન(બાંગ) મુકરર કીધી હતી **અઝાન** દેવાનો નિયમ ખ્રીસ્તીયોના ઘંટ અને યહુદીયોના શંખ કરતા લાખ દરજા બેહતર છે. જેની પ્રસંશામાં ઇંગ્રેજી "**એનસાઇકલો પીડીયા**" ના છઠઠા ભાગમાં લખ્યું છે કે "બાંગ દેનારનો અવાજ જે સાદો પણ ઘણોજ મનોરંજક અને મનમોહક હોય છે તે, જો કે શેહરોના શોર બકોરમાં મસજીદની ઉંચાઇ ઉપરથી ઘણોજ રસભર્યો અને મનોરંજક લાગે છે, તોપણ રાત્રીના સન્નાટા (શાંતપણા) માં તેનો અસર ઘણાંજ વિચિત્ર પ્રકારનો કવિત્વ રસ ભર્યો હોય છે. એટલે સુધી કે ઘણાં યુરોપીયનો પયગમ્બર (સ૦) ને આ બાબતની મુબારક બાદી આપ્યા વિના રહી શકતા નથી. કેમકે તેણે (પયગમ્બરે) માણસના અવાજને યહુદીયોના શંખ અને ખ્રિસ્તીયોના ચર્ચ (દેવલ) ઉપરના ઘંટ કરતાં ચઢીયાતો બનાવી દીધો છે."

જેહાદ[1] અને તેની શરૂઆત.

જ્યારે મુસલમાનોએ, જેમકે ઉપર લખી ગયાં છીયે ત્રણ વર્ષ સુધી કાફેરોની સખતમાં સખત અને ઘાતકી ઇજાઓ ઉપાડી, લાખો મુસીબતો અને સંકટો વેઠયા, શોઅબે અબી તાલિબમાં ત્રણ વરસ સુધી ઘેરાયલાં રહ્યા, આખરે લાચાર થઇ પોતાનો

---

૧ જેહાદ—ધાર્મિક યુધ્ધ. હ૦ મોહંમ્મદ (સ૦) એ જે જેહાદ કર્યા તેને કેટલાંક અજ્ઞાન ખ્રીસ્તીયો અન્યાય ભર્યા કહે છે. પણ જેઓ વિદ્વાન અને જ્ઞાની છે તેઓ કદ્દી એમ કહેતાં નથી જેમકે- **થોમ્સ કારલાઇલ** સાહેબ લખે છે કે "અત્યાર સુધી તો મોહંમ્મદ (સ૦) એ પોતાનો ધર્મ પ્રસારવા માટે ઉપદેશ કરવાનીજ રૂઢી ધારણ કરેલી હતી; પણ હવે તેને દેશ બહાર કાઢી મુકવામાં આવ્યો, અને અન્યાયી—જુલ્મી લોકોએ માત્ર તેના **સાચા આસમાની પયગામ** (આકાશી સંદેશા) પ્રત્યે એકલી બેદરકારી જાહેર કીધી નહીં બલકે તેના ખુનના તરસ્યા બન્યા, ત્યારે તે અરણ્ય—જંગલના રહેનારાએ એક આરબ અને શુરવીર માણસને છાજે તેમ પોતાનો બચાવ કરવા તેણે ઇચ્છયું. (મોહમ્મદ સ૦મે) વિચાર કર્યો કે અગર કુરૈશીયોની એમજ મરજી છે તો એમજ થવાદો. જે **પયગામ**—સંદેશો કુરૈશીયો અને સમગ્ર મનુષ્ય જાતી માટે **ઘણોજ જરૂરી** હતો

સ્વદેશ મક્કા છોડી હબશામાં જઇ વસ્યા, અને છેવટે જેઓ બાકી રહ્યા હતા તેઓ મક્કાને છોડી મદીને જઇ રહ્યા, ત્યારે તો કાફેરોએ તેઓનો કેડો મુકવો જોઇતો હતો, પણ નહીં, તેઓ તો મુસલમાનોના એવા જાની દુશ્મન બન્યા હતા કે અગર મુસલમાન તેઓથી આજીઝ અને લાચાર થઇ પાતાળમાં ચાલ્યા જાય તો કાફેરો જો બની શકે તો ત્યાં જઇને પણ તેઓને મારે, મુસલમાનોના મદીને જવા પછી મક્કાના કાફેરો વધારે ઉશ્કેરાયા. જ્યારે તેઓએ તે હઝરતના હિજરતના અને મદીનામાં દિનપ્રતિદિન થતી તે હઝરતની ચઢતીના સમાચાર સાંભળ્યા ત્યારે તેઓના મનમાં શત્રુવટ અને ઇર્ષાની અગ્ની જોરભર સળગી ઉઠી. તેઓ

તે સાંભળવાનો કાફેરોએ ઇન્કાર કર્યો. તેઓએ જુલમ, લોખંડ–તલવાર અને કતલ દ્વારે તેનો નાશ કરવા ચાહ્યું, ત્યારે **લોખંડનો મુકાબલો લોખંડથી કરવો પડયો.** જેમકે મોહમ્મદ (સ૦) ના દશ વર્ષ લડાઇયો અને સખત મેહનતમાં પસાર થયાં. અને તેનુ જે કાંઇ પરિણામ આવ્યું તે આપણે સારી પેઠે જાણીએ છીએ." ઉપરાંત **મીસીઝ એનીબીસેન્ટ, મી. ગોડફ્રેહેગીન્સ, મી. જોન ડેવનપોર્ટ** અને ફ્રાન્સ, જરમની ઇત્યાદીના ઘણાં વિદ્વાનોએ જેહાદ ઉપર ન્યાય પુર્વક નજર નાંખી સિદ્ધ કરી આપ્યું છે કે તેમાં જરાએ જુલમ કે અન્યાય નથી, અને ઇસ્લામ ધર્મ તલવારના બળવડે નહીં પણ તેનાં સુશીલપણથી પ્રસર્યો છે. લંબાણ થઇ જવાના ભયથી એ સર્વે વિદ્વાનોના મત અત્રે ટાંકતા નથી.

કોઇ પણ મુસલમાનને સુખી જીંદગી ભોગવતાં જોઇ શકતા ન હતા અને પૃથ્વિની સપાટી ઉપરથી મુસલમાનોને નીસ્ત અને નાબુદ કરવાના પ્રયત્નો કરે જતા હતા.

પણ શું કરે? મુસલમાનો મદીનામાં જઇ વસવા લાગ્યાં, ત્યાં કેવી રીતે ઇજા પહોંચાડવા અને નીસ્ત નાબુદ કરવા જાય!! પણ હા, જે બીચારાં ગરીબ મુસલમાનો હિજરત કરી શકયા ન હતા અને મકકામાં પાછળ રહી ગયાં હતાં તેમને આ કાફરોએ વળી સતાવવા અને અનેક બલાઓમાં ફસાવવા શરૂ કર્યા. તેઓ ઉપર હુમલો કરવાની તૈયારી કીધી જેમકે ખુદાએ તઆલાએ કુરઆને શરીફમાં ફરમાવ્યું છે કે "**કાફેરોએજ પહેલાં શરૂઆત કીધી**" મુસલમાનોનો લઢવાનો જરાએ વિચાર ન હતો. લડાઇનો આરંભ એવી રીતે થયો કે તે દીવસોમાં કાફેર કુરૈશીયોનો એક કાફલો વ્યાપાર માટે શામના પ્રદેશમાં ગયો હતો મકકાના કુરૈશીયોએ એવો વિચાર કર્યો હતો કે જ્યારે તે કાફલો માલ વેચીને પોતાની સાથે જે નફો લાવે ત્યારે તે નફો મુસલમાનોને હલાક કરવા પાછળ ખરચવો. એજ વિચારથી તેઓ મદીના ઉપર ચઢાઇ કરવાની તૈયારીયો કરી રહયા હતાં. જે મુસલમાનો મકકામાં રહેતા હતા તેઓએ, મદીનામાં રહેતાં મુસલમાનોને કાફેરોની ચઢાઇથી સાવચેત રાખવા માટે તેઓની હીલચાલના ને તેઓના વિચારના સમાચાર પહોંચાડયા. આ સમાચાર મળ્યા ત્યારે હઝરતે પોતાના કાકા

જનાબે હમઝાને અને **ઓબયદહાને** સો માણુસો આપી ખરી બીના શું છે તે જાણવા માટે મોકલ્યા. જ્યારે તેઓ મદીનેથી નીકળી ચુકયા અને અમુક જગ્યાએ આવ્યા ત્યારે તેઓએ **અબુજેહલ** અને તેના દીકરા **અકરમાને** ૫૦૦ ખુંખ્વાર અસ્વારો સહીત લડવા મરવા માટે સજ્જ થએલાં જોયાં. પણ તે વખતે તેઓ વચ્ચે લડાઇ થઇ નહીં. આ બાબતોથી જાહેર થાય છે કે મક્કાવાળાઓનો વિચાર નિઃસંશય મદીનાવાળાઓ ઉપર હુમલો કરવાનોજ હતો. અને કાફેરોએજ લડાઇની શરૂઆત કીધી. જો આવા સમાચાર મળ્યા પછી મુસલમાનો ચુપચાપ બેશી રહયા હોત તો આજે દુન્યામાં મુસલમાનોનું કોઇ જગ્યાએ નામ નીશાન રહેત નહીં. આવા બારીક સમયે મુસલમાનોએ પોતાનું રક્ષાણ કરવુંજ જોઇયે; અને તેથીજ તેઓ શત્રુઓથી પોતાનો બચાવ કરવા માટે હથીયાર પકડી લડાઇ માટે તૈયાર થઈ રહયા. થોડા દીવસ પછી મક્કાનો **કુરઝ બિન જાબિર** નામનો એક માણુસ મદીનાના રહેવાશીયોના ઉંટ લુંટીને મક્કા તરફ નાશી ગયો જેથી તે હઝરત, કાફેરો તરફથી આવી પહોંચતી અવાર નવારની ઇજાઓથી ઘણાં દીલગીર થયાં, અને તે ઉંટ ચોરી જનારની પુઠે "**બદર**"ના કુવા સુધી ગયા પણ તે વધારે આગળ નીકળી ગએલો હોવાથી હાથ આવ્યો નહીં.

જંગે નખલા.

હી૦ ૨ માસ રજબ.

મકકા વાશીયોનો જે કાફલો શામ (સીરીયા) ગયો હતો તે થોડા વખતમાં પાછો આવનાર હતો. અને તેની હઝરતને ઘણી ફીકર અને ચીંતા હતી—કે રખેને તે કાફલા વાળાઓની મદદ કરવાના બહાનાથી મકકાના કાફેરો આપણા ઉપર હુમલો કરે. હઝરતે પ્રથમ સઇદ **બીન અબી** વકાસને દુશમનોની બાતમી લેવા માટે મોકલ્યા. જ્યારે તેને દુસ્મનોના કાંઇ સમાચાર મળ્યા નહીં ત્યારે હઝરતે **અબદુલ્લાહ બિન જહશ**ને "નખલા" નામની જગ્યાએ મોકલ્યા. ખરેખર મકકાવાળાઓનો કાફલો આવતો હતો. **અબદુલ્લા બિન જહશે** જે ઉંટ ચોરી ગયો હતો તેનો બદલો લેવા ચાહ્યું અને તેથી તેઓએ તે કાફલામાંના એક માણુસને મારી નાંખ્યા સર્વે માલ લુંટી લીધો અને ઘણાં માણુસોને કેદ પકડી હઝરતની શેવામાં હાજર થયો. હઝરત તેની આ બાબતથી નારાજ થયાં અને કેદીયોને તેમના માલ અસબાબ સહીત મુકત કર્યા અને જે માણુસ મારી નાંખ્યો હતો તેનું ખુનબહા (ખુનનું મુલ્ય) આપ્યું.

બદરની લડાઇ.

હી૦ ૨ માસ રમજાન.

કાફેર કુરેશીયોનો એક મહા મોહટો કાફલો શામ તરફથી આવતો હતો. આ કાફલાનો સરદાર અબુસુફયાન બિન હરબ હતો. કાફેર કુરેશીયોએ ચારે તરફ એવી અફવા ઉરાડી દીધી કે અગર મદદે નહીં આવો તો મુસલમાનો નિઃસંશય અમારા કાફલાને લુંટી લેશે. આ અફવાએ અગ્નીની ઉપર તેલનું કામ કર્યું. એક હજાર જંગી અને બળવંત ઘોડે સ્વારો સાતસો ઉંટો સહિત શામથી આવતા કાફલાને મદદ કરવાના બહાને મક્કાથી નીકળી રવાના થયા. મુસલમાનોને તેઓના આવવાના સમાચાર પહોંચી ગયા હતા. મુસલમાનો જાણતા હતા કે કાફલાને મદદ કરવાનું તો માત્ર બહાનુ છે. તેઓનો મુખ્ય હેતુ મદીના ઉપર ચડાઇ કરવાનો છે. કેમકે તેઓ એકદમ મદીના ઉપર ચઢી આવ્યા. આ વખતે મુસલમાનો પાસે લડાઇને લગતી કાંઇ સામગ્રી ન હતી. તેઓની પાસે માત્ર ૩૧૩ માંણુસો ૨ ઘોડા, અને ૭૦ ઉંટ હતા. હઝરતે રસુલે મોહમ્મદ સ૦ પાસે જે ઉંટ હતું તેના ઉપર હઝરત અલી કર૦ અને હઝરતે

જયદ વારાફરતી સવાર થતાં હતાં. હઝરતે પોતાના મોહાજીર‡ અને અનસારોને† મક્કાથી જે લશ્કર કાફલાની મદદે આવતું હતું તેનો મુકાબલો કરવાનું ફરમાવ્યું. મોહાજીર અને અનસારોએ કહ્યું "કાફલાવાળાઓ થોડાં અને નિર્બળ છે તેઓ ઉપર પ્રથમ હુમલો કરી વિજય ન પામતાં શા માટે અસંખ્ય લશ્કરનો મુકાબલો કરીયે"? હઝરતે ફરમાવ્યું "મને ખુદાએ નુસરત (કુમક)નું વચન આપ્યું છે. મુસલમાનો વિજય પામશે. માટે મદદે આવનાર જંગીયોનોજ મુકાબલો કરવો ઉચિત છે." પરમ કૃપાળુ પરવરદિગારે મુસલમાનોની ન્હાની અને નજીવી ટુકડીને એવું જોમ અને બળ આપ્યું કે કાફેરોની મહાભારત અને જંગી ફોજને જોત જોતામાં હરાવી દીધી. જે કાફલાની મદદે મક્કાવાશીયો આવ્યા હતા તે કાફલોતો સમુદ્રના કીનારે કીનારે થઇ સહીસલામત પસાર થઇ ગયો પણ કુરૈશીયોનો સરદાર અને આગેવાન જે **અબુજેહલ** હતો (જે તે ઉમ્મતનો ફીરઔન કહેવાય છે.) તેનો સર્વે અભિમાન ધુળમાં મળી ગયો અને ઘણીજ ખુવારી અને હલકાઇથી કતલ થયો. તે ઉપરાંત બીજા ઘણાં કાફેરો માર્યા ગયા, અને બાકીના રડયા ખડયા શીયાળીયાઓની જેમ પુછડી દબાવી નાશી ગયાં. આ લડાઇમાં

‡ જેઓ ધર્મ ખાતર મક્કા તજી હિજરત કરી મદીને આવ્યા હતા.

† મદીનાના એ લોકો જેઓ હઝરતના મદદગાર બન્યા હતા.

કાફેરોમાંના **સીત્તેર** જણ કેદ પકડાયા હતા. જેઓમાં હઝરતના **કાકા હઝરતે અબ્બાસ ઓકૈલ** અને **નૌફિલ ઇબ્ને હારિસ** પણ હતા. હ૦ મોહમ્મદ (સ૦) મે પોતાના કાકાને કહ્યું કે "તમારે અને તમારા બે ભત્રીજાઓએ (ઓકૈલ અને નોફિલે) મુકત થવું હોય તો છુટકારા માટે નાણાં આપો." હઝરતે અબ્બાસે કહ્યું "મ્હારી પાસે કાંઇ નથી, જો હું તને નાણાં આપું તો જ્યાં સુધી જીવું ત્યાં સુધી મ્હારે કુરૈશીયો પાસે ભીખ માંગવી પડે." હઝરતે કહ્યું "જ્યારે તમે મકકા છોડી લડાઇ માટે આવવા લાગ્યા ત્યારે તમે તમારી સ્ત્રી **ઉમ્મેફઝલને**, લડાઇનું પરિણામ શું આવશે તેની મને ખબર નથી, કદાચ હું માર્યો જાઉં માટે આ સોનું લે તે ત્હારા માટે અને ત્હારા બાલ બચ્ચાઓના નિર્વાહ માટે છે, એમ કહીને જે સોનું આપ્યું હતું તે કયાં ગયું?" હઝરતે અબ્બાસે પુછ્યું "તને આ વાત કોણે કહી?" હ૦ મોહમ્મદ (સ૦)એ કહયું "ખુદાએ મને **વહી** થકી ખબર આપી છે." **હઝરત અબ્બાસ** તરતજ ઇમાન લાવ્યા અને કહ્યું "આ વાત ખુદા શીવાય બીજનું કોઇ જાણતું ન હતું કારણ કે તે નાણાં મેં અર્ધ રાત્રીએ એકાંતમાં આપ્યા હતા." આ લડાઇમાં ત્રણ ચમત્કાર જાહેર થયાં હતા.

૧, જે વખતે યુદ્ધ જામી રહ્યું હતું તે વખતે આપે એક કાંકરાઓની મુઠી શત્રુઓ ઉપર નાંખી જેનો અસર પ્રત્યેક કાફરની આંખમાં

થયો અને કાફિરો પીઠ ફેરવી નાસવા લાગ્યા. આ વખતે જબ્બુરની એ ભવિષ્ય વાણી પુરી થઇ કે "તું બની આદમ-મનુષ્ય જાતીમાં સર્વથી વધારે ખુબસુરત† છે, હે! પ્હેલવાન તું જાહોજલાલીથી ત્હારી તલવાર ત્હારા શરીર ઉપર લટકાવ, અને સત્યતા અને પ્રમાણિકતા માટે, સૌભાગી થઇ આગળ વધ અને ત્હારો જમણો હાથ તને હયબતનાક કામ દેખાડશે."

૨, મુસલમાનોનું નાનકડું સૈન્ય (લશ્કર) કાફિરોની નજરોમાં પોતાની સંખ્યા કરતાં બમણું દેખાયું જેથી તેઓની હીમ્મતો તુટી ગઇ.

૩, મુસલમાનોની મદદે ખુદાએ પ્રથમ એક હજાર અને પછીથી ત્રણ હજાર ફિરિસ્તાઓ જીબરઇલની સરદારી હેઠળ મોકલ્યા. જે વૃતાંત કુરઆને શરીફમાં વિસ્તારવાર આપલું છે.

---

† એડવર્ડ ગીબન લખે છે કે:—આખા આલમ મહીં હ૦ મોહમ્મદ સ૦ ખુબસુરતી અને રૂપ—કાન્તિમાં પ્રખ્યાત અને એકકા હતા, ડાકટર ... સાહેબ પણ એમજ લખે છે.

ગઝવએબના કીનકાઅ.

બની કીનકાઅ યહુદીયો સાથે જે કરારનામું થયું હતું તે પ્રમાણે તેઓએ મુસલમાનોની જાનમાલ અને આબરૂનું રક્ષણ કરવું જોઈતું હતું, પણ તેઓ તે કરારનામા પ્રમાણે વરત્યા નહીં. એક યહુદીએ એક મુસલમાન સ્ત્રીનું મસ્કરીમાં એવી રીતે તેહબંધ* ખોલી નાખ્યું કે તેણીની શરમની જગ્યા ખુલી ગઇ અને તે વિશે ઝગડો થયો જેમાં એક યહુદી અને એક મુસલમાન માર્યા ગયા. હઝરત જયારે બદરમાંથી પાછા આવ્યા ત્યારે તેમને ઘણાં શરમાવ્યા. અને મનાવ્યા, પણ તેઓ માન્યા નહીં તેથી લડાઇ ઠરી. લડાઇથી યહુદીયો કંટાળી ગયા. હઝરતે તેમની પાસે જામીન માંગ્યા, પણ તેમનું કોઇ જામીન થયું નહીં, હઝરતે તેઓને શામ-સીરીયા તરફ હાંકી કાઢયા એટલે દેશ નીકાલ કર્યા.

---

* કમરથી નીચે પહેરાતું કપડું-લુંગી

ગઝવએ બની સલીમ, ગઝવએ બની ગતફાન, ગઝવએ અનમાર.

બની સલીમ, બની ગતફાન અને બની અનમારના રહેવાશી ઇસ્લામના પકકા શત્રુ હતા. તેઓ મદીના ઉપર રાત્રે છાપો મારવા ઇચ્છતા હતા. હઝરત તેમનું બળ અગાઉથી સમાવી દેવા માટે નીકળયા જેથી તેઓ વિખેરાઇ ગયાં. આ ગતફાનીયોના હુમલામાં એક યાદ રાખવા જોગ બીના એ છે કે આ ગઝવામાં એક દીવસ વરસાદ વરશ્યો તેથી હઝરતના લુગડાં પલળી ગયાં, આપ લુગડાં ઉતારી એક વૃક્ષની ડાળીયે સુકવી પોતે એકલા વૃક્ષની છાંયા નીચે સુઇ રહ્યા. એક પ્રખ્યાત અને નામચીન ગૌરસ નામના પહેલવાને આપને એકલા જોયાં. તેથી પોતાની નાદાનીના નીશામાં ચકચુર બની તલવાર ખેંચી હઝરતના માથા ઉપર આવીને ઉભો રહયો અને મોહટા સાદે બોલ્યો "આજે તને મ્હારા હાથથી કોણ બચાવી શકે છે ?" આપે એવા પુર જલાલ અવાજથી જવાબ આપ્યો "અલ્લાહ" આ પુર જલાલી ભર્યા અવાજે તેના મનમાં એવો ત્રાસ ઉત્પન્ન કર્યો કે તે ભોંય ઉપર પડી ગયો; હઝરતે

તેના હાથમાંથી તલવાર છીનવી લઇ મોહટા સાદે કહ્યુ કે " હવે તું બતાવ કે મ્હારા હાથથી તને કાણુ બચાવી શકે છે ? " તેણે કહયું " અફસોસ કોઇ નહીં. " હઝરતે તેને મુકત કર્યો. અને ફરમાવ્યું " હું રહેમ-કૃપા કરવા આવ્યો છું કતલ કરવા માટે આવ્યો **નથી.** " હઝરતને આવા દયા નિધાન જોઇને તે મુસલમાન થઇ ગયો અને પોતાની કોમને પણ ઇસ્લામનો બોધ કીધો.

જંગે ઓહોદ.

(હી૦ ૩)

અબુ જેહલના મૃત્યુ પછી કુરૈશીયોની સરદારી અબુસુફ્યાન પાસે આવી. બદરની લડાઇમાં અબુ સુફ્યાનના કેટલાંક સગાવ્હાલાં મુસલમાનોને હાથે માર્યા ગયા હતા તેથી અબુસુફ્યાને સોગન ખાધા હતા કે જ્યાં સુધી હું મુસલમાનોથી બદલો લઇશ નહીં ત્યાં સુધી સુગન્ધીદાર પદાર્થોનો ઉપયોગ કરીશ નહીં, અને સ્ત્રીની પાસે સુઇશ નહીં. આ વખતે તેણે ત્રણ હજાર માણસો એકઠાં કર્યાં અને તેઓ સહીત મદીના ઉપર હુમલો કરવા માટે નીકળ્યો. આ બન્ને લશ્કર વચ્ચે ઓહોદના પર્વત ઉપર લડાઇ થઇ. આ લડાઇમાં પ્રથમ મુસલમાનો વિજય પામ્યા પણ પાછળથી મુસલમાનોનું એક ટોળું હઝરતની આજ્ઞા વિરૂદ્ધ મોરચાનું રક્ષણ કરવું મુકી દઇ દુશ્મનોનો માલ લુટવામાં રોકાયું તેથી વળી દુશ્મનોએ મુકાબલો કર્યો અને મુસલમાનોને હરાવ્યા. આ લડાઇમાં હઝરત ઘણાં ઝખ્મી થઇ ગયા હતાં, ચાર દાંત પડી ગયા હતા, તેઓ એક ખાડામાં પડી ગયા હતા. શયતાને એવી અફવા ઉડાડી દીધી હતી કે **હઝરત શહીદ થઇ**

ગયા, પણ ખુદાનું વચન હતું કે "**અલ્લાહ તને કતલ અને હલાક થવાથી બચાવશે**" તો પછી કેવી રીતે શહીદ થાય ? ઓહોદની લડાઇ પુરી થઇ. મકકા વાશીયો પાછા ચાલ્યા ગયા અને આવતાં વર્ષે **બદર** ઉપર વળી લડાઇ — જંગ કરવાનું વચન આપતા ગયા. આ લડાઇમાં **હઝરતના** શુરવીર કાકા **હ૦ હમઝા** શહીદ થઇ ગયાં જેથી હઝરતને ઘણી દીલગીરી થઇ. પણ મુખ મુબારકથી બદદોઆ— આપનો એકે ઉચ્ચાર કાઢયો નહીં બલકે દોઆના ઉદ્દગારો કાઢયા કે "હે પરવરદિગાર ! **મ્હારી કૌમને બુદ્ધિ આપ કેમકે તે અજ્ઞાન અને બે સમજ છે.**

રજીઅ આગળના ઝપાઝપી.

"રજીઅ" હીજાઝના કીનારા ઉપર આવેલા એક ઝરાનું નામ છે ત્યાંની હઝીલ પ્રજાએ હઝરતે રસુલે ખુદા સ૦:ની શેવામાં આવી વિનંતી કીધી કે અમારામાં ઇસ્લામ પ્રસરી ગયો છે માટે કેટલાંક માણસને ઇસલામનું શીક્ષણુ આપવા માટે અમારી સાથે મોકલો. હઝરતે મોહમ્મદ (સ૦)એ તેઓની સાથે છ શીક્ષકો મોકલ્યા. જ્યારે તે શીક્ષકો **અલરજીઅ** નામના ઝરાના કીનારે પહોંચ્યાં ત્યારે તે લોકોએ તેઓ ઉપર હુમલો કર્યો અને તેઓમાંના ત્રણને મારી નાંખ્યાં અને બાકીના ત્રણુને કૈદ કર્યા જેમાંના એકને પાછળથી પથરા મારી મારી નાંખવામાં આવ્યો કારણુ કે તેણે નાશી જવાનો પ્રયત્ન કર્યો હતો અને બીજા બે જણાઓને ગુલામ તરીકે વેચી કુરૈશીયોને સ્વાધિન કર્યા જેઓએ તે બીચારા બન્ને જણાઓને રીબાવી રીબાવી મારી નાંખ્યા.

બયરે મઉનાની ઝપાઝપી.

નજદનો રહેવાશી આમિર બિન માલિક નામનો એક માણસ જે મુસલમાન ન હતો તેમજ કાંઇ ઇસલામના પ્રસારની આડે પણ આવતો ન હતો તેણે હઝરતે મોહમ્મદ (સ૦)ની શેવામાં વિનંતી કીધી કે આપ ઇસલામના કેટલાંક શીક્ષકો ઇસ્લામનું શીક્ષણ આપવાને માટે નજદની તરફ મોકલો. હઝરતે મોહમ્મદે (સ૦)એ તેની અરજી સ્વિકારી તેમની સાથે ઘણાંજ આબિદ (ભકત) અને પરહેઝગાર માણસો મોકલ્યા. આમિરનો એક ભત્રિજો જે ઇસલામનો કટ્ટો શત્રુ હતો તે એક મોહટું ટોળું લઇ તે શીક્ષકો ઉપર ચઢી આવ્યો અને સર્વે મુસલમાનોને પકડીને મારી નાંખ્યા, માત્ર એકજ જણ બચી ગયો. હઝરતે મોહમ્મદ (સ૦) "રજીઅ" અને "બયરે મઉના" નો આવો દયાજનક અહવાલ સાંભળી ઘણાં દીલગીર થયાં.

ગઝવએ બની નોઝયર.

(હી૦ ૪.) માસ રબીઉલ અવ્વલ.

કરારનામા પ્રમાણે યહુદીયોએ મદીનાનું રક્ષણ કરવામાં મુસલમાનોને મદદ આપવી જોઇતી હતી. પણ તેઓએ લુચ્ચાઇ અને દગાઇ કરી તેમાં ભાગ લીધો નહીં અને કપટ રમ્યા. તેઓ હઝરતને એક ઘરમાં લઇ ગયા અને હઝરતને મારી નાંખવા માટે એક ઉંચી જગ્યાએથી એક મોહટો ભારે પત્થર હઝરતના માથા ઉપર રગડાવી દીધો પણ **અલ્લાહ તઆલાએ** તેવારે હઝરતને બચાવી લીધાં. હઝરતે મોહમ્મદ (સ૦)એ યહુદીયોને કહેવરાવી મોકલ્યું " તમે તમારા કરારનો ભંગ કર્યો છે અને અમારી સાથે દગો રમ્યા છો માટે તેની શિક્ષામાં તમે દશ દીવસ સુધી મદીનાની બહાર નીકળી જાઓ નહીં તો તમારા હકમાં સારૂં થશે નહીં." યહુદીયોએ તે વાત ન માનતાં લડાઇ જાહેર કીધી અને મુસલમાનો અને યહુદીયો વચ્ચે ભારે યુદ્ધ જામ્યું છેવટે મુસલમાનોએ તેમને હરાવી દઇ "**ખયબર**" તરફ હાંકી કાઢ્યા.

બદર ઉપર ત્રીજી વાર.

ઓહોદની લડાઇમાંથી પાછા વળતી વખતે અબુસુફયાન ધમકી આપી ગયો હતો કે આવતા વર્ષે પાછો હું તમારી સાથે લડીશ. પણ તે વાયદા પ્રમાણે બદર સુધી આવ્યો નહીં બલ્કે "આ વર્ષ દુકાળનું છે લડાઇ કરવી ઠીક નથી" એમ કહી પોતાના માણસોને પાછા લઇ ગયો, અને મુસલમાનો ડરી જઇ બદર ઉપર ન આવે એટલા માટે તેણે હઝરત મોહમ્મદ (સ૦)ને કહેવરાવ્યું કે "અબુસુફયાન એક મહા મોહટું લશ્કર લઇ લડવા માટે બદર ઉપર આવે છે," મુસલમાનો તેની આ ધમકીની કાંઇ પણ દરકાર ન કરતાં બોલ્યાં કે "**અમોને કાંઇ બીક નથી અમારા માટે અલ્લાહ બસ છે અને તે સારો મદદગાર છે.**" પછી હઝરતે મોહમ્મદ (સ૦) દોઢ હજાર મુસલમાનોને સાથે લઇ બદર ઉપર આવ્યા, ત્યાં મુસલમાનો વ્યાપાર કરી ઘણો લાભ પામ્યા. મુસલમાનોના રોઆબ અને ત્રાસથી અબુસુફયાનના તો છક્કાજ છુટી ગયા, તે વાયદા પ્રમાણે બદર ઉપર આવ્યો નહીં.

ગઝવએ બની મુસ્તલક.

(હીં૦ ૫. માસ શાબાન.)

અરબના કબીલા બની મુસ્તલકના સરદાર **હારિસ બિન ઝરારે** તે હઝરતની સાથે લડવા માટે ઘણાં કબીલાઓને ઉશ્કેર્યા અને મુસલમાનો સાથે લડાઇ માટે એક મહા મોહટી ફોજ એકઠી કીધી. મુસલમાનો હઝરતે મોહમ્મદ (સ૦) સહીત **મરીસીઅ** નામના ઝરા ઉપર લડવા આવ્યા. મુસલમાનોનો એવો રોઆબ અને ત્રાસ બેઠો કે હારિસની ફોજ નાશી ગઇ, માત્ર હારિસ અને તેની કોમ જે હઝરતનો મુકાબલો કરીને હારી હતી તે બાકી રહી ગઇ.

જંગે ખંદક.

(હી૦ ૫ માસ ઝીકાઅદ.)

જ્યારે **બની નોઝયર** યહુદીયોને દેશ નિકાલની શીક્ષા થઇ ત્યારે તેઓ ઘણાં ઉશ્કેરાઇ ગયાં. તેઓએ મક્કે જઈ કાફેરોને મુસલમાનો વિરૂદ્ધ ઉશ્કેર્યા. મક્કામાંથી ૪૦૦૦ માણસો તૈયાર થયાં અને તેઓ સઘળાં મદીના ઉપર ચઢી આવ્યા. પણ મુસલમાનોએ તેઓને એવાં હરાવી દીધાં કે તેઓનું શુરવીર સૈન્ય વિખેરાઇ ગયું. જનાબે **સલમાને ફારસી**ની સલાહથી આ લડાઇમાં મદીનાની પુર્વ દીશાએ ખાઇયો ખોદવામાં આવી હતી તેથી આને **ખંદક** એટલે ખાઇની લડાઇ કહે છે. આ લડાઇમાં કાફેરોમાંનો મોહટો શુરવીર પહેલવાન "અમર ઇબ્ને વદ" કે જે એક હજાર શુરવીર સરદારોનો મુકાબલો કરી શકતો હતો તે **હઝરતે અલી** ક૦ના હાથે માર્યો ગયો. આ લડાઇ ફતેહ કરતાં મુસલમાનોને અસંખ્ય સંકટો વેઠવા પડયા હતા, ભુખ અને અત્યંત શરદીની મુસીબતથી તેમના કલેજા તેમના મોંહે આવી ગયા હતા. અર્થાત–મુસલમાનોને એટલા સંકટો વેઠવા પડયા હતાં કે તેમનામાંના કેટલાંકના મનમાં ફતેહ થશે કે નહીં એવી શંકા ઉત્પન્ન થઇ હતી. પણ અલ્લાહનું વચન ખોટું હોતું નથી. મુસલમાનો ફતેહ પામ્યા અને કાફેરો ખ્વાર થયાં.

ગઝવએ બની કરીઝા.

હી૦ સ૦ ૫.

બની કરીઝા યહુદીયોનો એક કબીલો હતો જે મદીનામાં રહેતો હતો, તેઓ સાથે પણ હઝરતે કરારનામું કર્યું હતું તેઓ પણ તે કરારનામા પ્રમાણે વર્ત્યા નહીં. ખાસ જ્યારે જંગે ખંદક ચાલતી હતી ત્યારે "કરીઝા" કબીલાનો સરદાર "**કઅબ બિન અશરફ**" ખયબરના યહુદી **હઇ બિન અખતબ**ના ભરમાવવાથી મુસલમાનોના શત્રુઓ સાથે જઇ મળ્યો, અને તેઓએ જાહેર કર્યું કે "અમે બની નોઝયરનો બદલો લીધાં વિના રહીશું નહીં." આ ઉપરથી હઝરતે તેઓના કીલ્લાઓની આસપાસ ઘેરો ઘાલ્યો; છેવટે યહુદીયો કંટાળી ગયા અને ફેસલો કરાવવા "**સઅદ બિન મઆઝ**" ને પંચ તરીકે નીમ્યા જેઓએ એવો ચુકાદો કર્યો કે તેમના એટલે બની કરીઝાના લડવૈયાઓને **કતલ** કરવામાં આવે પણ સ્ત્રીયો અને બચ્ચાઓ કે જેઓ લડાઇ કરવા યોગ્ય નથી તેમનું રક્ષણ કરવામાં આવે. મુસલમાનો તેમના આ ચુકાદા પ્રમાણે વર્ત્યા. આ વૃતાંત કુરઆને શરીફના સુરએ અહઝાબમાં વર્ણવેલું છે.

હઝરતને કતલ કરવાનો મનસુબો.

ખંદકની લડાઇમાં અબુસુફયાન હલકાઇ અપમાન અને હાર પામવાના સબબે હઝરત ઉપર ગુસ્સાથી દાંત કચડી રહયો હતો, પણ શું કરે ? જ્યારે તેનું કાંઇ ન ચાલ્યું અને સર્વે વાતે નિષ્ફળ ગયો ત્યારે તેણે એક **અઅરાબીને** રસ્તાનું ભાતું અસ્વારી ઇત્યાદી દ્રવ્ય આપી હઝરતને કતલ કરવાના મનસુબાથી રવાના કર્યો. તે માણસ હઝરતને કતલ કરવાના મનસુબાથી મદીનામાં આવ્યો પણ **અલ્લાહો અકબર !** જ્યારે તેણે હઝરતને વઅઝ-(ઉપદેશ) કરતાં જોયાં અને સાંભળ્યા ત્યારે તેના મનમાં એવો ઉંડો અને સાચો અસર થયો કે તરતજ તે મુસલમાન થઇ ગયો. આ પછી લોકોના ફીસાદ ફીતનાથી હઝરતને ઘણી લડાઇઓ લડવી પડી હતી જે સર્વે લડાઇયોમાં વિજય હઝરતનાજ પક્ષમાં રહ્યો હતો. **દુમ્મતુલ જન્દલ** જે એક પહાડી કીલ્લો અને ખ્રીસ્તીયોની વસ્તી હતી, ત્યાંના લોકો પ્રથમ તો હઝરતને સતાવવા ફસાવવા તૈયાર રહ્યા, પણ છેવટે હઝરતની સભ્યતા ભરી બોધ વાણીથી તેઓનો સરદાર **અમીર અસબગ બિન અમરૂ કલબી** ઘણાં માણસો સાથે મુસલમાન થઇ ગયો. પછી ફિદકમાં રહેતાં યહુદીયો ખયબરના દેશનિકાલ થએલાં યહુદીયોની મદદ કરવા તૈયાર થયા હતા તેઓને પણ હઝરતે હરાવી હઠાવ્યા.

હોદબીયાની સલાહ.

હી૦ સં૦ ૬ના ઝીકાઅદ માસમાં હઝરતે મોહમ્મદે (સ૦)એ સ્વપ્નું જોયું કે અમન ચૈનથી મરજીદે હરામ મકકા (ખાનએ કઅબા)માં દાખલ થઇ ગયાં છીયે. લોકો ઉમરાની ક્રીયા બજાવી લાવે છે, કોઇ માથું મુંડાવે છે, કોઇ વાળ કપાવે છે અને ઘણાજ છુટાપણા અને અમન ચૈનથી હજની ક્રીયાઓ પુરી થાય છે. પયગમ્બરોના સ્વપ્ના તે એક પ્રકારના ઇલ્હામજ (પ્રેરણા) હોય છે. આ ઉપરથી તેઓ આશરે દોઢ હજાર અસ્હાબો (શીષ્યો)ને લેઇ કુરબાની કરવાના ઉંટો ઇત્યાદી હજની સર્વે સામગ્રી સાથે મકકા મોઅઝ્ઝમા તરફ રવાના થયા.

જ્યારે મકકાવાળાઓને હઝરતના આ રવાના સમચાર મળ્યા ત્યારે તેઓ પોતાની આસપાસ રહેનાં આરબોના કબીલાઓ લઇ હઝરત સાથે મુકાબલો કરવા માટે બલદા નામની જગ્યા આગળ આવ્યા, પણ તેઓ ત્યાં આગળ હઝરત સામે ટકી ન શકવાથી નાશી ગયા. અને હોદબીયા*ની સીમા બહાર નીકળી ગયા.

---

*—મકકાથી એક મનઝિલ છેટે એ નામનું એક ગામ છે, અને ત્યાં એજ નામનો એક કુવો છે.

જ્યારે હઝરત **સનીઉલમરાર** નામની જગ્યાએ પહોંચ્યા ત્યારે આપની સાંઢણી પોતાની મેળે બેશી ગઇ. સર્વે જણાઓએ તે સાંઢણીને ત્યાંથી ઉઠાડવા પ્રયત્ન કર્યા પણ તે સાંઢણી ત્યાંથી ઉઠી નહીં. હઝરતે ફરમાવ્યું " જેવી રીતે **અસ્હાબેફીલ**‡ના

---

‡ અસ્હાબે ફીલ એટલે હાથી વાળાઓ, આ એક હઝરતના આ ભુમી ઉપર આવવાની ખુશ ખબરી લાવનારો બનાવ હતો. જે હઝરતના જન્મ મુબારીકની **૫૦** દીવસ અગાઉ બન્યો હતો. તે બનાવ ટુંકમાં એવી રીતે છે કે **અબરહા ઇબ્નલ સબાહ** હબશાના નજ્જાશી બાદશાહ તરફથી યમનનો **ગવરનર** હતો અને તેનો ધર્મ ખ્રીસ્તી હતો. તેણે જ્યારે જોયું કે યમનના, અને આસપાસના બલકે આખા અરબસ્થાનના સર્વે લોકો મક્કામાં આવેલાં **ખાનએ કઅબા**ની જાત્રાએ જાય છે અને તેને પુષ્કળ માનની નજરથી જુવે છે ત્યારે તેના મનમાં અદેખાઈ અને ઇર્ષાની અગ્નિ સળગી ઉઠી. અને તેને ખ્યાલ આવ્યો કે સર્વે લોકો કઅબાની જાત્રા અર્થે મક્કા ન જાય અને કઅબાને તેઓ જે પુજ્ય માન આપે છે તે ન આપે અને સર્વે જણ તેની પોતાની એવી પુજ્ય શેવા બજાવે તો ઠીક થાય. એવા વિચારથી તેણે એક જુદું મોહટું ગીરજા-દેવળ પોતાના દેશ " સનાઆ "માં બનાવ્યું. આ દેવળને તેણે હીરા મોતી અને સોના ચાંદી ઇત્યાદી જવાહીરાતોથી સુશોભીત કરવામાં કાંઇ મણા રાખી નહીં. પછી તેણે પોતાની પ્રજાને

હાથી આગલ ચાલી શકયા ન હતા તેમ આ સાંઢણી ખુદાના હુકમથી અહીં બેઠી છે.” પછી હઝરતે ફરમાવ્યું “જ્યાં સુધી હું મ્હારાથી બનશે ત્યાં સુધી **ખાનએ કાબાની** બેહુરમતી

અને બીજાં સર્વે લોકેને **ખાનએ કઅબાની** જાત્રાએ જવું મુકી દઇ આ નવા દેવળની જાત્રાએ જવાની ઉશ્કેરણી કીધી પણ તેની સર્વે મહેનત નિષ્ફળ ગઇ આરબોના મનમા **ખાનએ કઅબાની** મહત્વતા જડ ઘાલી બેઠી હતી તે કેવી રીતે નીકળત ? તેઓ હમેશાંના પુજ્ય ઘર—દેવળને મુકીને એક ખ્રીસ્તી દેવળ તરફ કેવી રીતે વલણ કરી શકત ? તો પણ કેટલાંક જુજ અબરહાના ખુશામદીયાઓ તે **સનાઆના** દેવળની જાત્રાએ જવા લાગ્યા હશે તેથી મકકાના કુરૈશીયોએ ચીડાઇ જઇ “કેનાનાહ” ના કબીલામાથી એક “નૌફિલ” નામના માણસને “સનાઆ” માં મોકલ્યો જે રાતો રાત તે દેવળમાં પેસી તેની સર્વે ભીતો અને યજ્ઞકુંડને પોતાના વિષ્ટા મળમુત્ર વડે અપવિત્ર બનાવી ચાલ્યો આવ્યો. આ બાબત જોઇ **અબરહા** ઘણોજ ક્રોધાયમાન થયો. તેણે ખાનએ કઅબાનો તદ્દન નાશ કરવાનો નિશ્ચય કર્યો. મહાભારત સૈન્ય લઇ ખાનએ કઅબા તરફ રવાના થયો; આ સૈન્યમાં મોહટા મોહટા હાથીઓ ઘણાં હતાં જે ઉપરથી આ બનાવનું નામ પડેલું છે. મકકા વાશીઓ આવા બળવાન શત્રુ આવેલા જોઇ ગભરાઇ ગયાં અને પર્વતોમાં જઇ સંતાઇ ગયા, તેઓ મકકા તથા 'ખાનએ કઅબા એ બન્નેનું રક્ષણ કરી

(અપમાન) કરીશ નહી, બલ્કે ખાનએ કાબાની તઅઝીમ (માન) સંબંધી કુરૈશીયો મ્હારી પાસે જે બાબતો માંગશે તે આપ્યા વિના રહીશ નહી." આ કહેવાથી તે સાંઢણી તરત ઉભી થઇ.

શકયા નહી. પણ અલ્લાહુ તઆલાએ પોતે મકકાનું અને પોતાના ઘર ખાનએ કાબાનું રક્ષણ કીધું. જ્યારે અબરહા મકકાની નજદીક આવ્યો ત્યારે તે જે " મેહમુદ " નામના સઉથી મોહટા હાથી ઉપર અસ્વાર હતો તે હાથી મકકા શેહર તરફ આગળ વધ્યો નહી. લોકોએ તેને ઘણુંએ માર્યો પણ તે એક ડગલુંએ આગળ ચાલ્યો નહી. જ્યારે તેને બીજી દીશાએ હાંકતા ત્યારે બીજી દીશા તરફ તે હાથી ખુશીથી જતો હતો પણ મકકાની તરફ ડગલુંએ આગળ વધતો હતો નહીં. જ્યારે તે મહાભારત સૈન્ય આ સ્થીતિમાં હતું એટલામાં સમુદ્રના કીનારા તરફથી ચીલ્લીયો જેવાં પક્ષીયોનું એક ટોળું આવ્યું જેમાંના હરેક પક્ષી પાસે ત્રણ કાંકરા હતા. એક તેની ચાંચમાં અને બીજા બે તેના બન્ને પંજામાં, આ કાંકરાઓ તે પક્ષીયોએ અબરહાના સૈન્યને એવા તાકી તાકીને માર્યા કે જેને કાંકરો વાગતો તે તરતજ મર્ણ પામતો. ત્યાર પછી અલ્લાહે એક મહા મોહટી પાણીની રેલ મોકલી, જે અબરહાના મર્ણ પામેલા માણસોને અને જેઓ કાંકરાઓના મારાથી બચી ગયા હતા તેઓને સમુદ્રમાં ઘસડી ગઇ અને બાકીના જેઓ યમન તરફ નાસી ગયા તેઓ પણ રસ્તામાં હલાક થઇ ગયા.

હઝરતે **હોદબીયાના** કુવા પાસેના મેદાન આગળ પડાવ નાંખ્યો. તે દીવસે **મોહમ્મદ બિન મુસલમાના** બોડીગાર્ડ (કે જેઓ ઇસ્લામી લશ્કરનો પહેરો ભરતા હતા) મક્કા વાશીયોના પચાસ

એ મહાભારત સૈન્યમાંથી માત્ર એકલો અબરહા યમન પહોંચ્યો. જે ત્યાં પહોંચતાંજ સડી સડીને મર્ણ પામ્યો અને તેના માસના ટુકડે ટુકડા અલગ થઇ ગયાં કહેવામાં આવે છે કે **અબરહાના** સૈન્યમાંનો **અબુયકસુમ** નામનો એક માણસ રાતા સમુદ્રની વાટે થઇ હબશામાં નાશી ગયો અને ત્યાંના બાદશાહની હજુરમાં જઇ "અબરહા" ના લશ્કરનો કરૂણારસ અહેવાલ વર્ણવવા લાગ્યો. બાદશાહે તેને પુછ્યું કે "તે પક્ષીયો કેવાં હતાં?" અબુયકસુમે તરતજ એક પક્ષી દેખાડયું જે તેના માથા ઉપર ભમતું ભમતું હબશા સુધી આવ્યું હતું; હજુ આ દેખાડતો હતો એટલામાંતો તે પક્ષીયે બરાબર તેના માથા ઉપર એવો કાકરો માર્યો કે તરતજ તે મર્ણ પામ્યો.* **મહાન પયગમ્બર** હઝરત મોહમ્મદ સ૦ મક્કામાં જન્મ પામનાના હતાં તેની બરકતથી ખુદાએ તઆલાએ **મક્કાના અને ખાનએ કઅબા** શત્રુઓને પાછા હઠાવ્યા, આનું વર્ણન કુરઆને શરીફમાં પણ ખુદાએ ફરમાવેલું છે "શું તેં જોયું નહીં? કે ત્હારા મુરબ્બી ખુદાએ ખાસ તારી ખાત

---

*—આ બાબત **જોર્જ સેલ્સ** નામના અંગ્રેજે કુરઆનના કીધેલ ઇંગ્રેજી તરજુમામાં લખી છે.

જાસુસ (દુત) પકડીને હઝરતની શેવામાં હાજર કર્યા. હઝરતે તેઓને નજર કેદ રાખ્યા.

મકકા જેવી પવિત્ર ભુમી† ઉપર લડાઇ અને તેનું અપમાન ન થવા દેવાના હેતુથી હઝરત દુશ્મનોની પુઠે ન પડતાં હોદયબીયામાં રહ્યા. તેનો લાભ કુરૈશી શત્રુઓએ લીધો અને હઝરતને કહેવરાવ્યું કે "અમે તમને મકકામાં પેસવા દઇશું નહી." હઝરતે ઉત્તર આપ્યો "**હું લડવા માટે આવ્યો નથી પણ ઉમરો § બજાવી લાવવા આવ્યો છું.** વરકાએ આ સમાચાર કુરૈશોને પહોંચાડયા અને પોતાની

અસ્હાબે ફીલની સાથે શું કર્યું ? તેઓ ઉપર પક્ષીયોના ટોળે ટોળાં મોકલ્યાં અને (તેઓ કાંકરાઓ અને પત્થરથી તેઓની સારી ખબર લેતા હતા અને એવી રીતે તેઓના લશકરને જોત જોતામાં તબાહ અને તતર બતર કરી વિખેરી નાખ્યું." બાઇબલમાં લખ્યું છે કે— "આ એ પત્થર છે કે જેના ઉપર તે પડશે તે ચુરના ચુર થઇ જશે." (મતી ૪ પ્રકરણ ૨૨)એ બાબતની સાબીતી અહીંયાથીજ થાય છે કે " જેણે ખાનએ કઅબાનું અથવા હઝરતે મોહમ્મદ (સ૦) નું અપમાન કર્યું તે અલ્લાહના ગઝબ—ક્રોધમાં ફસી ચકનાચુર થઇ ગયો.

† તે ભુમી ઉપર લડાઇ કે કતલ ચલાવવી હરામ છે.

§ આ એક જાતની ક્રીયા છે.

તરફથી મુસલમાનોને ઉમરો બજાવવાની મનાઇ ન કરવાની શુભ સલાહ આપી, પણ કુરૈશીયો માન્યા નહીં બલકે તેને પણ છાનામાના મુસલમાન થઈ ગએલાઓમાં ગણ્યો અને તેને બીજીવાર ન મોકલતાં **મસઉદ સકફી** ને મોકલ્યો: તેણે હઝરતનું ઘણું અપમાન કર્યું અને સભ્ય માણસને ન છાજે એવી વર્તણુંકથી વરત્યો, પણ હઝરત તેની તોછડાઇ અને ઉદ્ધતાઇની કાંઇ દરકાર ન કરતા નમ્રતા, ધૈર્યતા અને સહનશીલતાથી ઉત્તર આપે ગયા. તેણે હઝરતના શત્રુઓ કુરૈશીયો પાસે આવીને કહ્યું કે "હું રૂમ અને ઇરાનના શેહનશાહના દરબારમાં ગયો છું પણ સાચું કહુ છુ કે મોહમ્મદ (સ૦) ને તેના શીષ્યો તરફથી જે માન મળે છે તે માન એકકે શેહનશાહને મળતું નથી. જ્યારે તે વઝુ કરવા માટે બેસેછે ત્યારે તેના શિષ્યો દોડીને ઢોળાયલું પાણી પી લે છે, અને જ્યારે તે થુંકે છે ત્યારે ચાટી લે છે અને તેનો જે વાળ ખરેછે તે ઘણાજ માન્ય સાથે ઉપાડી લે છે." જ્યારે મક્કાવાળા માન્યા નહી ત્યારે તેઓની પાસે હઝરતે ઉસ્માન ર૦ ને પોતાના પ્રતિનિધી તરીકે મોકલ્યા, પ્રથમતો તેઓ હઝરત ઉસ્માન ર૦ સાથે સારી રીતે વરત્યા પણ પછી તેમને, સાથેના દસ માણસો સુદ્ધાં કેદ કરી લીધાં. જ્યારે હઝરતે ઉસ્માન ર૦ કેદ થયાં અને પાછા આવ્યા નહી ત્યારે ચારે તરફ તેઓ માર્યા ગયાના સમાચાર પ્રસરી ગયા જેથી હઝરતે પોતાની સાથેના સર્વે લોકો પાસેથી, અગર લડાઇનો પ્રસંગ આવેતો દરેક જણ જીવ જતાં પણ લડાઇથી પાછો હઠશે

નહી એ વિશે બયઅતક§ લીધી; સર્વે જણાઓએ હઝરતના હાથ ઉપર બયઅત કીધી અને એ બયઅતનું નામ **બયઅતે રિઝવાન** પડ્યું.

જ્યારે કુરેશીયોએ મુસલમાનોની **બયઅત** અને સંપ કરી લડવાના સમાચાર સાંભળ્યા ત્યારે મુસલમાનોથી ત્રાસ પામ્યા અને તેઓની તરફથી હઝરતની સેવામાં સુલેહનો સંદેશો લઇ ત્રણ જણ આવ્યા. તેઓમાંના એકનું નામ **સોહેલ બિન અમર** હતું. **સોહેલની** અરજથી હઝરતે કુરૈશીયોના પચાસ જાસુસોને, અને કુરૈશીઓએ હરઝતે ઉસમાન ર૦ને કેદમાંથી મુકત કર્યા; અને પક્ષકારો વચ્ચે સુલાહ નામું લખવાનો તાજો ઠરાવ થયો. **હઝરતે અલી** અ૦ સુલાહનામું લખવા બેઠાં. હઝરતે ફરમાવ્યું "**બિસ્મિલ્લા હિર રહમા નિર રહીમ**† " લખો." સોહેલ બોલી ઉઠયો. "અમે **રહમાન** (દયાળુ) અને **રહીમ** (કૃપાળુ) ને ઓળખતાં નથી. માત્ર "**બિસ્મેક અલ્લા હુમ્મ**‡ લખો;" હઝરતે ફરમાવ્યું "**હાઝા માસાલેહા અલયહે મોહમ્મદ રસુલુલ્લાહ*** લખો."

---

§ બયઅત—હાથ ઉપર હાથ મુકી પ્રતિજ્ઞા લેવાને કહે છે.

† કૃપાળુ અને દયાળુ ખુદાના નામથી શરૂ કરૂં છું.

‡ હે! અલ્લાહ ત્હારા નામથી.

* આએ સલાહ નામું કે જે ઉપર ખુદાના રસુલ મોહમ્મદ (સ૦)એ સુલાહ કીધી.

સોહેલ બોલી ઉઠયો "રસુલુલ્લાહ (અલ્લાહનો પૈગમ્બર). ન લખો, અગર અમે તમને અલ્લાહનો રસુલ પૈગમ્બર માનતાં હોત તો કઅબાની જાત્રાથી શા માટે રોકત? માટે "મોહમ્મદ બિન અબદુલ્લાહ†" લખો" "આ વખતે કાફેરોએ તે શબ્દ કાપી નાંખી છેકી નાંખવા માટે ઘણી હઠ લીધી. મુસલમાનો ઉશ્કેરાઇ ગયા. હઝરતે તેમને શાંત પાડયા. હઝરતે અલી અ૦મે તે શબ્દ પોતાના હાથે છેકયો નહીં. હઝરતે પોતાના હાથે તે શબ્દ કાઢી નાંખ્યો; પણ શું અલ્લાહની કુદરત! અને તેના પયગમ્બરનો ચમત્કાર! કે તેજ લોકો થોડાં વખત પછી "મોહમ્મદ રસુલુલ્લાહ‡" "મોહમ્મદ રસુલુલ્લાહ"ના અવાજે બુલંદ કરવા લાગ્યા. એજ અવાજે આખા આલમ ઉપર પહાડો અને જંગલોમાં ગજના કરતાં ફરે છે. તે સુલાહનામામાં આ ત્રણ શરતો હતી. પહેલી આ વખતે તે હઝરત ઉમરો બજાવ્યા વિના પાછા ચાલ્યા જાય. હા જો ચાહે તો આવતા વર્ષે આવી કઝા બજાવી લાવે, પણ તે વખતે ત્રણ દીવસથી વધારે રહે નહીં, અને એક એક તલવાર કરતાં વધારે હથીયાર લાવે નહીં. બીજી દસ વર્ષ સુધી સઘળાં સલાહ સંપથી રહે. કોઇ એક બીજાના પક્ષકાર અને

---

† અબદુલ્લાહનો પુત્ર મોહમ્મદ (સ૦)

‡ મોહમ્મદ અલ્લાહના રસુલ એટલે પૈગમ્બર છે.

તરફદારની સાથે લડે વઢે નહી ત્રીજી જો કોઇ કુરૈશમાંનો માણસ મદીને ચાલ્યો જાય તો તે પાછો આપવામાં આવે. પણ જો મુસલમાનોમાંનો કોઈ કુરેશ તરફ ચાલ્યો જાય તો તેઓ પાછો સોંપે નહીં. કુરૈશીયોએ આ સઘળી શરતો પોતાનાજ લાભની લખાવી હતી; પણ હઝરત ખુદાના ઉપર પુર્ણ વિશ્વાસ રાખતા હતા અને લડાઇ અને કુસંપ વધારવા માંગતા ન હતાં અને એજ સુલેહનામાનું શું પરિણામ આવનારૂં છે તે પોતાના ઇલ્મથી જાણતા હતા તેથી એવું લખી આપતા હતા. અગર તે વખતે મુસલમાનો સુલેહ ન કરતાં કાફેરો સાથે લડત તો મુસલમાનોમાંના કેટલાક માર્યા જાત. પણ સુલેહ થવાથી તેઓને અમન ચૈન અને શાંન્તીથી ઇસ્લામને ચારે તરફ કાંઇ પણ ઝિઝક વિના પ્રસારવાની તક મળી. પરિણામે મકકાહની ફતેહના દીવસે સર્વે કુરૈશીયો અને આસપાસના એ લોકો કે જેઓ કુરૈશીયોના મુસલમાન થવાની રાહ જોતાં હતા તેઓ સર્વ મુસલમાન થઇ ગયાં. આખા અરબસ્થાનમાં ઇસ્લામનો ડંકો વાગ્યો, અને ત્યાંથી આખા આલમમાં તે પ્રસરી ગયો અને તેથીજ આ બનાવને ખુદાએ તઆલાએ ફત્હ મોબીન (ખુલ્લી ફતેહ) ફરમાવેલ છે. આ સુલેહ થવાથી મુનાફીકો (એટલે જાહેરમાં મુસલમાન અને અંતરમાં કાફીર) હઝરત ઉપર ટીકા કરી કહેવા લાગ્યા કે હઝરતનું સ્વપ્નું ખોટું પડયું, અને તેઓ કહેતા હતા તેમ મક્કામાં દાખલ થઇ શકયા નહીં. હઝરતે જે સ્વપ્નું જોયું હતું તેમાં

કાંઇ એમ વખત દર્શાવેલો ન હતો કે આજ વર્ષે મક્કામાં દાખલ થઇશું મક્કામાં દાખલ થયા એટલુંજ સ્વપ્નું જોયું હતું. આ વર્ષે નહીં તો આવતા વર્ષે અને તેમજ થયું. જેમકે બીજા વર્ષે ઓછામાં ઓછાં બે હજાર મુસલમાનો મક્કામાં આવ્યા અને કઝા ઉમરો બજાવી લાવી કરાર પ્રમાણે ત્રણ દીવસ સુધી રહી ચાલ્યા ગયાં! હજરતનું સ્વપ્નું સાચું પડયા પછી ખુદાએ તઆલાએ એ આયત નાઝીલ ફરમાવી કે જેનો તરજુમો એ છે કે "**અલ્લાહ તઆલાએ પોતાના રસુલને ઇનશા અલ્લાહો તઆલા* તમે નિસંશય મસજીદે હરામ§માં પોતાના માથા મુડાવતા અને વાળ કતરાવતા નિર્ભયપણે દાખલ થશો એ સ્વપ્નું સાચું કરી દેખાડયું.**"

---

* ઇનશા અલ્લાહ. જો અલ્લાહ ચાહે તો

§ મસજીદે હરામ-કઅબા

મીસર, રૂમ, ઇરાન અને હબશાના બાદશાહોને ઇસ્લામ લાવવાના પત્ર.

હોદબીયાની સુલેહ થવા પછી હઝરતે મોહમ્મદે (સ૦)એ જે મહાન બાદશાહોના નામ સાંભળી લોકો ધ્રુજતા હતા તેઓને એકદમ ઇસ્લામ કબુલ કરવાના પત્ર લખ્યા. ખ્રીસ્તી રોમન શહેનશાહ "હરકુલ" (કયસર), **નજાશી,** મીસરના બાદશાહ **મકુકસને** અને ઇરાનના બાદશાહ **ખુસરવ પરવીઝ** (કીસરા) ને પત્ર લખ્યા કે " **ઇસ્લામ ધર્મ કબુલ કરશો તો આ લોકમાં અને પરલોકમાં માનને પાત્ર થશો. અને નહી તો આ લોકમાં અને પરલોકમાં અપમાન પામી બરબાદ અને પાયમાલ થઇ જશો એટલુંજ નહીં પણ તમારી તાબેદાર પ્રજાના પાપ પણ તમારે શીર લેશો** " રૂમનો શેહનશાહ હઝરતનો પત્ર વાંચી ઘણાં માન પુર્વક વર્ત્યો. તે સમયમાં હઝરતનો શત્રુ અબુસુફયાન પોતાના સાથીઓ સહીત વ્યાપાર માટે ત્યાં ગએલો હતો. રોમન શહેનશાહે તેને પોતાની પાસે બોલાવી હઝરત વિશે કેટલાંક પ્રશ્ન

પુછ્યા. અબુસુફયાનની મરજી હઝરત વિશે જુઠી વાતો શહેનશાહને કહેવાની થઇ પણ તે કહી શક્યો નહીં, જ્યારે અબુસુફયાન તેના સઘળા પ્રશ્નનો ઉત્તર આપી રહ્યો ત્યારે શેહનશાહ "હરકુલ" બોલી ઉઠયો કે " બાઇબલમાંની ભવિષ્ય વાણી ઉપરથીજ મને એ ખબર હતી કે **ફારકલીત** (એહમદ*) આવનાર છે, પણ હે! અરબ નિવાસી લોકો મને એ ખબર નહોતી કે તે તમારામાંથી જાહેર થશે." પછી તે હઝરત ઉપર ઇમાન લાવ્યો. પણ પ્રજાના ભયથી તેને જાહેરમાં ખ્રીસ્તી રહેવું પડયું. હબશાનો બાદશાહ **નજાશી** તો પ્રથમથીજ ઇમાન લાવેલો હતો. તેણે, હઝરતના પત્રને ઘણું માન આપ્યું. મીસરના બાદશાહ મકુકસે પણ તાબેદારી કરવી જાહેર કીધી અને હઝરતની તાબેદારી સ્વીકારી. પણ ઇરાનના **શાહ પરવીઝે** હઝરતનો કાગળ ફાડી નાંખ્યો. અને એકદમ ક્રોધાયમાન થઇ **યમનના** ગવરનરને હુકમ લખી મોકલ્યો કે "આ માણસને (મોહમ્મદ સ૦ને) પકડી એકદમ મ્હારી પાસે મોકલી દે." યમનના હાકિમે હઝરતને પકડવા માટે કેટલાંક સીપાહીયો મોકલ્યા. હઝરત આ વખતે બે ચાર અસહાબો સહીત મસજીદમાં બેઠા હતા.

* હઝરત મોહમ્મદનું નામ એહમદ પણ છે.

તે સીપાહીયો હઝરતના રોઆબથી ધ્રૂજતા હતા. તેઓએ પરવીઝનો હુકમ સંભળાવી કહ્યું કે "અમારા ખુદાવંદ*ને શો જવાબ આપો છો ?" હઝરતે ફરમાવ્યું "તેનો જવાબ કાલે મળશે." બીજે દીવસે સવારે હઝરતે તેમને ફરમાવ્યું કે "**જેને તમે ખુદાવંદ કહો છો તે ખુદાવંદ નથી પરંતુ જે મરણને શરણ નથી, જેનો નાશ નથી તે ખરો ખુદાવંદ છે. જાઓ તમારો ખુદાવંદ આજ રાત્રે માર્યો ગયો છે. મારા સાચા ખુદાવંદે તેના દીકરા શેરવીયાને તેના ઉપર કબજો આપ્યો તેથી તે આજ રાત્રે તેના હાથથી કતલ થયો છે. અને એજ મ્હારો જવાબ છે.**" હઝરતના આ ચમત્કારથી યમનનો હાકિમ અને બીજાં ઘણાં લોકો તે હઝરત ઉપર ઇમાન લાવ્યા. કેમકે પરવીઝ પોતાના દીકરાના હાથથી હઝરતના ફરમાવ્યા પ્રમાણે માર્યો ગયો હતો. હઝરતનો કાગળ ફાડી નાંખવાના સમાચાર મળતાંજ હઝરતે ફરમાવ્યું હતું કે "**હે ! અલ્લાહ ! જેવી રીતે તેણે મ્હારો પત્ર ચીરી નાંખ્યો છે તેવી રીતે તું પણ તેને ચીરી નાંખ**" અને થયું પણ તેમજ. તેની હજારો વરસોથી જામેલી બાદશાહત કેટલાંક આરબ મુસલમાનોએ

* માલીક, સ્વામી—નાથ.

જીતી લીધી, અને ત્યાં મુસલમાનોની સત્તા સ્થાપાઇ. એવીજ રીતે મીસર અને રૂમમાં પણ ઇસ્લામી વિજયપતાકા ફરકવા લાગ્યા અને અલહમ્દોલિલ્લાહ અત્યાર સુધી તે સઘળી સલતનતો વિજયી મુસલમાનોનાજ હાથમાં છે.

હઝરતે ભવિષ્ય વાણી રૂપે ફરમાવ્યું હતું કે " જ્યારે કયસર§ હલાક થશે ત્યારે બીજો કોઇ કયસર થશે નહીં અને જ્યારે કિસરા‡ હલાક થશે ત્યારે બીજો કોઇ કિસરા થશે નહી." એ ભવિષ્ય વાણી તદદન ખરી પડી.

§ રોમન એમ્પરર

‡ પરશીયન એમ્પરર

ફત્હે ખયબર.

હી૦ સ૦ ૮.

ખયબરના યહુદીયો એજ લોકો હતાં કે જેઓને મદીનાની બહાર કાઢી મુકવામાં આવ્યા હતા, અને જેઓ મકકાના કાફેરોને ઉશ્કેરીને જંગે ખંદકમાં મુસલમાનો સામે લડવા લાવ્યા હતા અને પોતે પણ લઢીને ખ્વાર થયા હતા. તેઓના ગનમાંથી હજુ સુધી મુસલમાનોની અદાવત નાશ પામી હતી નહીં તેઓ પોતાના મોહટા મોહટા કીલ્લાઓ ઉપર ગર્વ કરતા હતા અને મુસલમાનોને તુચ્છ ગણતા હતા. તેજ વર્ષે તેઓએ મદીના ઉપર ચઢાઇ કરવાનો નિશ્ચય કર્યો જેના સમચાર હઝરતને પહોંચ્યા. હઝરતે મહાભારત લશ્કર સાથે જઇ તેઓને હરવી દીધાં જે કીલ્લાઓ ઉપર તેઓ ગર્વ કરતા હતા તે સઘળાં કીલ્લાઓ **હઝરતે અલી** ક૦એ જોત જોતામાં જીતી લીધાં. જે કીલ્લાઓ ઉપર તેઓના અભિમાનનો આધાર હતો તે શરણે થયાં ત્યારે તેમણે મુસલમાનોની ઇચ્છા પ્રમાણે કેટલીક શરતો કરી સુલાહ કરી લીધી, આ ખયબરની ફતેહ પછી મુસલમાનો કાંઇ આસુદા અને યહુદી જેવા દુશમનોથી મુકત થયાં. ખયબરની ફતેહ પછી **અહલેતીયા** અને **અહલે ફિદકે** પણ મુસલમાનોની તાબેદારી કબુલ કીધી અને તેથી ઇસ્લામીયોને કેટલેક અંશે ચૈન અને આસુદગી મળી.

જંગે મતાહ.

જમાદીઉલ અવ્વલ હી૦ ૮

શામ (સીરીયા)ની આસપાસમાં એક મૂતા નામનો કસ્બો છે, આ લડાઇ સળગવાનું કારણ એ હતું કે હઝરતે મોહમ્મદ (સ૦)એ બસરાના હાકિમ (ગવર્નર) તરફ પોતાનો એક એપીગો મોકલ્યો, જ્યારે એપીચો મુતામાં પહોંચ્યો ત્યારે મુતા શેહરના ખ્રીસ્તી હાકીમ "શારજીલે" તેને મારી નાંખ્યો. તે હાકિમની ધાર્મીક અને વ્યવહારિક નિયમો વિરૂદ્ધ વર્તણુક જોઇ હઝરતે મોહમ્મદ (સ૦)એ ઝયદ બિન હારિસની સરદારી નીચે ત્રણ હજાર માણસનું લશ્કર મોકલ્યું. બંને પક્ષ વચ્ચે મહા મોહટું યુદ્ધ થયું, આ યુદ્ધમાં મુસલમાનોના **અલમ બરદાર*** **ઝયદ બિન હારિસ, જઅફર બિન તૈયાર અને અબદુલ્લાહ બિન રવાહા શહીદ થયા પણ આખરે મુસલમાનો વિજય પામ્યા.**

આ લડાઇમાં જે ખ્રીસ્તીયો તે તરફ રહેતા હતા તેઓ સઘળાંઓએ ભાગ લીધો હતો અને હરકુલ (રોમન શેહનશાહ) નું લશ્કર જે તેજ દીવસમાં ઇરાન ફતેહ કરી ચુકયું હતું તે પણ શામીલ હતું.

---

* નિશાન ઉઠાવનાર

ફત્હે મકકાનું વર્ણન

હી૦ સ૦ ૮.

હોદબીયાની સલાહની બીજી શરત એ હતી કે કુરૈશીયો, મુસલમાનોના પક્ષકારો, અને મુસલમાનો, કુરૈશીયોના તરફદારો સાથે લઢે વઢે નહીં. બની ખઝાઆ મુસલમાનોના પક્ષકાર હતા; અને બની બકર કુરૈશીયોનાં તરફદાર હતા. બનવાજોગ બની ખઝાઆ અને બની બકર વચ્ચે લડાઇ સળગી ઉઠી; કુરૈશીયોએ આ વખતે સુલેહનામાની શરતનો ભંગ કર્યો અને બની બકરની કુમકે જઈ બની ખઝાઆના વીસ માણસો મારી નાંખ્યા. હઝરતે મોહમ્મદ (સ૦)ને આ સમાચાર પહોંચ્યા. અમર બિન સાલિમ ખઝાનડીએ આપની સેવામાં હાજર થઇ સર્વે અહવાલ કહ્યો, હઝરતને કુરૈશીયોએ સુલેહ તોડવાથી ઘણી દીલગીરી થઇ અને તેમનો વિશ્વાસ ઉઠી ગયો. તેઓએ કહ્યું કે "આ કરારનો ભંગ કરનારા લોકો લાગ જોઇ આપણી સાથે પણ લડવા તૈયાર થઇ જાય એ સંભવીત છે' હઝરત બની ખઝાઆની મદદ કરવા માટે તૈયાર થયા, કાફેરો આ સમાચાર સાંભળી ગભરાયા અને તેમણે વળી કરારને તાજો કરવા માટે પોતાના સરદાર અબુસુફ્યાનને

મોકલ્યો જે એમને એમ પાછો આવ્યો. હવે હઝરત નવો કરાર કરી તેઓ ઉપર વિશ્વાસ રાખી શકતા ન હતા તેમજ હઝરતને બની ખઝાઆની મદદ કરવી અવશ્ય હતી, હઝરત **દસ હજાર** શુરવીરોનું મહા ભારત લશ્કર લઇ **મકકએ મોઅઝ્ઝમા**ની તરફ રવાના થયા અને મક્કામાં દાખલ થયાં. જે શેહરમાંથી તેમને હિજરત કરવી પડી હતી તે શેહર આજે જીતાયું તે કાંઇ ઓછાં હર્ષનું કારણ નહોતું. આવા વિજયના માંગળીક સમયે કોઇ બીજો હોત તો પોતાના શત્રુઓ ઉપર (શત્રુઓ પણ કેવા કે જેઓએ અનેક અસહ્ય સંકટો આપ્યા હોય અને પળવાર પણ ઝપીને બેસવા દીધાં ન હોય !) ગધેડાઓનો હળ ફેરવત, આખા શેહરને લુંટત અને કત્લે આમ ચલાવત, પણ આપ સાચા પૈગમ્બર હતા તેથી શેહરમાં દાખલ થતાંજ તેમણે નીચે પ્રમાણે ઢંઢેરો પીટાવ્યો.

૧. જે માણુસ કઅબામાં દાખલ થઇ જાય તેને અમાન* છે.

૨. જે માણુસ અબુસુફ્યાનના ઘરમાં દાખલ થાય તેને અમાન છે.

૩. જે માણુસ પોતાનો દરવાજો બંધ કરી લે તેને અમાન છે.

---

*રાહી સલામતી.

૪. જે માણસ પોતાના હથિયાર મુકી દે તેને અમાન છે અને તેમણે પોતાના લશ્કરમાં કહેવરાવ્યું કે જ્યાં સુધી તમારી સાથે કોઇ લઢવાની પહેલ ન કરે ત્યાં સુધી તમારે લઢવું નહીં.

જેમકે કેટલાંક કાફેરોએ મુકાબલો કર્યો હતો તેઓને મુસલમાનોએ હરાવી દીધાં હતા. ઇસ્લામનો સંપુર્ણ વિજય થયો. અલ્લાહ તઆલાનું એ વચન પુરૂં થયું કે " અલ્લાહે ત્હારા ઉપર કુરઆન પહોચાડવું ફરઝ કર્યું છે તે એ વચન પણ જરૂર પુરૂ કર્યા વિના રહેશે નહીં કે એજ મક્કામાં કે જ્યાંથી કાફેરોએ તને એવાં એવાં સંકટો આપીને કાઢયો છે ત્યાંજ પાછો તું શાનો શવકતથી (પુરા દમામથી) રહીશ " જ્યારે હઝરત મક્કામાં દાખલ થયાં ત્યારે કાફેરોના મનમાં એમ આવ્યું કે હવે આપણા ભોગ મળ્યા. આપણે હઝરત ઉપર જે જે જુલ્મો અને સીતમો કીધાં છે અને તેઓને જે જે દુઃખો સંકટો આપ્યા છે તેનો અને તેમના અસ્હાબોને **તેર** વર્ષ સુધી જે અસહ્ય આફતોમાં નાંખ્યા છે તેનો બદલો હઝરત લીધા વિના રહેશે નહીં. હમણાં હાલ આપણા ચુરેચુરા કરવામાં આવશે. પણ વાહ ! વાહ ! તે ક્ષમાવાન મહાન પયગમ્બરે તેમની બુરાઈનો બદલો **બુરાઇથી ન લેતા અને જુલમના બદલામાં જુલમ ન કરતાં** સરવે જણાઓને તેમની અજ્ઞાનતાના કત્યો માફ કર્યા અને સરવેને

અભય વચન (અમન) આપ્યું. પોતે તેર વર્ષ સુધી જે જે સંકટો અને મુસીબતો વેઠી હતી તે ભુલી ગયા અને એવો વિવેક અને સદ્‌ગુણ દેખાડયા કે પેગમ્બરો સિવાય કોઇ પણ માણસ તેવો વિવેક અને સદ્‌ગુણ દેખાડી શકતો નથી.

જ્યારે તેઓ હઝરત યુસુફ અ૦ની જેમ બાદશાહતના તખત ઉપર બિરાજ્યા, ત્યારે તેમના સઘળા શત્રુ હાથ જોડી હારબંધ હઝરતની સમક્ષ ઉભા રહ્યા. તેઓના મનમાં હતું કે બસ હમણાં હાલ આપણને કતલ કરવાનો હઝરત હુકમ આપશે, આ દુન્યામાં આપણે બેચાર ઘડીના મેહમાન છીયે, આપણે આપણી કરણીનું ફળ પામીશું, હવે મુકતીની આશા રાખવી વ્યર્થ છે. આ પ્રમાણે તેઓ નિરાશ થએલા મન સાથે વાદ કરી રહયા હતા તેવામાં હઝરતે તે જુલ્મ ગુજારનારાઓ—હારી ગએલા શત્રુઓને પુછ્યું કે **"હે! લોકો તમે મ્હારાથી કેવી આશા રાખો છો? હવે મ્હારે તમારી કરણી એટલે જુલમની શું શીક્ષા કરવી જોઇએ?"** આ પ્રશ્ન સાંભળી સરવે જાલીમોએ ઉત્તર આપ્યો કે "અમે અમારા જુલ્મ અને સીતમના કારણથી ખરેખર કતલ કરવા ગોગ્ય છીએ; એટલુંજ નહી પણ અમારૂં નામ નીશાન મટાડવા ગોગ્ય છીએ; પણ આપ અમારા મોહટા ઉદાર અને દયાવાન બાઇ છો તેથી અમે ક્ષમા—બખશીશ અને માફીની આશા રાખીયે

છીયે. **ઇતિહાસ કર્તા તિબ્બી** કહે છે કે "જ્યારે આપે આ ઉત્તર સાંભળ્યું ત્યારે તેમનું અંતઃકરણ દયાથી ભરાઇ ગયું આપ રડવા લાગ્યા અને ફરમાવ્યું "**હે! લોકો! જેવી રીતે હઝરતે યુસુફ (અ૦) પોતાના બંધુઓ સાથે વરત્યા હતા તેવી રીતે હું તમારી સાથે વરતીશ. આજે હું તમને કાંઇ શિક્ષા કરતો નથી, અલ્લાહ તમને માફ કરે. જાઓ મેં તમને મુકત કર્યા.**" વાંચક! આ વખતનો દેખાવ એવો હતો કે જોનારો અને પયગમ્બરના માફી આપવાના શબ્દો સાંભળનારો રડયા વિના રહે નહીં સરવે પકડાએલાઓનાં દિલ ભરાઇ આવ્યાં. આંખોમાંથી હર્ષાશ્રુ વહેવા લાગ્યાં. **અખલાકે મોહમ્મદી** (મોહમ્મદ સ૦ ની સભ્યતા તથા વિવેક આદી સદગુણો) ઉપર સરવે લોકો સોજાનથી ફિદા થવા લાગ્યાં, સર્વે કાફરો પોતાની મેળે કુફરની જનોઇ તોડી એકદમ **અશહદો અન લાએલાહ ઇલ્લલ્લાહ વ અશહદો અન્ન મોહમ્મદર રસુલુલ્લાહ*** બોલી ઉઠયા. આ મોહમ્મદી અખલાકનો એવો પ્રકાશ પડયો કે પ્રથમ મક્કાના સરવે લોકો, પછી આખા અરબસ્તાનના લોકો થોકે થોક આવી સત્ય ઇસ્લામ કબુલ કરવા લાગ્યા, હકતઆલાએ આપેલા વાયદા પુરા થયા સત્યનો જય થયો અને પાપ—જુઠનો ક્ષય થયો.

---

* હું શાક્ષી આપું છું કે કોઇ પુજ્ય નથી પણ એકજ અલ્લાહ અને હું શાક્ષી આપું છું કે ખરેખર મોહમ્મદ અલ્લાહના રસુલ (પૈગમ્બર)છે.

હવે ખુદાએ તઆલાના પવિત્ર ઘર કાબાને મુર્તિયોથી સ્વચ્છ કરવાનો વખત આવી પહોંચ્યો. કઅબાની આસપાસ જે મોહટી મોહટી જુદી જુદી ધાતુઓની બનાવેલી ૩૬૦ મુર્તિયો હતી તે હઝરતના ઇશારાથી ધડોધડ ઉંધે મોઢે ભોંય પડી ગઇ અને જ્યાં લાત‡ અને મનાત§ના નામો પોકારવામાં આવતાં હતાં ત્યાં **અલ્લાહો અકબર અલ્લાહો અકબર**§ની ગર્જનાઓના પડઘા પડવા લાગ્યા

‡ § મુર્તિનું નામ છે.

§ અલ્લાહ મહાન છે.

જંગે હોનૈન.

હી૰ ૮ માસ શઅ્‌વાલ.

મક્કા ફતેહ કર્યા પછી આ લડાઇ તાએફની આસપાસમાં આવેલી **હોનૈન** નામની જગ્યાએ થઇ હતી. ત્યાં કેટલાક જંગલી કબીલાઓ, બની હવાઝનની કોમ અને બીજાં કેટલાંક, મુસલમાનો સાથે યુધ્ધ કરવા માટે તૈયાર થઇ રહયા હતા. જ્યારે હઝરતને તેઓની તૈયારીના સમાચાર પહોંચ્યા ત્યારે બાર હજાર માણસોનું શુરવીર લશ્કર લઇ ત્યાં ગયાં. આ લડાઇમાં મુસલમાનો ઘણી સંખ્યામાં હતા તેથી તેઓમાંના કેટલાંકને એવો ગર્વ ભર્યો ખ્યાલ આવ્યો કે જ્યારે આપણી ઓછી સંખ્યા હમેશાં દુશ્મનોની વધારે અને મોહટી સંખ્યા ઉપર વિજય પામે છે ત્યારે આ વખતે તો આપણેજ જીતીશું. તેઓનો આવો ગર્વ ભર્યો વિચાર ખુદા ઉપરના તવક્કલ (વિશ્વાસ) વિરૂદ્ધ હતો તેથી તે ખુદાને પસંદ આવ્યો નહીં. મુસલમાનોને ગર્વ ધારી નહીં બનવાનો પાઠ શીખવવાનો હતો તેથી મુસલમાનો પ્રથમ મૈદાનમાં દ્રઢ રહી શકયા નહીં અને હઝરતને એકલા મુકી નાશી ગયા. માત્ર ગણત્રીનાં ખાસ હઝરત અલી કર૰ જેવા માણસો હઝરત પાસે રહ્યાં. આ લડાઇમાં

હઝરત પોતે એકલા દુશ્મનો સામે હુમલો કરતા હતા અને ફરમાવતા હતા "હું સાચો પૈગમ્બર છું તેમાં કાંઇ જુઠ નથી હું અબ્દુલ્લાહનો દીકરો છું પીઠ દેખાડનારો નથી." આખરે હઝરતે અબ્બાસ કે જેઓનો અવાજ ઘણોજ મોહટો ગર્જના સમાન હતો તેઓએ નાશી ગએલાં મુસલમાનોને ઘાંટા પાડી બોલાવ્યા કે "હઝરત મોહમ્મદ (સ૦) એકલા ઉભા છે તમે ક્યાં નાશી જાઓ છો ? " તેઓના ઘાંટાથી સર્વ મુસલમાનો પાછા વળ્યા અને એવો સખત હુમલો કર્યો કે દુશ્મનો ખુલ્લી રીતે મોહટી હાર પામ્યા અને નાશી ગયા.

ગઝવએ તાએફ.

[હી૦ ૮]

હોનેનની લડાઇથી પરવારી હઝરતે મોહમ્મદે (સ૦)એ તાએફની તરફ કુચ કરવાનો હુકમ આપ્યો. કેમકે **બની સકીફ**ની કૌમ તાએફના કીલ્લાઓમાં ભરાઇ બેશી મહાભારત યુદ્ધની સામગ્રી તૈયાર કરી રહી હતી. હઝરતે તે કીલ્લાઓને ઘેરો ઘાલ્યો. આખરે હઝરતે મોહમ્મદ (સ૦) વિજય પામ્યા અને તાએફ વાશી સઘળા મુસલમાન થયા પણ મુસલમાન થતી વેળા તે લોકોએ એવી દરખાસ્ત કીધી કે "અમારી મોહટી મુર્તી **લાત** તોડવામાં આવે નહીં અને અમોને નમાઝ માફ કરવામાં આવે" હઝરતે તેઓની આ બન્ને દરખાસ્તો ના મંજુર કીધી અને ફરમાવ્યું કે "**જેદીન—ધર્મમાં નમાઝ*** **નથી તેમાં** કાંઇ **ખેર—ખુબી નથી.**"

ત્યાર બાદ લોકો થોકે થોક હઝરતની શેવામાં હાજર થઇ મુસલમાન થવા લાગ્યા અને ખુદાએ પોતાના નબીને

* પ્રાર્થના.

કુરઆનમાં આપેલો વાયદો —(વચન) પુરો થયો, જેમકે ખુદા ફરમાવે છે "જ્યારે અલ્લાહ તઆલાની નુસરત—મદદનો વાયદો પુરો થઇ ચુકયો અને મક્કા ફતેહ થઇ ચુકયું અને 'અલ્લાહના વાયદા પ્રમાણે લોકોનાં ટોળેટોળાં ઘણાં ઝોર શોરથી ઇસ્લામમાં દાખલ થવા શરૂ થઇ ગયા તે ત્હારી આંખો વડે જોઇ લીધું, ત્યારે હવે પોતાના રબની તકદીસ [પવિત્રતા] અને તહમીદ—સ્તુતિ બયાન [વર્ણન] કર અને તેનાથી પોતાની ઉમ્મતના ગુનાહ બક્ષાવ. ખરેખર નિશંશય તે તૌબા—પશ્ચાતાપ કબુલ કરનારો—સ્વિકારનારો છે."

મોસયલમએ કઝ્ઝાબ.

આ નામના માણુસે પૈગમ્બરીનો જુઠો દાવો કર્યો હતો. હી૦ સ૦ ૯ માં તે માણુસ યમામા દેશમાંથી બની હનીફાના ટોળા સાથે મદીનામાં આવ્યો. તેના સર્વે સાથી મુસલમાન થઇ ગયા પણુ તેણે જ્યાં ઉતર્યો હતો ત્યાંથી હઝરતે મોહમ્મદ (સ૦) ને સંદેશો મોકલ્યો કે " જો આપ મને આપનો જાનશીન (પાછળ ગાદીએ બેસનાર) અથવા પ્રતિનિધી બનાવો તો હું આપનો તાબેદાર થાઉં એટલુંજ નહી પણુ મ્હારૂં સઘળું ટોળું પણુ આપને સોંપી દઉં અને તેમ કર્યાથી આપને મોહટી મદદ મળશે. " જ્યારે હઝરતની પાસે આ સંદેશો પહોંચ્યો ત્યારે આપના હાથમાં ખજુરનો એક ડળીયો હતો. હઝરતે ફરમાવ્યું " જો તું મ્હારી પાસે ખજુરનો ડળીયો એ માંગે તો તે પણુ હું આપીશ નહીં; અને જો તું નહીં માને તો ખુદાએ તઆલા જરૂર તને હલાક કરશે " હઝરતની વફાત બાઅદ તે જુઠો દાવો કરનારની સાથે એક લાખ માણુસ જેટલી સંખ્યા થઇ ગઇ કે તેટલી સંખ્યા હઝરતની સાથે વીસ વર્ષમાં પણુ થઇ ન હતી. પણુ સત્ય હમેશાં તરે છે તે પ્રમાણે પહેલાં ખલીફા હ૦ અબુબકર રદી૦ના સમયમાં તે પોતે અને તેના સર્વે સાથી ઘણીજ ખુરાઇથી માર્યા ગયા, અને હઝરતે દીધેલો શ્રાપ સત્ય પડ્યો.

લખે છે કે આ મોસયલમએ કઝઝાબ પોતાને હઝરતે મોહમ્મદ (સ૦)ની પયગમબરીમાં ભાગીયો ગણતો હતો, અને લોકોને પણ એવોજ ઉપદેશ આપતો હતો. તેણે હઝરતે મોહમ્મદ (સ૦) ને એક પત્ર પાઠવ્યો હતો જેની શરૂઆત એવી હતી કે "ખુદાના પયગમ્બર મુસયલમા તરફથી ખુદાના પયગમ્બર મોહમ્મદ (સ૦)ને, હવે અર્ધી પૃથ્વિ મ્હારી અને અર્ધી ત્હારી એવી રીતે થવા દો." હઝરતે તેના આ પત્રનો ઉત્તર આપ્યો જેની શરૂઆત એ હતી કે "ખુદાના પયગમ્બર મોહમ્મદ (સ૦) તરફથી જુઠા મોસયલમાને **પૃથ્વી ખુદાની છે, તે પોતાના બંદા [શેવક] માંના જેને ચાહે છે તેને તે આપે છે, અને જેઓ તેનાથી ભય પામે છે તેઓનું પરીણામ સારૂં આવે છે.**" પછી હઝરતે તેને કતલ કરવા માટે ખાલિદ બિન વલીદની સરદારી હેઠળ લશ્કર મોકલ્યું, પણ ફતેહ અને વિજયની આગમચ હઝરત વફાત પામ્યા. ખાલિદ ફતેહ પામ્યા અને તેને અને તેના સાથીયોને કતલ કરી નાંખ્યા. તેના સાથીયોમાંથી જેઓ માર્યા ગયા ન હતા તેઓ સત્યનો જય જોઇ પાછા મુસલમાન થઇ ગયા.

જંગે તબુક.

[હીજ ૯]

હઝરતે લડેલી લડાઇયોમાં આ છેલ્લી લડાઇ હતી. તે વખતમાં એવી અફવા ચાલી હતી કે હઝરતે મોહમ્મદ સ૦ વફાત પામ્યા અને અરબસ્થાનમાં ભારે દુકાળ પડયો. આ ઉપરથી આવા સંજોગો વચ્ચે રોમન શહેનશાહને અરબસ્થાન જીતી લેવાનો લોભ થયો. હઝરતે મોહમ્મદ (સ૦)એ એવા જોરાવર દુશ્મનને અરબસ્થાન તરફ આવવા દેવા જેટલો વખત આપવો યોગ્ય ન ધારતાં તેને અટકાવવા તેની સામે જઇ લડવા યોગ્ય ધાર્યું. જેમકે તે હઝરત કાંઇ પણ રણસંગ્રામની સામગ્રી વિના તબુકના મેદાનમાં જઈ પહોંચ્યા અને ત્યાં પડાવ નાંખ્યો. રૂમના જાસુસોએ જ્યારે સાદા પણ પુરજલાલ પયગમ્બરને જોયા ત્યારે તેઓના મન ઉપર ઇસ્લામી લશ્કરની અનહદ ધાક પડી અને ત્રાહ ત્રાહ પુકારતાં કયસરના દરબારમાં જઇ ઇસ્લામીયો જીતી નહીં શકાશે એવાં ખબર આપ્યા. તે ઉપરથી કયસરે પોતાનો વિચાર માંડી વાળ્યો અને કોઇને પણ લડવા માટે મોકલ્યો નહીં. હઝરત તરતજ ત્યાંથી મદીના તરફ

સહી—સલામત પાછા આવ્યા. આ લડાઇને **જંગે ઉસરત** (સખ્તીની લડાઇ) પણ કહે છે. આ લડાઇ એ મુસલમાનોની પરિક્ષા હતી કારણ કે લાંબી મુસાફરી અને ઉપરથી સખત ગરમીની મોસમ હતી. અને વિકટ રસ્તાના અનેક સંકટો સામે ધૈર્યતાથી ટક્કર ઝીલવાની હતી.

મસ્જીદે ઝરાર.

[હી૦ ૯]

મદીનાના અનસારો (મદદ કરનારાઓ) માં ખઝરજ નામનો એક કબીલો હતો, તે કબીલામાં એક મહા મોહટો ફસાદી અને દીન ઇસ્લામનો કટ્ટો શત્રુ અબુ આમેર નામનો રાહિબ* હતો, ને અબુ આમેરે બાઇબલનો સારો અભ્યાસ કર્યો હતો અને તે ખ્રીસ્તી થઇ ગયો હતો. હઝરતે મોહમ્મદ (સ૦) મદીનામાં બિરાજ્યા તે આગમચ તે મદીનાના રહેવાશીયોને અને પોતાની કોમને હઝરતે મોહમ્મદ સ૦ રસુલ તરીકે પ્રગટ થવાની ખુશખબરી સંભળાવ્યા કરતો હતો, અને તે તેની કોમમાં ઘણો માનવંતો ગણાતો હતો. પણ હઝરતે મોહમ્મદ સ૦ ના મદીનામાં આવ્યા બાઅદ જ્યારે અનસારો હઝરતની શેવામાં જવા લાગ્યા ત્યારે તેની માન ઇજ્જતમાં ફેર પડયો; તેના મનમાં ઇર્ષા આગ્ની સળગી ઉઠી.

---

* ખ્રીસ્તી જોગી.

તે હઝરતનો કટ્ટો શત્રુ બની ગયો. જંગે બદરની બાદ તે મદીનાની બહાર નાશી ગયો અને મક્કાના લોકોને ઉશ્કેરીને વળી પાછો હઝરત સાથે લઢવા ઓહોદ નામની જગ્યાએ લાવ્યો. તે લડાઇમાં જેણે સર્વેથી પહેલાં મુસલમાનો ઉપર તીર છોડયું હતું તે તે હતો, પછી હઝરતનો દરેક લડાઇમાં વિજય જોઇ તે રૂમ તરફ નાશી ગયો. અને ત્યાં પણ રૂમના રહેવાશીયોને મુસલમાનો વિરૂધ્ધ ઉશ્કેરવા લાગ્યો. જ્યારે ત્યાં તેનો ફ્રેબ અને મકર ચાલ્યો નહીં ત્યારે તેને મદીને આવવાનું મન થયું. તે મદીનાના મુનાફીકો સાથે લાગવગ રાખતો હતો. હઝરત વિરૂદ્ધ તજવીજો કરવામાં તે મુનાફીકોની મદદ કરતો હતો તેણે મદીનાના મુનાફિકોને કહેરાવ્યું કે "મ્હારા માટે એક મસજીદ બનાવો જેમાં હું વાએઝ કહીશ અને આપણે જાહેરમાં મુસલમાન બની રહીશું અને છાનામાના અંદર-ખાને ઇસ્લામની જડ કાપવાના પ્રયત્નો કરીશું" મદીનાના મુનાફીકો તેનો હુકમ બજાવી લાવ્યા; અને મસજીદે કબાની પાસે તેના કહેવા પ્રમાણે મસજીદ બનાવી. મુનાફીકોએ હઝરતને વિનંતી કીધી કે "તબર્રૂક* માટે પહેલાં એક વખત આપ તેમાં નમાઝ પઢાવો."

---

* શુભ મુહુર્ત

હઝરત તેઓની બદજાતી અને લુચ્ચાઇ ઠગાઇ વિશે કાંઇ જાણતા ન હતા. આપે ફરમાવ્યું "જ્યારે હું તબુકની લડાઇથી પાછો આવીશ ત્યારે જોઈ લઇશ." તબુકની લડાઇથી જ્યારે આપ પાછા આવ્યા ત્યારે ખુદાએ તઆલાએ પોતાના પયગમ્બરને તેઓની લુચ્ચાઇ ઠગાઇની ખબર આપી અને તે મસજીદનું નામ "મસજીદે ઝરાર" રાખ્યું. તે હઝરતે ખુદાના હુકમ પ્રમાણે તે મસજીદને ખોદી નંખાવી બાળી નાંખી. તેનું વર્ણન કુરઆને શરીફમાં સુરએ તૌબામાં આયત ૧૦૭-૧૧૦ માં મવજુદ છે.

મુશરીકો સબંધી છેલ્લો ફેસલો.

જ્યારે હઝરત મોહમ્મદ (સ૦) જંગે તબુક ઉપર ગયા ત્યારે ઘણી કોમોએ હઝરત સાથેના કરાર તોડી નાંખ્યા. શત્રુઓ મુસલમાનોને ઇજા આપવા તૈયાર થયા. જ્યારે હઝરત જંગે તબુક ઉપરથી પાછા આવ્યા ત્યારે તેઓ ઉપર "સુરએ તૌબા" નાઝીલ થયો. (જેમાં આરબ મુશરીકો સંબધી છેલ્લો ચુકાદો છે.) તેમાં જે આયતો સંભળાવવાની નાઝીલ થઇ હતી તે સંભળાવવા માટે પ્રથમ હઝરત અબુબકર રઝી૦ને મોકલ્યા પણ અલ્લાહનો હુકમ થવાથી પછીથી **હઝરતે અલી અ૦** ને પોતાની ખાસ સાંઢણી ઉપર અસ્વાર કરી રવાના કર્યા. હઝરતે અલી અ૦એ ત્યાં જઇ એક ઉંચી જગ્યાએ ઉભા રહીને સુરએ તૌબાની આયતો સંભળાવી અને તેની મુનાદી ફેરવી દીધી, કાફેરો વારંવાર કરાર તોડી નાંખતા હતા તેથી તેનો બદોબસ્ત કરવો જરૂરી હતો પણ ખુદાએ તઆલાના હુકમથી તેઓ વિશે છેલ્લો ચુકાદો આવી ગયો. અને તે નીચે પ્રમાણે છે:—

૧. હવે પછી મુસલમાનો મુશરીકો સાથે સલાહ કાયમ રાખશે નહીં. જે લોકો સાથેનો કરાર કરવામાં આવ્યો છે તેઓ સાથેનો કરાર પુરો કરવામાં આવશે, પણ જે લોકો સાથે

કોઇ કરાર નથી તેઓને ચાર માસની મોહલત આપવામાં આવે છે, ત્યારબાદ જોઇયે તો લઢવા તૈયાર થાય અથવા, દેશ છોડી ચાલ્યા જાએ, અથવા ઇસ્લામ–ધર્મ કબુલ કરે.

૨. જે **મુશરીક** કુરઆને શરીફ સાંભળવા ચાહે તેને **અલ્લાહ**ની વાણી સાંભળવા માટે અમન (સલામતી) આપવામાં આવશે.

૩. કોઇ **મુશરીક** ખાનએ કુઅબાનો હજ કરે નહીં અને જાહેલીયત (અજ્ઞાનતા) ના રીવાજ પ્રમાણે કોઇ નવસ્ત્રા થઇ તવાફ* કરે નહીં.

૪. **ઇમાનદાર** શીવાય બીજું કોઇ જન્નત–સ્વર્ગમાં દાખલ થઇ શકતું નથી. આ મુનાદી જાહેરમાં સખત લાગે છે પણ કાફેરોની વારંવારની લુચ્ચાઇયો, તેમના વારંવાર કરારનામા તોડી નાંખવા અને મુસલમાનોને વારવાર ઇજા આપવા માટે તત્પર રહેવા સાથે સરખાવતાં આ છેલ્લો ચુકાદો ઘણોજ ન્યાય ભર્યો છે.

---

* અરબસ્તાનમાં જાહેલીયત (અજ્ઞાનતા) ના સમયમાં એવો ધારો હતો કે મુશરીકો પવિત્ર કાઅબાની આસપાસ નવસ્ત્રા થઇ (જરા પણ લુગડું ન રાખતા) તવાફ (ફેરા) કરતા હતા.

ખ્રીસ્તીયો સાથેનો મુબાહેલો.

[હી૦ ૧૦]

મદીનાની દક્ષીણ દીશામાં આવેલા **નજરાન** નામના ગામમાં હઝરતે પયગમ્બર સલ૦ ના સમયમાં ઘણાં ખ્રીસ્તીયો રહેતા હતા, તેઓ હઝરતે મોહમ્મદ સ૦ સાથે ધર્મવાદ કરવા માટે મદીનામાં આવ્યા. જ્યારે ખ્રીસ્તીયો હઝરત સાથે વાદ કરવામાં હાર પામ્યા, અને કાંઇ જવાબ આપી શકયા નહીં ત્યારે ખુદાએ તઆલાએ પોતાના પ્રિય પેગમ્બરને **મુબાહલો** કરવાનો હુકમ આપ્યો કે " જ્યારે તેઓ અકલી અને નકલી દલીલોને માનતા નથી ત્યારે તેઓને આકાશી ચુકાદા તરફ બોલાવ. અને તે એવી રીતે કે એક તરફ તમે તમારા દીકરા દીકરીયો અને બીજી તરફ તેઓ તેઓના બેટા બેટીયો એક બીજાના મુકાબલામાં એકઠાં થાય અને દરેક પાર્ટી ખુદાની હઝુરમાં ઘણીજ આજીઝી અને રડી રડી દોઆ માંગે કે "હે ! પાળણ હારા પરવરદિગાર, સરવે હાકીમોના હાકીમ ! અને ચુકાદો આપનારાઓમાં ઉત્તમ ચુકાદો આપનાર હવે અમે તહારા ફેસલા ઉપર રાજી છીએ તુંજ અમારો સાચો ફેસલો કર, અમારામાંથી જે ટોળું જુઠું હોય અને હક (સત્ય) રસ્તાને છોડી બાતીલ (જુઠ) રસ્તે ચાલતું હોય તેને હલકાઇની મારમાર, અને તેના

ઉપર ત્હારી લઅનત (ધિક્કાર) નાંખ, કે જેથી જુઠ અને સત્યની પીછાણ થાય.” હઝરતે મોહમ્મદે (સ૦)એ તેમને એ હુકમ પ્રમાણે બોલાવ્યા; તેઓએ કબુલ કર્યું. સવારે હઝરતે રસુલે ખુદા સ૦ જનાબે ફાતેમા અ૦ જનાબે અલી અ૦ હઝરતે ઇમામે હસન અ૦ અને હઝરતે ઇમામે હુસયન અ૦ ને સાથે લઇ મુબાહેલા માટે બાહેર નીકળ્યા. તેમની સાદી શાનો શવકત જોઇ ખ્રીસ્તીયો ડરી ગયાં. તેમના મનમાં પયગમ્બર સાહેબની સત્યતા પ્રગટી નીકળી. તેમનો મોહટો પાદરી અબુ હારેસા બિન અલકમા પોતાના ટોળાને સંબોધી કહેવા લાગ્યો કે, “તમે જાણોછો?” કે આ કયા ચ્હેરા છે? હું ખાત્રીથી કહું છું કે જો તેઓ ખુદાએ તઆલા પાસેં પર્વત ટળી જવાની દોઆ—પ્રાર્થના માંગે તો પર્વત પણ ટળી જાય; તેઓની સાથે કદી મુબાહેલો કરતા નહી.” આથી ખ્રીસ્તીયોની મુબાહેલા માટે હીમ્મત ચાલી નહી. તેઓ પ્રત્યેક વર્ષે નઝરાનના હજાર હુલ્લા (પોશાક) નજરાનાના આપવા કરી નઝરાન તરફ રવાના થઇ ગયાં. હઝરતે ફરમાવ્યું “ જો તેઓ મુબાહેલો કરત તો તેઓ સઘળાં વાંદરા અને સુવ્વર બની જાત અને આ જંગલ તેઓ ઉપર અગ્નિ વરસાવત.

હઝરતની વફાત.

હીજરી સન ૧૦ માં હઝરતે મોહંમ્મદે સ૦ છેલ્લી હજ બજાવી લાવ્યા, અને તે હજ "હજ્જતુલ વિદાઅ" ના નામે ઓળખાય છે. આ હજમાં તે હઝરતની સાથે લાખ માણસો કરતાં વધુ હતા. તે હજમાં તેઓએ લોકોને પોતાના અંતઃકાળની નજીકીની ખબર આપી હતી. પછી તેઓ મદીનામાં તશરીફ લાવ્યા. મદીનામાં આપની બીમારી વધતી ગઇ. હઝરત ત્રેસઠ વર્ષની વયે મદીના મોનવ્વરામાં આખા આલમને અંધકારમાંથી પ્રકાશમાં આણી વફાત (મર્ણ)પામ્યા. હઝરતને શહીદોનો મરતબો—પદવી પણ પ્રાપ્ત થયો છે; તે એવી રીતે કે જ્યારે તેઓ ખયબરના કીલ્લાઓ ઉપર જીત પામ્યા ત્યારે કેટલાંક વખત સુધી વિશ્રામ લેવા માટે "હારિસ" નામના માણસને ત્યાં રહ્યાં. હારિસની ઝયનબ નામની દીકરી એક બકરૂં ભુંજીને હઝરતની રૂબરૂમાં લાવી. તેણીએ પ્રથમથી હઝરતને બકરાનો કયો અવયવ વધારે પસંદ છે? તે હઝરતના નોકરોને પુછી રાખ્યું હતું, નોકરોએ કહ્યું હતું કે "હઝરતને તેનો ખભો વધારે પસંદ છે" તેથી તેણીએ તે ભાગને અને બીજા ભાગને ઝેર લગાડયું હતું. હઝરતે તે આણેલા ગોસ્તમાંનો થોડોક

ચાવી તરતજ થુંકી દીધો હતો અને હઝરતની સાથેનો બશીરા બિન બરાહ નામનો માણસ તેમાંથી કેટલોક ગોશ્ત ખાઇ ગયો હતો. તે વખતે હઝરતે ફરમાવ્યું "આ બકરાંની રાને મને ખબર આપી છે કે "**મ્હારામાં ઝેર મેળવ્યું છે માટે ખાઓ નહીં**" હઝરતે તરતજ પેલી બાઇને બોલાવીને પુછ્યું કે "તેં આમાં ઝેર મેળવ્યું છે." તેણીએ કબુલ કરી કહ્યું "હા, મેં ઝેર મેળવ્યું છે" પણ તમે મને તેની ખબર આપો અને તેથી મને તમારી નબુવતનું વધારે યકીન–ખાતરી થાય એટલા માટે મેં એ કામ કર્યું છે." હઝરતે આ વાત સાંભળી તે સ્ત્રીને છોડી દીધી. અને બશીરા બિન બરાહએ જે થોડોક ગોસ્ત ખાધે હતો તેના અસરથી તે મર્ણ પામ્યો. જ્યારે હઝરત બીમાર થયાં ત્યારે બશીરની માતા હઝરતને જોવા માટે ગઇ. હઝરતે ફરમાવ્યું "હે ! બશીરની મા ! ત્હારા દીકરાની સાથે મેં જે ઝેરવાળો ગોશ્ત ખાધો હતો તે મને હમેશાં પોતાનો અસર દેખાડતો રહયો અને હવે મ્હારી એવી સ્થિતી છે કે તે મ્હારી ગરદનની રગને કાપી નાંખે છે." બીજે દીવસે હઝરત મસજીદમાં તશરીફ લઇ ગયા અને મીમ્બર ઉપર ચઢી જાહેર રીતે લોકોને પોતાની તદ્દન નજીક થનાર વફાતના ખબર આપ્યા અને કેટલોક અસરકારક ઉપદેશ કરી ફરમાવ્યું કે "**હવે હું આ ક્ષણભંગુર સંસારનો ત્યાગ કરી મ્હારા પરવરદિગાર પાસે જાઉં છું.**" જો મેં કોઇને કાંઇ દુઃખ પહોચાડયું હોય તો તેનો બદલો કયામતના

દીવસ ઉપર ન રાખતાં તે હમણાંજ મ્હારી પાસેથી લઇ લે. તરતજ એક માણસે ઉભા થઇ કહ્યું કે "યા હઝરત, મ્હારી પાસેથી એક માણસને ત્રણ દીનાર આપે અપાવ્યા હતા," હઝરતે તેના ત્રણ દીનાર તેને પાસે બોલાવરાવી આપી દેવરાવ્યા. પછી હઝરતે વળી એ પ્રમાણે ફરમાવ્યું ત્યારે ત્યાં બેઠેલો ઉકકાશા નામનો એક માણસ ઉભો થયો અને હાથ જોડી કહેવા લાગ્યો કે "એક દીવસ આપની અસ્વારી કોઇ જગ્યાએ જતી હતી ત્યારે આપે અસ્વારીને જે કોરડો માર્યો હતો તે મને વાગ્યો હતો. આપે ફરમાવવાથી મેં એ બાબત અરજ કીધી છે." હઝરતે તરતજ કોરડો મંગાવ્યો અને તેને પોતાની પીઠ ઉપર મારવાનું કહ્યું ઉકકાશાએ કહ્યું "હઝરત આપનો કોરડો જ્યારે મને વાગ્યો હતો ત્યારે મ્હારી પીઠ ખુલ્લી હતી માટે આપ આપના શરીર મુબારક ઉપરથી આ પહેરણ ઉતારી નાંખો." તરતજ હઝરતે પહેરણ ઉતારી નાંખ્યું અને પહેરણ રૂપી વાદળામાંથી મોહર રૂપી ચંદ્ર પ્રકાશીત થયો. તરતજ ઉકકાશાએ તે મોહરે નબુવતને ચુમી લીધી અને હાથ જોડી વિનંતી કીધી કે "હે! દીન દુન્યાના બાદશાહ, અમારા સરદાર ! કયામતના દીવસે શફાઅત કરી દોઝખની અગ્નીથી બચાવનાર તારનાર અને પરંપરાનું સ્વર્ગ સમુ સુખ આપનાર ! મુજ નાચીજ પામર પ્રાણીની શી શકતી કે આપ પાસેથી બદલો લઉં ? મ્હારી ગરજ તો માત્ર આપની મોહરે નબુવતના દર્શન કરવાની હતી." ત્યાર બાદ

હઝરત પોતાને ઘેર ગયા અને ત્રણ દીવસ પછી આ ફાની દુન્યાને ત્યાગી લોકોની આંખોથી અદ્રશ્ય થઇ ગયાં, આ અમર મહાન પવિત્ર પયગમ્બરની કબર મુબારક મદીના મુનવ્વરામાં છે, તેઓના ફૈઝ—ઉદારતાનો નિર્મળ ઝરો આખા આલમમાં વહયો—વહે છે અને વહેશે, જે ઝરામાંનું એક ટીપું પીનાર અમર—જીવન પ્રાપ્ત કરે છે અને કરશે.

હઝરત મોહમ્મદ સલ૦ના અખલાક. *

કુરઆને શરીફમાં હકતઆલા પોતાના પયગમ્બર વિશે ફરમાવે છે કે "**ઈન્નક લ અલાખોલોકિન અઝીમ**" હે ! નબી ! તું ઉંચામાં ઉંચાં અને શ્રેષ્ટમાં શ્રેષ્ટ અખલાક (વિવેકાદી સદગુણ) વાળો છે. હઝરત આયશા કહે છે કે " તે હઝરતનો ખુલ્ક (વિવેક) કુરઆન હતો." એટલે કુરઆને શરીફમાં જે જે સભ્યતા વીવેક આદી સદગુણો ભર્યા છે તે તે હઝરતે સંપાદન કર્યા હતાં. ઉદારતા શુરવીરતા, નમ્રતા, સહન શીલતા, શ્રદ્ધા, આસ્થા, પરહેજ, તવક્કલ, હયા, શરમ, ફસાહત, બલાગત, ઇત્યાદી સરવે સદગુણો હઝરતમાં હતા. આપમાં એકે એક સદગુણ એટલી પુર્ણતાથી ભરેલો હતો કે તેઓ વિણ બીજા કોઇને તેવો ભાગ્ય થયો નથી.

અનસ કહે છે કે મેં "બરાબર દસ વરસ સુધી તે હઝરતની ચાકરી કીધી, પણ તે દરમિયાન તેઓએ કદી મને "ઉફ" કરીને પણ કહ્યું નથી, અને કોઇ કામ માટે તેઓએ મને કદી ઠપકો આપ્યો નથી કે કેમ ફલાણું કામ કર્યું અને કેમ ફલાણું કામ ન

* વિવેકાદી ગુણો.

કર્યું ? મુસાફરી વગેરેમાં હું જેટલું કામ તેઓનું કરતો તેથી બમણું કામ તેઓ મ્હારૂં કરતા. ”

તેઓ બીચારા લાચાર અને નિરાધાર મીસ્કીનો અને ગરીબો સાથે પ્રીતિભાવથી વર્તતા. કોઇ રંક માણસને નિર્ધન હોવાના કારણથી હલકો ન સમજતા. તેમજ રાજાને તેના રાજપાટના કારણે ઉંચો ન ગણતા. અમીર અને ફકીર, રાય અને રંક, ગુલામ અને માલિક, સર્વેની દાવત (નોતરૂં) સ્વીકારતા. માનવંતા અને સદ્‌ગ્રહસ્થોને માન આપતા, દરેક માણસ સાથે તેના મરતબા અને દરજ્જા પ્રમાણે વર્તતા, પોતાના અસ્હાબો ઉપર પ્રીતિ રાખતા, માંદા માણસોને જોવા જતાં, દુઃખમાં આવી પડેલા માણસોને દીલાસો આપવા જતા. જેઓ ભેટ અર્પણ કરતા તેને સ્વીકારતા અને તેના જેટલો અથવા તેથી વધારે બદલો વાળતા, જેને મળતાં તેની સાથે મુસાફેહો (હસ્ત મેળાપ) કરતા; ખાનપાનની અથવા સુવા બેસવાની કોઇની કોઇ પણ વસ્તુમાં ખોડ ખાપણ ન કાઢતાં. જો કોઇ પથારી આપતો તો તે ઉપર સુઇ રહેતા અને ન આપતો તો ભોંય ઉપર આરામ કરતા.

જ્યારે કાફેરોએ તેઓને સખતમાં સખત મુસીબતો પહોંચાડી ત્યારે અસ્હાબોએ અરજ કીધી કે “ યા હઝરત તેઓના હકમાં બદ દોઆ (શ્રાપ) કરો.” તેના જવાબમાં આપે ફરમાવ્યું “ હું લોકોના

હકમાં બદ દોઆ કરવા માટે મોકલવામાં આવ્યો નથી, હું તો માત્ર રહમત (કૃપા) માટે મોકલવામાં આવ્યો છું."

એક દીવાની સ્ત્રી હઝરતની શેવામાં હાજર થઇ કહેવા લાગી કે "યા હઝરત મ્હારૂં ફલાણું કામ કરી આપો" હઝરતે કહ્યું "ભલે બોલ ત્હારૂં શું કામ છે! હે! ફલાણાની મા મ્હારી સાથે ચાલ ત્હારા મનમાં આવે તે કામ બતાવ કે હું કરી આપું."

હઝરતે રસુલે ખુદા સ૦ કદી નિલજતા ભરી વાણી ન બોલતા કોઇને ગાળો ન દેતા. જ્યારે ઘણા ક્રોધાયમાન થતા ત્યારે બસ એટલું કહેતાં કે "આ માણસને શું થયું છે? તેના માથામાં ધુળ પડે." બજારમાં બજારના માણસોની જેમ ઘાંટા પાડી ન બોલતા, **બદીના બદલે બદી ન કરતાં** પણ જ્યારે કોઇ માણસ અલ્લાહે બાંધેલી હદ બહાર નીકળી જતો ત્યારે તેઓના ગુસ્સાનો કાંઇ પાર ન રહેતો, તેઓએ પોતાના હાથ વડે કોઇને માર માર્યો નથી, ન પોતાની બીબીને, ન કોઇ નોકરને, અલબત્તા અલ્લાહની રાહમાં જેહાદ કર્યો છે.

દરેક બાબતમાં નમ્રતાથી કામ લેતા, ખાતી, પીતી વખતે ફકીરોની જેમ બેસતાં, પીઠ ઉપર તકીયો બકીયો લગાડીને ખાતા નહીં. ખાતી વખતે ફરમાવતા કે "હું બંદો (શેવક) છું અને

બંદાની જેમ ખાઉં છું." ખાણામાં કદી ખોડખામી કાઢતા નહીં, પસંદ ન આવતું તે ઉપાડી લેવરાવતા. દુધ, મીઠી વસ્તુ અને ગોસ્તને પસંદ કરતા. "બિસ્મિલ્લાહ*" બોલીને ખાતા દરેક કામનો "**બિસ્મીલ્લાહ**" બોલી આરંભ કરતા. દરેક કામ જમણા હાથે કરવાનું પસંદ કરતા પણ ઇસ્તન્જો અને નાક સાફ કરતી વખતે ડાબો હાથ વાપરતા. જે વસ્તુમાં દુર્ગંધ હોતી જેમકે **કાચું લસણ કાચી પીયાજ** ઇત્યાદી તેવી વસ્તુઓ ન ખાતા અને તેને ના પસંદ કરતા. દાતણ કરવાને ઘણુંજ પસંદ કરતા કેમકે તે સ્વચ્છતા અને ચોકખાઇનું કારણ છે. સસ્તી વસ્તુઓને પસંદ કરતા. અત્તર લગાડયા કરતા. ખુશબોને ઘણી ચાહતા. પાણી પીતી વખત ત્રણ સ્વાસ લેતા. આપ મીઠા અને ઠંડા પાણીને ઘણું ચાહતા. આપનો પાણી પીવાનો પ્યાલો લાકડાનો હતો. ખાણું ખાવા પહેલાં અને પછી હાથ ધોતા, ખાણું ખાવાની પહેલે **બિસ્મીલ્લાહ** અને ખાઇ રહ્યા પછી એક વાકય ભણતા જેના અર્થ એ કે "**સર્વે વખાણ એ અલ્લાહ માટે છે કે જેણે અમને ખવરાવ્યું, પીવરાવ્યું અને મુસલમાન બનાવ્યા**" ત્રણ આંગળીઓ વડે અને અદુકડા બેસી ખાઈ લેતા અને ફરમાવતા કે "**જેવી રીતે એક ગુલામ ખાતી વખતે પોતાના માલિકનો હુકમ તરત**

---

* અલ્લાહના નામ સાથે શરૂ કરૂં છું.

બજાવવાની વાટ જોતો અદુકડો અને અધ્ધર બેસી ખાય છે તેવી રીતે હું પણ ખાઉં છું, બલકે જે ચીજો માત્ર હયાત (જીંદગી) સાચવવા માટે પુરતી છે એટલીજ ખાઇ પેટ ભરૂં છું."

તેઓ એટલાં બધાં નમ્ર હતાં કે વારંવાર ફરમાવતા કે "**મને હઝરતે યુનુસ અ૦* ઉપર વડાઇ આપો નહીં.**" એટલાં પરહેઝગાર હતાં કે તેઓએ સ્ત્રીયો પાસેથી બયઅત લેતી વખતે કોઇ સ્ત્રીના હાથમાં પોતાનો હાથ આપ્યો નથી તેમજ કોઇ વખત પણ કોઇ સ્ત્રી સાથે ખાનગીમાં વાતચીત કીધી નથી, તેઓ કુમારીકાઓ કરતાં પણ વધારે શરમાળ હતા. ગંભીરતા એવી હતી કે જનાબે આયશા કહે છે કે "મેં તે હઝરતને કદી એવી રીતે હસતા જોયા નથી કે તેઓનું મોંહ ખુલી ગયું હોય અને દાંત દેખાયા હોય; માત્ર આપ મુસ્કરાતા હતા."

---

* આ એક પયગમ્બર હતા, જેઓની ઉમ્મત તેઓ ઉપર ઇમાન લાવી નહીં તેથી તેને શ્રાપ દઇ આપ ગામમાંથી ચાલ્યા જઇ સમુદ્ર પસાર કરવા હોડીમાં બેઠેલાં, રસ્તામાં હોડીની આસપાસ એક માછલી જાણે કાંઇ માગતી હોયની એમ ફર્યા કરતી. અર્થાત હઝરતે યુનુસ તે સમુદ્રમાં પડયા છે, પેલી માછલી તેઓને ગળી ગઇ છે અને લાંબા સમય સુધી પોતાના પેટમાં સંભાળથી રાખી તેઓને પાછા બહાર કાઢ્યા છે.

જ્યારે આપ ઘરમાં તશરીફ લાવતા ત્યારે ઘર વાળાઓની સાથે ઘરના કામકાજમાં ગુંથાઇ જતા હતા. નમાઝના વખતે મસજીદમાં બીરાજમાન થતા હતા. આપ તદન સાદી રીતે નિર્વાહ ચલાવતા હતા. ફકર‡ અને ફાકા§ ઉપર સંતોષ માનતા હતા. તે હઝરતના ઘરવાળા કદી લાગલાગટ બે દીવસ સુધી જવની રોટલીથી પણ તૃપ્ત થયા નથી. આપ વફાત પામ્યા ત્યાં સુધી કેટલીક રાતો સુધી તેઓ અને તેઓના ઘરવાળાં ભુખ્યા પેટે સુઇ રહ્યાં છે. તેઓએ અમીરોની જેમ મોહટા મોહટા ખ્વાનચાઓ ઉપર બેસીને તથા ચીનીની રકાબીયોમાં કદી ખાધું નથી. માત્ર સાધારણ કપડાના દસ્તરખાન ઉપર રોટલી ખાતા હતા. ઘણી વખત ખજુરના પાતરાની ચટાઇ ઉપર સુઇ રહેતા જેથી ચટાઇના નીશાન હઝરતના શરીર ઉપર પડી જતા હતા. આપ ફરમાવતા કે "હું તમારો માલ ચાહતો નથી. તમારા ઉપર વડાઇ તથા બાદશાહી કરવા માંગતો નથી." મોહટા મોહટા અમીરોએ તેઓને, જો તેઓ તેઓના મતને મળતા થાય તો, મદદ અને દ્રવ્ય આપવા ઇચ્છા બતાવી પણ તેઓએ તેના દ્રવ્યને લાત મારી અને માથે પડતી અનહદ મુસીબતો અને વીટંમણાઓની કાંઇ દરકાર ન કરતાં તેઓના નાસ્તીક મતને મળતા

‡ નિર્ધનતા.

§ ભુખમરો.

આવ્યા નહીં. તેઓના અંતકાળ વખતે તેઓની પાસેથી પોતાના મંદવાડની દવા કરે એટલુંએ નીકળ્યું નહીં. મોતના વખતે કેટલાક શેર જવ બદલ તેઓનું બખ્તર ધરાણે પડેલું હતું. એક વખત તેઓની સ્ત્રીઓએ સારાં સારાં સુશોભીત કપડાં અને ઘરાણાં ગાંઠાની ઇચ્છા દર્શાવી તો આપે તલાક આપવા તૈયાર થઇ સાફ સાફ ફરમાવી દીધું કે **"અગર તમને દીન (ધર્મ)ની ખાતર જેટલી મુસીબતો અને વીટંબણાઓ પડે તેટલી વેઠવી મંજુર હોય તો રહો નહીં તો તલાક (છુટકો) લઇ લ્યો,"** તેઓ પોતાની તઅઝીમ કરાવવી પસંદ કરતા નહીં. કોઇ તેઓને માન આપવા ઉભું થતું તો તે તેમને સારૂં લાગતું નહીં. જ્યાં જગ્યા મળતી ત્યાં સાદાઇ પુર્વક બેશી જતા હતા.

તે હઝરત પોતાના સઘળાં કામો પોતાના હાથે કરી લેતા હતા, પોતાના પહેરવાનાં કપડાં પોતે લેતા, પગરખાના બંદ પોતે બાંધતા, પોતેજ બકરીયોનું દુધ દોતાં અને એવીજ રીતે બીજાં કામ પણ કરી લેતા. એક વખત આપ મુસાફરીએ ગયા હતા, તે મુસાફરીમાં તેઓના કેટલાક અસ્હાબો (શિષ્યો) પણ સાથે હતા. જ્યારે તેઓ રસોઇ કરવા લાગ્યા ત્યારે દરેક જણાએ એક એક કામ વહેંચી લીધું. કોઇ બકરી ઝબહ કરવા લાગ્યો કોઇ તેને સાફ કરવા તૈયાર થયો, એવી રીતે દરેક જણ એક એક જુદું જુદું કામ

કરવા માંડયો. હઝરતે ફરમાવ્યું કે "**જંગલમાંથી લાકડાં હું વિણી લાવીશ.**" અસ્હાબોએ વિનંતી કીધી કે "એ કામ પણ અમે કરી લઇશું આપ તસ્દી ન લ્યો." હઝરતે ફરમાવ્યું કે "**જે માણસ પોતાના મિત્રોમાં માનવંતો થઇ બેસી રહે તેને ખુદા નાપસંદ કરે છે.**" છેવટે તેઓજ લાકડાં વીણી લાવ્યા.

તેઓનો ચ્હેરો રોબદાબવાળો અને ઘણોજ ખુબસુરત હતો, જ્યારે કોઇ માણસ એકાએક તેઓને જોઇ લેતો ત્યારે તેના મનમાં હઝરતનો રોઅબ અને ભય બેસતો પણ જ્યારે તે તેઓની સાથે વાત કરતો ત્યારે એકા એક હઝરતની મોહબ્બત અને પ્રીતિ તેના મનમાં મુળ પકડતી. મજલિસમાં અસ્હાબો સાથે હળી મળી બેસતા, સહુની પહેલે સલામ કરતા બીજાની સલામ કરવાની વાટ જોતાં નહીં, જ્યારે આપ છોકરાઓ પાસે થઇ નીકળતા ત્યારે તેઓને પણ સલામ કરતા, દરેક માણસને હંસતા મોઢે મળતા, જે કોઇ આપને બોલાવતા તેને લબ્બયક (હાજર છું) કહેતાં, અસ્હાબોમાં કદી પગ પ્રસારી બેસતાં નહીં, જે મજલિસમાં જતાં તે મજલિસમાં બાજુ જોઇ બેસી જતા **ગાદી ઉપર કિંવા ઉંચે બેસવાના પ્રયત્ન કરતાં નહીં.** જ્યારે કોઇ માણસ આપનો હાથ પકડી લેતો ત્યારે જ્યાં સુધી તે છોડતો નહીં ત્યાં સુધી ન છોડાવતા. જો ઘરડી ડોસીયો આપને કાંઇ કામ માટે સાથે લઇ જતીયો તો આપ તેઓનું કામ કરી આપવા ચાલ્યાં

જતાં અને તેઓનું કામ કરી આપતાં. મદીનાની લોંડીયો અને ગુલામો અને લોકોના નોકર ચાકરો પાણીના વાસણો હઝરત તેમાં બરકત થવા માટે પોતાનો મુબારક હાથ બોળે એટલા માટે તેઓની શેવામાં લાવતા, ત્યારે હઝરત સખત અને કડકડતી ટાઢ હોવા છતાં પોતાનો હાથ તેમાં બોળતાં.

એક વખત એક માણસને હઝરતની પવિત્ર શેવામાં હાજર કરવામાં આવ્યો, તે હઝરતના રોઆબથી ધ્રુજવા લાગ્યો આપે ફરમાવ્યું "**હે! ભાઇ! ભય પામતો નહીં! હું બાદશાહ કે રાજા નથી હું તો કુરૈશમાંની એક સ્ત્રીનો પુત્ર છું જે સુકો માંસ ખાતી હતી.**" આપનો વિવેક એટલો બધો હતો કે ન્હાના ન્હાના છોકરાઓ સાથે તેઓને રીઝવવાની વાતો કરતા હતા. તે હઝરતને જ્યારે બે કૃત્ય કરવાનો કદાચ અધિકાર આપવામાં આવતો ત્યારે તેઓ બની શકે એ કામને કબુલ રાખતા, જો કોઇ ગુનાહની બાબત હોતી તો તેનાથી વેગળે રહેતા હતા. જ્યારે તેઓ આગળ કોઇ મુશ્કેલી આવતી ત્યારે તેઓ નમાઝ પડવી શરૂ કરતા અને ફરમાવતા કે "**માણસ સિજદા કરતી વખતે ખુદાની તદ્દન નજીક થઇ જાય છે.**"

સર્વદા ખુદાનું સ્મરણ કરવામાં અને તેનુંજ નામ જપવામાં ગુંથાયા રહેતા, ખાતાં પીતાં, ઉઠતા બેસતા, સુતા, મસજીદમાં જતાં,

મસજીદમાંથી બહાર નીકળતા, ઘેર જતા, ઘેરથી બહાર નીકળતા, એટલે સુધી કે પાયખાને જતા ત્યારે પણ ખુદાની યાદથી ગાફેલ થતાં નહીં.

ઘર વ્યવહાર એવો ચલાવ્યો કે તેઓને નવ બીબીયો હતી તે સર્વેનો પોતે નિભાવ કર્યો. દરેક સ્ત્રીને ઘેર વારા ફરતી જતાં. અર્થાંત તેઓએ ઘર વ્યવ્હારનો પણ ઉત્તમ નમુનો કરી દેખાડયો. આપ એવું રસીક અલંકારિક અને સુભાષિત બોલનાર હતા કે તેઓની રસીક ભાષાથી શત્રુઓ પણ મિત્ર બની જતા હતા.

તેઓનો ન્યાય એવો હતો કે તેઓએ અલ્લાહ તઆલાએ ઠરાવેલી શીક્ષાઓ કોઇ ગુન્હેગાર ઉપર જારી કરવામાં કદી દયા આણી નથી. તેઓની દ્રઢતા એવી હતી કે તેઓનો પગ દ્રઢતાના મેદાનમાંથી કદી પાછો હટયો નથી, તેઓનો તવક્કલ (વિશ્વાસ) એવો હતો કે આખું અરબસ્થાન બલકે આખું આલમ તેઓનું શત્રુ થઇ બેઠું હતું પણ તેઓએ ખુદા ઉપર પુર્ણ (વિશ્વાસ) રાખી તેઓની કાંઇ દરકાર કીધી નથી. શત્રુઓમાં બેધડક નિડરપણે એકલા ફરતા હતા. તેઓની યોજનાઓ આગળ લોકોની યોજનાઓ નભી શકતી નહીં. આપની પવિત્રતા, સત્યતા અને પ્રમાણિકપણું એવું હતું કે તેઓ ન્હાનપણામાંથી આખા અરબસ્તાનમાં સાદિક (સત્યવાદી) અને અમીન (પ્રમાણિક) પ્રખ્યાત હતા, અર્થાંત આપની સચ્ચાઇ,

પવિત્રતા, પરહેજગારી, વિવેક, સભ્યતા આદી સદગુણો સત્રુઓ પણ માને છે. આપમાં એવા અમુલ્ય સદગુણો હતાં કે તેવા બીજા માણસમાં હોવા તદ્દન મુસ્કીલ છે.

ઉમ્મત—પ્રજાને તે હઝરત જેવો સ્હાયકાર અને સલાહકાર, પુત્રોને એવો પિતા, પત્નિઓને એવો પતિ, મિત્રોને એવો મિત્ર, શિષ્યોને એવો શીક્ષક, દુર્દશા અને અધોગતિમાં પડેલી પ્રજાને એવો સુધારક, દેશને એવો વ્યવસ્થા કરનાર, દુન્યાને એવો વિજયી, પાપીયોને એવો ડરાવનારો અને તારનારો, ઇમાનવાળાઓને એવો ખુશખબરી આપનારો આજ સુધી ન મળ્યો છે ન કદી મળશે.

હઝરતે રસુલે ખુદા સ૦ની નબુવતની સાબિતીની દલીલો.

હઝરતે રસુલે ખુદા મોહમ્મદે મુસ્તફા સ૦નું ઉપર પ્રમાણે અમે સંક્ષેપ્તમાં જીવનવૃતાંત લખી ગયા હવે અમો તે સરવેનો તત્વ સાર લખીયે છીયે અને તેઓ સાચા નબી હોવાની કેટલીક દલીલો રજુ કરીએ છીએ.

૧. તે હઝરત જે પ્રજામાં જન્મ પામ્યા હતા તે પ્રજા ઇલ્મે અદબ અને ફસાહત અને બલાગતના જ્ઞાનમાં ઉંચા દરજ્જે પહોંચેલી હતી, સંસાર વ્યવહારમાં પણ તે સારી પેઠે લાયક હતી. પણ રૂહાની (આત્મિક જીંદગી) અને અખલાકી (નૈતિક) સ્થીતીની રૂએ તે બીલકુલ અધમ દશામાં આવી પડેલી હતી. એવી પ્રજામાં એક એવા રીફોરમર (સુધારક) નું જન્મ પામવું કે જે તેઓની સંસારિક અને ધાર્મીક સ્થિતીને સુધારીને દીન દુન્યાના બાદશાહ બનાવે તે તે રીફોરમરની ઉંચામાં ઉંચી શ્રેષ્ટતા અને સત્યતાની પુરેપુરી સાબીતી છે.

૨. દુન્યામાં અત્યાર સુધી કોઇ પણ અભણ માણસ કોઇ પણ પ્રજાનો સરવે બાબતોમાં **લીડર** (આગેવાન) અને **રીફોરમર** બની શકયો નથી. જે દેશમાં કોઇ પણ પ્રકારના

જ્ઞાનની અથવા કળા કૌશલ્યની જરાએ ચર્ચા ન હોય તે દેશના માણસનું (અને એ માણસે એવો કે કદી નીશાળે કાંઇ પણ શીખવા ગયો ન હોય) એકદમ ઇસ્લામ ધર્મ (તે પણ કેવો મહત્વતા ભર્યો કે જેમાં હજારો બલકે લાખો ને કરોડો મોહટા મોહટા વિદ્વાનો તત્વજ્ઞાનીયો અને મહાત્માઓ થઇ ગયા છે અને હાલમાં મવજુદ છે) જારી કરવો અને તે આગેવાન અભણુ હોવા છતાં જુદા જુદા દીન અને સર્વે વિદ્યાઓથી ભરપુર કિતાબ લાવવી, જ્યાં સુધી તે સઘળું ખુદા તરફથી છે એમ માનવામાં ન આવે, ત્યાં સુધી તદ્દન મુશ્કીલ અને અસંભવિત છે.

૩. મહાન પયગમ્બર જે કીતાબ લાવ્યા છે તે એવી તો અલંકારી અને સુભાષિત છે કે અરબસ્થાનના સરવે લોકો અને સરવે અરબી જાણુનારાઓ તે કીતાબની અલંકાર યુકત છટા ઉપર હયરાન છે એટલે સુધી કે અરબ લોકોએ તેને ફસાહત અને બલાગત માટે ઉંચામાં ઉંચો નમુનો ઠરાવી બીજી કોઇ કીતાબને તે સરખી ગણતા નથી. આખું આલમ તે કીતાબ લાવી શકતું નથી. એવી કીતાબ કે જેમાં શારિરીક તેમજ આત્મિક સરવે પ્રકારના શીક્ષણ સંપુર્ણ રીતે હોય તે એક અભણ માણુસ કેવી રીતે બાખી શકે? જ્યારે અભણુ માણુસ બાખી ન શકે ત્યારે સાબીત થાય છે કે તે અલ્લાહ તરફથી હોવી જોઇએ.

૪. હઝરતે મોહમ્મદ સ૦ પયગમ્બર તરીકે જાહેર થયાં ત આગમચ ચાલ ચલણ અને વર્તણુકમાં એવા નીતિવાન હતા કે કોઇ માણસ તેઓની પવિત્રતાના આબુપણા ઉપર કોઇ જાતનો દાગ લગાડી શક્યો નથી, તેઓના દુશ્મનોની તેઓને **સાદીક** અને **અમીન** કહેતાં જીભ ઘસાઇ ગઇ હતી. અમીન એ તો આપનો લકબજ થઇ ગયો હતો. વાંચકો ! એવો સાચો અને પ્રમાણિક માણસ કે જે ચાળીસ વર્ષ સુધી કદી જુઠું બોલ્યો ન હોય, અનીતના આડે પંથે ચાલ્યો ન હોય, જેના પ્રમાણિક પણા ઉપર કોઇ પ્રકારની આળ આવી ન હોય, તે માણસ ચાળીસ વર્ષ પછી શા માટે ખુદા સંબંધી જુઠું બોલે ? અને પોતાને શા માટે તેના પયગમ્બર તરીકે કહે ?

૫. નબુવ્વતની પહેલાં તે હઝરતને ઇસ્લામ ધર્મ કાઢવાનો કદી વિચાર પણ આવ્યો ન હતો. તેમજ ન કોઇએ આપનો એવો વિચાર સાંભળ્યો હતો, તેમજ કોઇ પણ માણસને હઝરત ઉપર કોઇ પણ જાતની બુરાઇનો વહેમ પણ આવ્યો ન હતો જેમકે અલ્લાહ તઆલા તે હઝરત વિશે કુરઆનમાં ફરમાવે છે, "**લોકોમાં એક ઉમ્મર સુધી એટલે ચાળીસ વર્ષ સુધી આ આગમચ રહયો, કદી તમે મ્હારૂં જુઠ સાંભળ્યું નહીં, નવો ધર્મ કાઢવાનો વિચાર પણ સાંભળ્યો નહી તો શું થોડી વારમાં**

હું ખુદા ઉપર જુઠું બાંધવા લાગ્યો? શું તમને બુધ્ધી નથી?" એટલે એટલુંએ સમજી શકતા નથી કે જ્યારે ચાળીસ વર્ષ સુધી મેં મ્હારી નીતિને જરાએ બગડવા દીધી નથી તેમજ તમે આજ સુધી મ્હારા મોંહથી કોઇ જુઠી વાત સાંભળી નથી ત્યારે શું હવે હું જુઠું બોલવા લાગ્યો હઇશ?

૬. નબુવ્વત પછી અરબના કાફેરોએ ધન દોલત તથા બાદશાહીની લાલચો આપી પણ આપ સાચા હતા એટલે તેમાંની એકે બાબત સ્વીકારી નહીં અને પોતાની સત્યતામાં દ્રઢ રહ્યાં અને ખુદાની આજ્ઞા પાળતાં જે જે મુસીબતો સંકટો વીટંબણાઓ અને અડચણો આવી તેને સહન કરી લીધી અને ધીરજ રાખી પોતે જે કામ માટે જાહેર કરવામાં આવ્યા હતા તે કામ કરે ગયા, આખરે તેઓની સત્યતાના કારણથી તેઓનોજ જય થયો અને આખા આલમ ઉપર ઇસલામી વિજય પતાકા ફરકવા લાગ્યો. જો કદાચ કોઇ દુન્યાનો લાલચુ અને જુઠો હોત તો તરત કાફેરો પાસેથી ધન દોલત અને બાદશાહત લેઇને તેઓની મરજી પ્રમાણે વરતત અને મોજ શોખ માનત, પણ આ મહાન પયગમ્બર સાચા અને પરવર દિગારના પ્યારા દિલદાર હતા. કાફેરોની લાલચથી કેવી રીતે લલચાત?

૭. હીજરતની બાદ જ્યારે તેઓ અરબસ્તાનના સરદાર અને બાદશાહ બન્યા ત્યારે તેઓએ કોઇ બીજા બાદશાહો અને સરદારોની

જેમ એકકે ભવ્ય અને દિવ્ય મહેલ બનાવ્યો નહીં, પોતાની સ્ત્રીયોને સારા સારા પોશાક શ્રણગાર અને ઘરાણા ગાંઠા ઘડાવી આપ્યા નહી. પહેલાંની જેમ ફક્ર ફાકામાં સાદી રીતે જીંદગી ભોગવતાં રહ્યા, તેઓએ સારા અને ઉંચા કપડા પહેર્યા નહી. પથારી માટે તેઓએ રૂની તળાઇ પણ બનાવી નહીં, રાત્રે બત્તી અને દીવા વિના ચલાવી લીધું. જે કાંઇ તેઓ પાસે આવ્યું તે ગરીબ ગોરબા યતીમો અને વિધવાઓમાં વહેંચી દીધું.

તેઓ ઉપર એક સમય એવો હતો કે દરેક માણુસ તેઓના લોહીનો તરસ્યો હતો. પૃથ્વી આટલી બધી વિશાળ હોવા છતાં તેઓ માટે સાંકડી હતી. તેઓને કોઇ આશ્રય આપતું ન હતું. રહેવા માટે ઘરના સાંસા થઇ પડેલાં હતાં. આ વખતે તેઓના કબજામાં અરબસ્તાનની બાદશાહત હતી. કરોડો માણુસ સેવામાં હાજર હતા તો પણ તેઓનો સ્વભાવ બદલાયો ન હતો. જેવી રીતે પ્રથમ યતીમો અને ગરીબો ઉપર દયા ખાતા હતા તેવીજ રીતે આ વખત પણ યતીમો અને ગરીબો ઉપર દયા ખાતા હતા. પહેલાં જેવી રીતે ધર્મના કામમાં કોશીશ કરતા હતા. તેવી રીતે હમણાં પણ કોશીશ કરતા હતા. અગર આ નબી

ખુદાની તરફથી ન હોત તો આવી સત્યતા અને દ્રઢતા તેમનામાં જોવામાં આવત નહીં. અવનતિમાંથી ઉન્નતીમાં આવ્યા પછી માણુસના સ્વભાવમાં ફેર પડે એ સંભવિત છે. પણ આ સાચા પયગમ્બરના સ્વભાવમાં કદી એમ થયું નથી. એથી સ્પષ્ટ રીતે સાબીત થાય છે કે તેઓ ખુદાની તરફથી હતા કેમકે ખુદાઇ માણુસ શીવાય બીજા કોઇમાં આવા ઉત્તમ સદ્ગુણો સત્યતા અને દ્રઢતા હોઇ શકે નહી.

૮. યુવાવસ્થા કે જે ૨૫ થી ૫૦ વર્ષ સુધી છે તેમાં તેઓએ પોતાના કરતાં મોહટી વયની એકજ સ્ત્રી સાથે રહી સંતોષ માન્યો. પણ પયગમ્બરની પદવી પ્રાપ્ત કર્યા પછી ઇસ્લામ ધર્મનો પ્રસાર કરવા માટે અને સદ્આચાર વિચાર, પતિ પત્ની વચ્ચેના હકો, અને અરસપરસ પ્રીતિ ભાવ વધારવાના શીક્ષણો અને બોધ આપવા માટે અને લોકો સાથે સબંધ બાંધવાથી સલાહ સંપ જળવાઇ રહે એટલા માટે તેઓએ એક કરતાં વધુ સ્ત્રીયો કીધી, વળી કેટલીક સ્ત્રીયો અનાથ હતી તેમને અનાથ પણાની બલામાંથી મુક્ત કરવા તેમને પરણ્યા. જો તેમ કરવાથી તેઓનો હેતુ કામવાસનાનો હોત તો જ્યારે તેઓને અરબસ્તાનના કાફેરો રૂપવંતી કુમારીકાઓ આપતા હતા ત્યારે તેઓ તેણીયો સાથે કેમ

પરણ્યા નહીં ? એકથી વધુ સ્ત્રી કરવાનું મુળ કારણ એ છે કે મદીનામાં જ્યારે ચારે તરફ ઇસ્લામ પ્રસરી ગયો ત્યારે કેટલીક સ્ત્રીઓ, હઝરતની પાસેથી હેઝ નિફાસ વીગેરે સ્ત્રીઓને જરૂરીઆતના મસાયલનું શીક્ષણ લઈ સ્ત્રીઓને શિક્ષણ માટે, હઝરતના નીકાહમાં આવી અને જો તેમ કરવામાં આવ્યું ન હોત તો પવિત્ર ઇસ્લામ જે પરદો રાખવાનું અને ઇસમત (પવિત્રતા) નું શીક્ષણ આપે છે તે જળવાઇ શકત નહીં. અને હજારો લોકો હજારો જાતની બદગુમાનીયોમાં ફસાઇ જાત.

અરબસ્થાનમાં જેટલા ફિરકાઓ હતા તેઓ સઘળાઓને તો હઝરતે સુધારવા માટે પ્રયત્નો કર્યા જેથી તેઓ હઝરતના જાની દુશમન બન્યા. તેઓએ ખ્રીસ્તીયોને ત્રણ ખુદા માનવાની અને હઝરત ઇસાને ખુદાનો દીકરો અને ખુદા કહેવાની મનાઇ કીધી. યહુદીયોને તેઓની ખોટ ખામીયો વીણીવીણીને બતાવી દીધી. તેઓને આખેરતના (પરલોક) અઝાબથી ઘણા ડરાવ્યા. અરબસ્થાનના મુસરીકોને કુફર અને શીરકની મનાઇ કરી મુર્તિ પુજાનું ખંડન કીધું અને બીજા સરવે ધર્મવાળાઓને એવું એવું સખ્ત કહ્યું કે તેઓ સઘળા કટ્ટા શત્રુ થઇ ગયા.

બંધુઓ ! આ બાબતમાં ઊંડો વિચાર અને સોચ કરો, શું જુઠો સ્વાર્થિ આપમતલબી ઠગારો ધુતારો માણસ આવી રીતે વરતી શકે ખરો ? શું પોતાના જીવના જોખમે પણ મોહટી મોહટી બળવાન કોમોને વખોડી નાંખી તેઓની ખોડ ખામીયો વીણી વીણી તેઓના મોંહે-મોંહે કહી શકે ખરો ? ઠગારા ધુતારાની તો એવી રીત હોય છે કે અગર તેઓ એક જણ સાથે દુશ્મની બાંધે છે તો બીજા દસ જણા સાથે દોસ્તી પણ રાખે છે. પણ તે હઝરતના તો સર્વે ધર્મવાળા ન્હાનાથી મોહટા સુધી સરવે શત્રુ બન્યા હતા. તેઓનો મદદગાર ખુદા શીવાય બીજો કોઇ ન હતો, તેઓએ સત્યનો પ્રસાર કરવા અને જુઠનો નાશ કરવા તનમન અને ધનનો કાંઇ ખ્યાલ રાખ્યો નહીં, સ્વદેશ તજ્યો, સગા સ્નેહીયો સાથેનો સબંધ તોડયો, દુશ્મની બાંધી, **અલ્લાહની તવહીદ**નો બોધ આપતાં લાખો મુસીબતો અને સંકટો માથે વ્હોરી લીધાં, પોતે મુસીબતમાં પડયા અને દોસ્તોને પાડયા. કેટલાંક કતલ થયાં, કેટલાંકના લોહી વહ્યા, કેટલાંકને બળતી અને ધગધગતી રેતી ઉપર સુવરાવવામાં આવ્યા. છાતી ઉપર પત્થર મુકવામાં આવ્યા અને કેદ રાખવામાં આવ્યા. કેટલાકને ફાંસી દેવામાં આવ્યા, કેટલાકને લુંટી લઇ તારાજ કરવામાં આવ્યા, આ સરવે થયું અને

કર્યું, પણ તે સાચા પયગમ્બરે હક એટલે સત્યથી અને પરવરદિગારની એકત્વતાનો બોધ આપવાથી જરાએ મોંહ ફેરવ્યું નહીં. દુન્યામાં પયગમ્બરો શીવાય બીજા કોઇએ આ પ્રમાણે કરી દેખાડયું છે? શું કોઇએ એક કલમા* માટે આખા આલમને પોતાનું શત્રું બનાવ્યું છે?

ખરેખર બાદશાહો અને શુરવીરોને ઘણી ઘણી મુસીબતો વેઠવી પડે છે પણ તે શા માટે? પોતાની જાતના લાભ–બાદશાહત અમીરાઇ, સન્માન અને માથા ઉપર હીરામોતીથી જડાઉ મુગટ પહેરવાની ખાતર, પણ હઝરતે મોહમ્મદ સ૦ એવા બાદશાહ હતા કે કદી તખત તો શું ગાદીએ પણ બેઠા નથી. સારા સારા પકવાનો તો શું જવની રોટલી પણ પેટભરીને ખાધી નથી. જેટલી આસમાની કીતાબો છે તે સરવેમાં આપના આવવાની ખુશખબરી અપાએલી છે જેમકે અમો આગળ લખી ગયાં છીયે. આપનું સર્વદા

---

*લાએલાહ ઇલ્લલ્લાહ મોહમ્મદુર રસુલુલ્લાહ જે ઉપર પુર્ણઆસ્થા આણવાથી માણસ મુસલમાન થાય છે. તેના અર્થ એ છે કે નથી કોઇ અલ્લાહ પણ એકજ અલ્લાહ અને મોહમ્મદ અલ્લાહનો રસુલ પયગમ્બર છે.

ઈબાદતમાં અને અલ્લાહના સ્મરણમાં રહેવું, આખી ઉમર તકબીરો‡ અને તહલીલો†માં મશગુલ રહેવું, અંધારી રાતો અને એકાંતમાં નમાઝો પડવું, દોઆઓ કરવું, આખી રાત જાગવું, ઇબાદત કરવા માટે ઉભા રહેવાથી પગોનું સુજી જવું. જે માણસને ખુદા ઉપર પુર્ણ આસ્થા અને ઇમાન ન હોય અને તેને પોતાની સત્યતાની ખાતરી ન હોય એવા જુઠા અને અવિશ્વાસુ માણસનું કામ હોતું નથી એતો અનુભવ સિદ્ધજ છે. આપ એટલી બધી ભવિષ્યવાણીયો ભાખી ગયાં છે કે જે તેના વખતસર ખરી પડી. કિતાબે " મોઅજીઝાતે મોહમ્મદિયા "માં સ્પષ્ટ રીતે લખેલું છે કે " એક અભણ માણસનું પહેલાંથી બનાર બનાવો વિશે ખબર આપવું, અને તેઓએ ભાખેલો શબ્દે શબ્દ ખરો પડવો એ સવાલ જ્યાં સુધી તેનો સંબંધ ખુદા સાથે લગાડવામાં ન આવે ત્યાંસુધી સમજી શકાતો નથી." આપે હજારો અને લાખો મોઅજીઝાઓ (ચમત્કારો) કરી દેખાડયા જે ઇસ્લામના પુસ્તકોમાં પ્રખ્યાત છે. જે ઇસ્લામ ધર્મ આપ લાવ્યા તે જલ્દીથી પ્રસરી ગયો. આપની હયાતીમાંજ આખું અરબસ્તાન મુસલમાન થઇ ગયું. આપની વફાત બાદ પવિત્ર ઇસ્લામ શામ, ઇરાન,

‡ † ખુદાના નામોનું રટણ.

મીસર અને રૂમ ઇત્યાદી દેશો સુધી પ્રસરી ગયો. માત્ર એક સદી જેવી ટુંક મુદ્દતમાં ઇસ્લામના પ્રકાશે આખા આલમને પ્રકાશીત કરી દીધું. તુરકી, હીસ્પાનીયા, જીબ્રાલ્ટર, યુરોપી રશીયા, અરબ, ફારસ, ચિનઆન, અફગાનીસ્તાન, આસ્ટ્રેલીયા, કેપ કોલોની, નેપાલ, ટ્રાન્સવાલ ઇત્યાદી દેશોમાં ઇસ્લામનો ડંકો વાગી રહયો છે અને પાંચે વખત અશહદો અન લાએલાહ ઇલ્લલ્લાહ વ અશહદો અન્ન મોહમ્મદર રસુલુલ્લાહનો પોકાર પોકારવામાં આવે છે. તેનો આટલી જલ્દીથી પ્રસાર થવો તે તેની સત્યંતાની દલીલ છે. શું બીજો કોઇ ધર્મ એટલે સુધી અને એટલી ઝડપથી આખા આલમ ઉપર પ્રસરવા ભાગ્યશાળી થયો છે ?

૮ આ પવિત્ર ધર્મે સંસારિક વ્યવહારીક નૈતિક અને ધાર્મીક જે શીક્ષણ આપ્યાં છે તેવાં શીક્ષણો બીજો કોઇ પણ ધર્મ આપતો નથી, અને ઇસ્લામના એવા એવા કાનુનો છે કે કોઇ માણસની શક્તિ નથી કે તેવા કાનુનો બાંધી શકે. આખું આલમ એ બાબતને એકમતે સ્વીકારે છે કે ઇસ્લામના કાનુનો ધ્યાન આપવા જોગ અને અનુપમ છે. જેમકે પંજાબના પ્રખ્યાત રાયગન સાહેબ કહે છે કે “એક અભણ માણસ દુન્યા માટે એવા

કાનુનો કાયદાઓ બાંધી ગયો કે જેનો મુકાબલો મોહટા મોહટા તત્વજ્ઞાનીયો, વિદ્વાનો અને તિવ્રબુદ્ધીના લોકો કરી શકતા નથી બલકે તે સરવે જણાં એક જીભે તે કાનુન અને કાયદાનાં વખાણ કરે જાય છે," શું આવા કાનુનો સર્વ શકિતમાન પરવરદિગારની મદદ વિના એક અભણથી બંધાઇ શકે? આપે દરેક વખતને અનુસરતી જેવી કે ખાણું ખાતી વખતે, લુગડાં પહેરતી વખતે, ખાઇ રહ્યા પછી, મુસાફરી કરતી વખતે, ઘરમાંથી બહાર જતા અને અંદર આવતા વખતે અર્થાત દરેક વખત માટે એવી અસરકારક દોઆઓ શીખવાડી છે કે તેઓ ાવણ બીજા કોનામાં એવી શકિત છે કે તેવી દોઆઓ શીખવાડી શકે? આ સઘળું જ્યાં સુધી ખુદાએતઆલાની મદદ ન હોય ત્યાં સુધી થઇ શકતું નથી. જેઓ તે હઝરતના શત્રુ હતા તેઓને તેઓની કરણીની શીક્ષા મળી. તેઓ હઝરતની હયાતીમાંજ નીસ્ત અને નાબુદ થઇ નર્કવાશી બન્યા. દુન્યામાંથી તેઓના નામ નીશાન ટળી ગયાં. જેઓ હઝરતની સાથે હતા તેઓ વિજય પામ્યા સ્વર્ગના અધિકારી બન્યા. જેમ જેમ આ બાબતોને આપણે ધ્યાનમાં લેતા જઇયે છીએ તેમ તેમ હઝરતની નબુવત વધારે સાબીત થતી જાય છે.

અલ્લાહતઆલાનો નિયમ છે કે **તે જમીનને મરવા પછી પાછી જીવતી કરે છે** એટલે રહમતનો વરસાદ વરસાવી તેને ફળદ્રુપ કરે છે. એવીજ રીતે આખુ અરબસ્તાન આત્મિક રૂએ મણ પામેલું હતું તેને સજીવન કરવા માટે રૂહાની વરસાદની આવશ્યકતા હતી. આપણે બીજા ધર્મવાળાઓના જાહેર મેળાઓ અને ખુશીના ટાંકણાઓ સામે નજર ફેરવીશું તો સ્પષ્ટ જણાશે કે તે રમત ગમત ખેલ કુદ અને તમાશા વિના બીજું કાંઇ હોતાં નથી ને તેમાં અલ્લાહની શાન યાદ આવે છે ન કોઇનું મન ભકતી કરવા તરફ દોરાય છે. હાંજો દોરાય છે તો માત્ર ચોરી કરવા, દારૂ પીવા, અને જુગાર રમવા તરફ દોરાય છે. **આવા હોળી દીવાળી અને ધુળેટી જેવા ઘણા ટાંકણા જોવામાં આવે છે.** પણ ઇસ્લામની સત્યતાની દલીલ એ છે કે ઇસ્લામના સર્વે મેળાઓ ધાર્મીક રંગમાં રંગાએલા છે. જેમકે ઇદ કે **તે ખુશીનો દીવસ છે** પણ તે સાથે ખુદાની ઇબાદત (ભકતી) કરવાનો હુકમ લાગુજ છે. **હજ** કે તે પણ એક મુસાફરીની સૈર હોવા ઉપરાંત તે સાથે ખુદાની ઇબાદત લાગેલીજ છે. ઇસ્લામની તમામ ઇબાદતો જેવી કે **નમાઝ રોઝા હજ ઝકાત** ઇત્યાદી એવી ખુબીયો અને હીકમતો

થી ભરપુર છે કે તેવી ઇબાદતો બીજા કોઇ પણ ધર્મમાં નથી. એક જરમન ડોકટર, નમાઝ અને રોઝાની પ્રસંશા કરતાં કહે છે કે "જે માણસ નમાઝ રોઝાને બરાબર બજાવતો (પાળતો) હોય તે મ્હારા ધારવા પ્રમાણે ક્વચિતજ માંદો પડવો જોઇએ."

જો કોઈ વૃક્ષ તેના ફળ ઉપરથી ઓળખાતુ હોય તો ઇસ્લામના વૃક્ષે દુન્યાને જે ફળ આપ્યા છે તેથી તેની સત્યતા તપાસી લ્યો. મહાન પયગમ્બર આવ્યા પહેલાંની અરબસ્તાનની કેવી અધમ દશા હતી તે અને મહાન પયગમ્બર આવ્યા પછી તેની કેવી ઉન્નતી થઇ તે સરખાવી જુવો! પ્રથમ તો અરબની પ્રજા પશુ સમાન હતી પણ તે હવે કેવી નીતિમાન, સત્ય અલ્લાહની એકત્વતા ઉપર ઇમાન રાખનાર અને આખી દુન્યાની બાદશાહ બની ગઇ?

૧૦. એક લાચાર નિરાધાર બેચારો મદદગાર અભણ યતીમે અરબસ્તાન જેવા જંગલી દેશને જોતજોતામાં જીતી લેવું. પોતાના ધર્મનો વિજળીક અસરથી આખા આલમ ઉપર ડંકો વગાડ્યો.

પરવરદિગારની સ્હાય વિના કેવી રીતે બની શકે? તે હઝરત એવાં વિજ્યી નીવડયા કે આખા આલમમાંથી કોઇ પણ માણસ તેઓનો મુકાબલો કરી શક્યો નહીં. તેઓ આખા આલમના બદશાહ બન્યા પણ કેવા બાદશાહ? તેઓની બદશાહત (રાજ્ય) માં પોતાના નામનો સીકકો ચલાવ્યો નહીં, શત્રુઓથી બચવા માટે ફોજ લશ્કર કે સીપાહી એવું કશું રાખ્યું નહીં. તેઓએ ખઝાનો કે ખઝાનચી ઠરાવ્યો નહીં, તેઓની પાસે હથીયારો કે શસ્ત્રો ભરી રાખવાનો કોઈ ભંડાર કે તોપખાનું હતું નહીં. ન્યાય આપવા માટે કોઇ હાઇકોર્ટ, અથવા દુશ્મનોથી બચવા માટે કોઇ કીલ્લો કે છાવણી હતી નહીં. તેઓને સારા પકવાનો ખાવાથી કે બાદશાહી તખત ઉપર બેસવાથી અથવા માથા ઉપર બાદશાહી મુગટ પ્હેરવાથી કાંઇ કામ હતુ નહીં પણ તેઓને જે કામ હતું તે માત્ર મુશરીકો કાફેરો અને મુર્તિ પુજકોને ખુદાની એકત્વતા તરફ ઉપદેશ કરવાનુંજ હતું જે તેઓએ એવું કરી બતાવ્યું કે અધ્યાપિ લગી તેનો પ્રકાશ ચમકી રહ્યો છે અને દિનપ્રતિદિન (જો કે કોઈ પણ કોશીશ કરનારો નથી તોપણ) વધુને વધુ તેજસ્વી થતો જાય છે. જેને જોઇને પૃથ્વિ ઉપરના સઘળાં વિદ્વાનો હયરત અને આશ્ચર્યમાં પડી

સ્તબ્ધ થઇ ગયાં છે. તે હઝરત હમેશાં ફાકાઓમાં રહી પરવરદેગારની બંદગીમાં ગુંથાયા રહેતા હતા, તેમના સીક્કા બદલ દરેક મુસલમાનના હૃદય ઉપર તેમના પવિત્ર નામનો સીક્કો સજ્જડ બેઠેલો હતો અને છે. તેઓનું સૈન્ય તમામ મુસલમાનો હતું. તેઓનું દ્રવ્ય મુસલમાનોનું ફકર અને ફાકા (ભુખમરો) હતું. આપનું ન્હાનું સરખું ઝુપડું તેઓની હાઇકોર્ટ હતું. અરબસ્તાનનું દરેક શેહર તેઓની છાવણી હતું. દરેક શુરવીર મુસલમાન રાતદિવસ પોતાનો પ્રાણ અર્પણ કરવા હઝરતના હુકમની રાહ જોતા તત્પર રહેતો હતો

મહાન કિરતારે તેઓને વિજયના વચનો આપ્યા અને તેઓનીજ જીંદગીમાં પુરા કરી દેખાડયા.

હઝરત મોહંમ્મદ સલ૦ વિષે ઇંગ્રેજ વિદ્વાનોના મત.

જરમનનો પ્રખ્યાત ઐતિહાસ વકતા મી૦ ડોશ લખે છે કે "હર્ષ અને શોક, હીમ્મત અને શુરવીરતા, કે જેનો નજીવો અને ધીમો અવાજ હમણાં આપણા કાનમાં આવે છે તેનો મોહમ્મદ સ૦ ના વખતમાં પુરે પુરો અવાજ આવતો હતા. મોહંમ્મદ સ૦ ને સર્વથી વધારે ફસીહ અને બલીગ (છટાદાર અલંકાર યુકત બોલનારાઓ) લોકોનીજ બરાબરી કરવી પડી નથી બલકે તને તો તેઓ સર્વે ઉપર સરસાઇ લઇ જવી પડી હતી. અને તેને, પોતાના કલામ-વાણીની ફસાહત અને બલાગત (અલંકાર-છટા) ને પોતાની પેગમ્બરીના દાવાની દલીલ બનાવવી પડી હતી. મોહંમ્મદ સ૦ ની આગળના શાએરો-કવિયોએ આશેકોને છાજે તેવાં ઘણાં કાવ્યો કર્યા હતા જેમકે "અંતરા" એ કે જેનો ઇશ્ક-પ્રેમ મોહટા દાસ્તાનમાં લખાયો છે, અને "અમરઉલ કયસે" કે જેને મોહમ્મદ સ૦ મે આરબ શાએરોનો સરદાર પણ જહન્નમ તરફ દોરનાર કહ્યો છે, તેણે ઇશ્ક વિશે ઘણાં સારા સારા અને ઉમદા ઉમદા કાવ્યો લખ્યા છે. તેણે શરાબ કબાબ અને નાજુક માશુકોના વખાણ કરવામાં ફસાહત અને બલાગતના સમુદ્ર વહેવ-

નાવી દીધાં છે. પણ મોહમ્મદ સ૦ મે તેવા કાવ્યો લખ્યા નથી, તેઓએ કોઇ આશેકાના ગઝલ લખી નથી, તેમજ આ ક્ષણભંગુર દુન્યાના દુઃખ સુખ વિશે, અથવા અરબસ્થાનની શુરવીરતા ભરી શમશીર વિશે, અથવા આરબોની અદેખાઇ કે ઇર્ષા વિષે, અથવા તેઓની બદલો લેવાની ઇચ્છા વિષે, અથવા કોઇ કોમ અથવા કબીલાની અથવા તેઓના બાપ દાદાની બહાદુરી વિષે, કોઇ કાવ્ય લખ્યું નથી. વળી કોઇ એવો લેખ પણ નથી લખ્યો કે જેથી એમ જણાય કે તેની (મોહમ્મદ સ૦ની) પાસે મનુષ્ય દેહી કાંઇ લેખામાં નથી અને મનુષ્ય માટે માત્ર સમુળગા નાશ પામવુંજ છે. અર્થાત- તેણે લોકોને કાવ્ય કે કાવ્ય પધ્ધતિ શિખવાડી નથી બલકે ઇસ્લામ શિખવાડયો છે, અને તે કેવી રીતે શીખવાડયો? એવી રીતે કે તેણે આકાશ અને પૃથ્વિને ચીરા નાંખી સ્વર્ગ (જન્નત) અને નર્ક (દોઝખ) ને નજરો નજર દેખાડી દીધું."

યુરોપના વિદવાન જગ પ્રસિદ્ધ અને માનવંતા ટોમસ કારલાઇલ* સાહેબ કહે છે કે, "આપણે મોહમ્મદ સ૦ ને માત્ર એક શોબદા બાઝ (હાથ ચાલાકી વાળો) અને ખાલી અંતરવાળો ખ્યાલ કરી શકતા નથી. તેમજ આપણે તને એક

* હીરોઝ એન્ડ હીરોઝ વરશીપ, લેકચર બીજું પૃષ્ઠ ૪૩ જુઓ.

તુચ્છ ઉંચ પદવિની ઇચ્છા કરનારો અને જાણીજોઇને મનસુબા બાંધનારો કહી શકતા નથી. તેણે જે સખત સંદેશો દુન્યાને આપ્યો છે તે ગમે તે પ્રકારે સાચો અને ખરો સંદેશો હતો કે તે ગોઠવ્યા વિનાનો કલામ (વાણી) હતો પણ તે નીકળવાનું મુળ એ હસ્તી (ખુદા) હતી કે જેના ભેદને કોઇ પહોંચ્યું નથી. તે માણસના વચનો અને કૃત્યો જુઠા અને સત્ય-રહિત ન હતાં તેમજ કોઇની નકલ અથવા તકલીદ ન હતાં. તે એક હયાતે અબદી (પરંપરાના જીવન) નું નુરાની શરીર હતું જે કુદરત (ખુદા) ની વિશાળ છાતીમાંથી દુન્યાને પ્રકાશિત કરવા માટે બહાર નીકળ્યું હતું. અને નિશંશય તેના માટે ખુદાનો હુકમ એમજ હતો."

મી૰ મુલર* લખે છે કે "એક ધાર્મિક ભડકો એક જંગલમાંથી ઉઠે અને આવી થોડી મુદ્દતમાં આશ્ચર્યકારક રીતે આખા એશીયા ખંડમાં આગ સળગાવી દે તે ભડકો એવા મનમાંથી નીકળે કે જેમાં તેની ગરમી પણ ન હોય એ કેવી રીતે બનવા જોગ છે?"

મી૰ એડવર્ડ ગીબન લખે છે કે—તેણે (તે હઝરતે) મુસલમાનોમાં નેકી અને મોહબ્બત—પ્રીતિનો આત્મા—રૂહ ફુંકી

---

* એન સાઇક્લોપીડીયા બ્રીટાનીકા જુઓ.

દીધો, અરસપરસ ભલાઇ કરવાનું શીક્ષણ આપ્યું, અને પોતાના અહકામ—હુકમો અને શીખામણોથી, બદલો લેવાની ઇચ્છાને, અને વિધવાઓ અને યતીમો ઉપર થતા જોર જુલમને રોકી દીધો (જુદી જુદી) પ્રજાઓ જેઓ એઅતેકાદ—આસ્થાથી રૂએ એક બીજા વિરૂદ્ધ હતી તેઓ પરમાંબરનાં—ના કેહારી અમલમાં એક ગાંઠ અને એક સપીલી બની ગઇ, ખાનગી ઝગડાઓના ત્રે બહાદુરી અને સુરવીરતા વાપરવામાં આવતી હતી તે ઘણીજ સંગાઓની બીજા દેશોનો મુકાબલો કરવા તરફ વલણ કરવા લાગી. (આ બધી ખુદાઇ તાલીમની ખુબી છે, એ શીવાય એમ કેમ બને ?)

મરહુમ જાણીતા વિદ્વાન મી૦ ગોડફ્રે હેગીન્સે પોતાના "એપોલોજી ફોર મોહમ્મદ" નામના પુસ્તકમાં લખ્યું છે કે "ખ્રીસ્તીયો એ વાતને યાદ રાખે તો સારૂં થાય કે મોહમ્મદ સ૦ ના સંપ્રદાયે (મસાએલે) જે પ્રકારનો ધાર્મીક નીશો પોતાના પયરવો—શિષ્યોમાં ઉતપન્ન કર્યો છે તેવો ઇસુના શરૂઆતના શિષ્યોમાં શોધવો નકામો અને વ્યર્થ છે. તેનો (મોહમ્મદ સ૦ નો) ધર્મ એટલી ઝડપથી પ્રસર્યો છે કે તેની સમાન ખ્રીસ્તી ધર્મમાં નથી. જેમકે અર્ધી સદીથી ઓછા સમયમાં ઇસ્લામ—ધર્મ આલીશાન અને જાહોજલાલી ભરી સલતનતો—બાદશાહતો ઉપર વિજય પામ્યો. જ્યારે ઇસુને વધસ્તંભ પાસે લઇ ગયા ત્યારે તેના શીષ્યો નાશી ગયા

અને પોતાના સરદારને મોતના પંજામાં મુકી સટકી ગયા. માનો કે તેનું રક્ષણ કરવાની તેઓને મનાઇ હતી પણ તેને (ઇસુને) દીલાસો આપવા માટે હાજર રહેવાની અને તેને અને પોતાને દુખ દેનારાઓને ધમકાવવાની તો મનાઇ ન હતી ? પણ તેથી ઉલટાં મોહમ્મદ (સ૦) ના શીષ્યો પોતાના મઝલુમ પયગમ્બરની આસપાસ રહ્યાં અને તેના રક્ષણાર્થે પોતાના જીવોને ભય—જોખમમાં નાંખી તેના સમગ્ર શત્રુઓ ઉપર તેને ફતેહમંદ અને વિજયી બનાવ્યો."

ડાકટર સ્પ્રીનગર સાહેબ પોતે લખેલ "લાઇફ ઓફ મોહમ્મદ" નામના પુસ્તકના પૃષ્ઠ ૮૯ માં લખે છે કે "તેના (મોહમ્મદ સ૦ના) તબે એટલે ખ્યાલમાં હમેશાં ખુદાનો તસવ્વુર (ધ્યાન—કલ્પના) રહેતો હતો અને જેને ઉદય થતાં સુર્ય અને (આકાશથી) વરસતા પાણી અને ઉગતી વનસ્પાતયોમાં ખુદાનીજ કુદરત—સત્તાનો હાથ નજર આવતો હતો. અને ગર્જના, પાણીના સુસવાટા, પક્ષીયોના હમ્દે ઇલાહી—ઇશ્વર સ્તુતિના ગાનમાં, ખુદાનોજ અવાજ સંભળાતો હતો, અને ખાઉં ખાઉં કરતાં સુનસાન વગડાઓમાં અને જુના શહેરોના ખંડેરોમાં ખુદાનાજ કહેર—કોપના ચિન્હ જણાતા હતા.

સ્મીથ સાહેબ M. A. પોતાના પુસ્તક "મોહમ્મદ"માં ઇસ્લામ અને મોહમ્મદ સ૦ના ઘણા વખાણ કર્યા બાદ લખે છે કે "ઇસ્લામના અર્થ ખુદાની મરજી અને ઇચ્છા ઉપર તવક્કલ (વિશ્વાસ) કરવાના અને તે ઉપર ખુશ રહેવાના થાય છે. એજ મુસલમાનોની જીંદગી ગાળવાની રીત છે. ટીકાકાર એવી ટીકા કરી શકે છે કે આ બન્ને મુળતત્વ (ઇસ્લામના અર્થ, તવકકલ, અને તે પર ખુશ રહેવું) માં એવી કઇ વાત છે કે જે વિશે એમ કહેવાય કે તે નવી હતી અથવા મોહમ્મદ સ૦નેજ સુઝી હતી? બેશક–નિશંશય એમાં કાંઇ નવું ન હતું, બલકે એ વાતો એવી જુની પુરાની હતી કે જાણે મુસા અ૦નો જમાનો! બલકે ખરેખર એવી જુની પુરાની કે જાણે ઇબ્રાહીમ અ૦ પોતે, હઝરત મોહમ્મદ સ૦એ પોતે વારંવાર ઘણીજ ગંભીરતાથી ફરમાવ્યું છે કે "**હું આરબો માટે કોઇ નવી વાત લઇને જાહેર થયો નથી બલકે માત્ર ઈબ્રાહીમ અ૦ની શરીઅતને (ધર્મ–જ્ઞાન) બીજીવાર સજીવન કરવા માટે આવ્યો છું. તે શરીઅત હમેશાં અહીં ચાલુ હતી પણ સર્વે લોકો તેને ભુલી ગયા છે અથવા તેનાથી ગાફેલ થઈ ગયાં છે**" ગમગીન અને

નાખુશ યહુદીયો તથા માંહોમાંહે લડનારા સૃષ્ટ પદાર્થોનું પુજન કરનારાઓને કોઇ નવી વાત શીખવાડવા માટે નહીં બલકે તેઓ જે જુની પુરાની વાત એટલે ખુદાની એકત્વતાના સત્યને ભુલી ગયા હતા તે યાદ દેવરાવવા માટે એક ઉંટ હાંકનારો આવ્યો. અરબ–ભુમી ઉપર બે હજાર વર્ષ પહેલાં એક એવો માણુસ (મુસા અ૦) કે જે જંગલમાં પોતાના બાપ* ની બકરીયો ચરાવતો હતો, તેને પણ આ સાદો પણ ચાનક દેનારો સંદેશો આવ્યો હતો **" હુ એ છું જે હુ છું, સાંભળ! હે! ઇસરાઇલ ! અમારો માલિક ખુદા એક ખુદા છે, તો તું જા અને હું ત્હારી જીભ સાથે હોઇશ અને શીખવાડીશ તને જે કાંઇ કે કહેવું જોઇએ."** આ શબ્દો સાંભળીને તે માનવંતી પ્રજા (બની ઇસરાઇલ) આફ્રીકાથી એશીયામાં ચાલી ગઇ. ગુલામો છુટા (સ્વતંત્ર) થઇ ગયા અને એક ખાનદાન એક કૌમ–એક પ્રજા બની ગયા. એજ અવાજ અરબની ભુમી ઉપર વળી પાછો એક બીજા બકરીયો ચરાવનારને આવ્યો, અને એવા અસરની સાથે તે અવાજ આવ્યો કે દુન્યાને સામાન્ય રીત્યે ફાયદો પહોંચાડવામાં પહેલાંના અવાજ

---

* ઇંગ્રેજો સસરાને બાપ લખે છે તેઓ પોતાના સસરાના બકરાં ચરાવતા હતાં.

કરતાં કોઇ પણ પ્રકારે ઓછો (કીમતી) નહતો. એટલે "**અલ્લાહો અકબર, લાએલાહ ઇલ્લલ્લાહો મોહમ્મદુર રસુલુલ્લાહ**" તે રીસાલત કબુલ કરવામાં આવી અને ખુદાને સંદેશો જાહેર કરી દેવામાં આવ્યો અને એકજ સદી અંદર તે અવાજના પડઘા "અદન" થી "અન્તાકીયા§" સુધી અને સીવેલ† થી "સમરકન્દ" સુધી પડવા લાગ્યા અને સઘળાં દેશોએ તેની સત્યતાને માની લીધી.

એતિહાસ વકતા **અર્કહોટ સાહેબ** લખે છે કે "ઇસ્લામ ધર્મના મુળતત્વોમાંથી પ્રત્યેક મુળતત્વને જુવો કે તે કેવા શ્રેષ્ટ અને અસર કારક છે!!! અને તે ઇસ્લામ પ્રસારનાર (મોહમ્મદ સ૦)ના કુલિનપણા, મોહટાઇ, ઉંચાઈ અને જ્ઞાનની નિપુણતા

---

§ અન્તાકીયા શામ–સીરીયામાં એક પ્રખ્યાત શેહર હતું. જે હાલ તદ્દન ખંન્ડેર પડેલું છે. કેટલાંક વખત સુધી તે રૂમીયોના કબજામાં રહ્યું હતું જ્યારે મુસલમાનો શામનો પ્રદેશ જીત્યા ત્યારે આ શેહર પણ મુસલમાનોએ કબજે કર્યું હતું.

† સીવેલ સ્પેનના એક શેહરનું નામ છે જેને મુસલમાનોએ સને ૭૧૨માં જીત્યું હતું અને સને ૧૨૪૭ સુધી ઇસ્લામના તાબે રહ્યું હતું.

(સાબીત કરવા) માટે કયામત સુધી પુરતાં છે. તે સઘળાં મુળતત્વોના જથ્થાથી એક એવી શીક્ષાની રચના થઇ છે કે જેની શક્તિ આગળ શીક્ષાના બીજા સર્વે બંદોબસ્ત કાંઇ (હીસાબમાં) નથી. એક માણસ કે જે જંગલી, અજ્ઞાન, ક્રુર અને દુરાચારી કોમના કાબુમાં હતો તેની શરીયત એ બાદશાહતોમાં પ્રસરી ગઇ કે જે "કાહેરા" અને "રોમન" બાદશાહતો કરતાં ઘણીજ મોહટી હતી. જ્યાં સુધી તે શરીયતમાં તેની મુળ હકીકત બાકી રહી ત્યાં સુધી કોઇ વસ્તુ તેનો મુકાબલો કરી શકી નહીં."

"એનસાઇકલો પીડીયા" માં **મી૦ બોઅરે** લખ્યું છે કે "ઇસ્લામ ધર્મનો એ ભાગ, કે જે વડે તેના સ્થાપનારની તબીયત-પ્રકૃતિ સ્પષ્ટ રીતે જણાઇ આવે છે ઘણોજ પુર્ણ અને ઘણોજ (સઉથી વધારે) અસરકારક છે, આથી અમારો હેતુ તેની નૈતિક શીખામણો છે. આવી શીખામણો કાંઇ એક બે અથવા ત્રણ સુરામાં કરવામાં આવી હોય તેમ નથી કેમકે ઇસ્લામની આલીશાન (ભવ્ય અને દવ્ય) ઇમારત (કુરઆને મજીદ) માં સોનાની સાંકળની જેમ એક બીજાથી જોડાએલી છે. અન્યાય, જુઠ, મગરૂબી-ગર્વ, બદલો-વેર, નીંદા, ઠઠ્ઠો મશ્કરી લાલચ-લોભ, નકામો ખરચ, ઉડાઉપણું,

હરામ કારી–વ્યભિચાર, ચોરી, બદ ગુમાની–વહેમ–અવિશ્વાસની સખત બુરાઇ નીંદા કરેલી છે અને તેને દુષ્ટ અને અધર્મ કહેલ છે. તેના મુકાબલામાં શુભ ઇચ્છા, ઉદારતા, પવિત્રતા, લજ્જા, સહન શિલતા, ધૈર્યતા, સત્યતા, પ્રમાણિકતા, શુરવીરતા, મીત્રતા, ઇકાનોમી કરકસર અને સર્વેથી વધારે ખુદા ઉપર પુર્ણ વિશ્વાસ રાખવાને **અને તેનીજ ઇચ્છાની આધિન** રહેવાને, સાચી ઇમાનદારીનું મુળ અને સાચા મોઅમિન§ની ખરી પીછાણ ઠરાવેલ છે.”

ટોમસ કારલાઇલ સાહેબ લખે છે કે–“આરબ પ્રજામાં ઇસ્લામનું આવવું જાણે અંધકારમાં પ્રકાશ આવવા સમાન છે. અરબનો દેશ પહેલ વહેલાં તેનાથીજ સજીવન થયો. આરબો પહેલા એક બકરા ચરાવનારી ગરીબ પ્રજા હતી અને જ્યારથી દુન્યા સરજાઇ હતી ત્યારથી અરબસ્તાનના વિશાળ મેદાનોમાં ફર્યા કરતી હતી. કોઇ માણસને તેનો ખ્યાલ ન હતો. તે કોમમાં એક **ઉલુલ અઝમ પયગમ્બર*** એવા કલામ–વાણીની સાથે મોકલવામાં આવ્યો કે જે ઉપર તેઓ યકીન–આસ્થા કરતા હતા. હવે જુઓ કે જે

§ આસ્તિક.

* મુનસીફ લેખક હઝરત પયગમ્બર હોવાનો ઇકરાર કરે છે.

ચીજને કોઇ જાણતું ન હતું તે આખી દુન્યામાં પ્રખ્યાત થઇ ગઇ. ત્યાર પછી એક સદીમાં અરબની એક તરફ ગરનાતા અને એક તરફ દીલ્હી થઇ ગઇ. અરબની બહાદુરી, મોહટાઇની ચમક અને તેની બુધ્ધીનો પ્રકાશ એક લાંબા સમય (ઝમાના) સુધી દુન્યાના એક મોહટા ભાગ ઉપર ચમકતો રહયો. એઅતેકાદ—આસ્થા શ્રધા એક મહા મોહટી વસ્તુ છે. જો કોઇ પ્રજા કોઇ વસ્તુ ઉપર એઅ-તેકાદ લાવે છે તો તેના વિચારો ફળદુપ થઇ જાય છે. જુવોને! તેજ અરબો! તેજ મોહમ્મદ! અને એજ એક સદીનો જમાનો!!! જાણે કે એક ચણુગારી એવા દેશમાં પડી કે જે રેતાળ રણ હતું. પણ જુવો કે તે રેતાળ રણે ઘણીજ ઝડપ અને જોર શોરથી ઉડી જતાં દારૂ (ગોળા) ની પેઠે, "દીલ્લી" થી "ગરનાતા" (ગ્રીન્ડા) સુધી, ઉડતા શોઅલા—ભડકાઓથી પ્રકાશ પ્રકાશ કરી મુકયો.

શું ઇસ્લામ ધર્મ તલવાર વડે પ્રસર્યો છે ?

હઝરતે મોહમ્મદે (સ૦) પોતાનો ઇસ્લામ ધર્મ તલવારના બળવડે પ્રસાર્યો એવા વાંધા કેટલાક અણુસગજુ ખ્રીસ્તીયો કાઢે છે; પણુ જો તેઓ તે બાબે લાંબો અને ન્યાય પૂર્વક વિચાર ચલાવે તો એવા વાંધા કાઢે નહીં, હઝરતે મુસા (અ૦) ઇત્યાદી નબીયો કે જેઓને તેઓ સાચા નબી માને છે તેઓએ પણુ જેહાદ—ધાર્મીક યુદ્ધ કરેલ છે. માત્ર હઝરતે ઇસા અને હઝરતે યહયા અ૦મે જેહાદ કરેલ નથી. જો તેઓ પોતાના ધર્મના વિદ્વાનોના લેખ જોતા હોય તો પણુ આવી ભુલમાં પડે નહીં. **મીસીસ એની-બીસેન્ટ,** ઇસ્વીસન ૧૯૦૩ માર્ચ તા. ૨૩ મીએ જુનાગઢમાં ઇસ્લામ ઉપર જે ભાષણુ આપ્યું હતું તેમાં તે વિદ્વાન બાઇયે ઇસ્લામ—ધર્મ તલવારના બળવડે નહીં પણુ તેની સત્યતા અને તેના સુશીક્ષણુ—ઉપદેશના અસરથી પ્રસર્યો છે એમ સિદ્ધ કરી આપ્યું છે. તેણીએ ભાષણુ દરમિયાન ન્યાય પૂર્વક કહ્યું છે કે "ઇસ્લામ સામે જે પહેલો વાંધો ઉઠાવવામાં આવે છે તે એ છે કે તે ધર્મ તલવારના બળ વડે પ્રસરેલો છે, તેમજ તે ઝનુન ઉત્પન્ન

કરનાર જુલમ જેહાદ (ધાર્મીક યુદ્ધ) અને કતલ તરફ દોરનાર છે. (પવિત્ર) ઇસ્લામ ઉપર આવા આરોપ એ ખ્રીસ્તીયો તરફથી મુકવામાં આવે છે કે જેઓ પોતાના જુલમના કારણથી જગ પ્રસિદ્ધ છે, પરંતુ ખ્રીસ્તીયો તરફથી કરવામાં આવતી ક્રુઝેડો (જેહાદો) અને પ્રકાર પ્રકારના જુલ્મો બીજા ધર્મ ઉપર હુમલો કરવાનો હક લઇ લે છે.

જ્યારે પવિત્ર ઇસ્લામ ધર્મ જાહેર કરવામાં આવ્યો, ત્યારે તે ધીમે ધીમે તેના મહાન શીક્ષકની શકિતના કારણથી તદ્દન દ્વેષિ અને વિરોધી—પ્રતિકુળ પ્રજામાં પ્રસર્યો. તે ધર્મે ત્રણ વરસ સુધી તો તેના સ્થાપકના કુટુંબીયોને પોતાની તરફ ખેંચ્યા અને બીજાઓ તરફથી વિરોધ અને જુલમ જોયો. (જ્યારે વિરોધિયો તરફથી જુલમ ગુજારવામાં આવ્યો) ત્યારે જેઓ પ્રથમ ઇસ્લામ લાવ્યા હતા તેઓએ તેઓના જુલમથી રક્ષણમાં રહેવા માટે તલવારો ખેંચી. અજ્ઞાન અને મુર્તીપુજક આરબોએ તે પ્રથમ થએલા મુસલમાનો ઉપર જુલમ ગુજારવાનાં કેવાં સાધનો લીધાં હતાં તે એતિહાસ આપણને સ્પષ્ટ રીતે કહી આપે છે. અને તે જુલમના સાધનો એવી તો ભયંકર રીતે બનાવનારાં હતાં કે મનુષ્ય જાતીના

માંસ-લોહીથી તો ખમી શકાય નહીં. આ ધર્મ પાળનારાઓને તેઓ ચીરી નાંખતા, તેઓ, તે બાપડાઓને અણીયાળી લાકડીયે વડે હડસેલાં મારતા, તેઓને અરબસ્તાન જેવા દેશની ગરમ ધગધગતી રેતી ઉપર અતિશય તપતા સુરજ તરફ મોઢું કરી સુવરાવતા, અને જે બિચારો આવડું બધું દુઃખ સ્હેતો અને અતિ વેદનાથી ટળવળતો તેને એવો પ્રશ્ન પુછતાં કે "**ત્હારી જગ્યાએ મોહમ્મદ (સલ૦) હોય એવું શું તું ઈચ્છતો નથી!**" તે વખત તે દ્રઢતા અને શુરવીરતાથી ઉત્તર આપતો કે "**જો મોહમ્મદ (સલ૦)ને માત્ર એક કાંટો વાગ્યા જેટલું દુઃખ પહોંચે તો પણ હું મ્હારા બાયડી છોકરાં અને માલમતાના વૈભવમાં રહેવા ઈચ્છતો નથી અને એ બાબે પાક પરવરદિગાર મ્હારો શાક્ષી છે.**" તેના શત્રુઓના જુલમથી પયગમ્બરને પોતાની જન્મભુમી તજી પોતાના શિષ્યો સહીત મદીને જવું પડયું હતું. જયાં, ત્યાંના લોકોને શરણે ગએલા તરીકે સ્વીકારવામાં આવ્યા હતા. આવા બારીક સમયે તેઓએ પોતાનું રક્ષણ કરવું અવશ્યનું હતું. જયાં જયાં ખુદાએ તલવાર પકડવાનો હુકમ આપ્યો છે ત્યાં ત્યાં લક્ષ પુર્વક જુવો કે પોતાનું સરંક્ષણ કરવા માટેજ, કુરઆને શરીફ પણી

જગ્યાએ સ્પષ્ટ રીતે કહે છે કે જ્યારે બેઇમાનોએ (સત્ય ધૈર્ય ઉપર આસ્થા નહીં રાખનારાઓએ) તમારા ઉપર હુમલા કર્યા છે અને જુલમ ગુજાર્યા છે ત્યારે તેઓની સામે તલવાર પકડો."

ટીકાકારો કહી શકે છે કે કુરઆને શરીફમાં એવાં ઘણાં વાકયો છે કે જ્યાં ઉપરની જેમ શરત વિના માત્ર એમજ કહેલું છે કે "લઢો અને નહીં માનનારાઓનો (નાસ્તિકોનો) નાશ કરો." તો તે વિશે જાણવું કે **તાવીલ શાસ્ત્રનો** મુકરર કરેલો નિયમ છે કે જ્યારે અમુક શરત સાથે કોઇ આજ્ઞા આપવામાં આવે અને તેજ આજ્ઞા વળી બીજી જગ્યાએ શરત વિના આપવામાં આવે તો ત્યાં પણ શરત લાગુ પડશે. આપણે કદાચ તે શરત બરતને ન માનીયે તો તે આજ્ઞા કયા સંજોગો વચ્ચે આપવામાં આવી હતી તે તરફ લક્ષ આપીયે. જ્યારે મુસલમાનો સંખ્યાબંધ લોકો સાથે જેહાદ (યુદ્ધ) કરવામાં રોકાએલ હતા ત્યારે તે આજ્ઞા આપવામાં આવી હતી. અને તેવા સંજોગો વચ્ચે (મુસલમાન) લડવૈયાઓને શુર ચઢાવવું અવશ્યનું હતું. જેવી રીતે કોઇ લડાઇ ઉપર પોતાનું લશકર દોરી જતો સૈનાધિપતી પોતાના લશ્કરીઓને શુર ચઢાવે છે તેમ એ આજ્ઞા પણ મુસલમાનોને શુર ચઢાવવા ખાતરની છે."

જનાબ સર સૈયદ એહમદ રહે૦ લખે છે કે "હઝરતે મોહમ્મદ (સ૦લ)ના સમયમાં જે યુધ્ધ થયાં તે ચાર પ્રકારના કારણોથી ખાલી નહતાં.

૧. શત્રુઓના હુમલાઓને રોકવા માટે તે યુદ્ધ થયાં હતાં.

૨. અથવા શત્રુઓના લડવાના કિંવા હુમલો કરવાના હેતુથી લોકો એકઠા કરવાના સમાચાર મળવાથી, ફિતુર બેસારી દેવા અને એકઠા થએલા શત્રુઓને વિખેરી નાંખવા માટે તે યુધ્ધ થયાં હતાં.

૩. અથવા એ લોકો સાથે યુદ્ધ કરવામાં આવ્યું હતું કે જેઓએ કરાર તોડયા હતા, દગલબાઝી રમી રાજદ્રોહ બન્યા હતા.

૪. અથવા જે લોકોને દેશ અથવા પ્રજાની સ્થિતી જાણવા માટે જાસુસ તરીકે મોકલ્યા હતા તેઓથી યુદ્ધ થઇ ગયા હતા. આટલા કારણો અને સંજોગો શીવાય બીજા એકે કારણથી હઝરતે લડાઇ કરી નથી.

વાંચકો! આ કારણોમાં અન્યાય ભર્યું કયું કારણ છે? પયગમ્બરો માટે આવા સંજોગો વચ્ચે પણ લડાઇ કરવી યોગ્ય નથી એમ

કહેવું તદ્દન બુધ્ધી અને કુદરતી કાનુન વિરૂધ્ધ છે. ટીકાકારો જેઓ હઝરતે મુસા અ૦ને સાચા નબી માને છે, તેઓ તે નબીની લડાઇઓને તો ભુલી જાય છે અને પયગમ્બર તરીકે લડાઇ ન કરનાર હઝરતે ઇસાનો (ઇસુ ખ્રીસ્તનો) દાખલો રજુ કરે છે, પણ તેઓ વિચાર કરતા નથી કે જ્યારે હઝરતે ઇસાએ પોતાને નબી તરીકે સૃષ્ટી સમક્ષ રજુ કર્યા ત્યારથી કે તેઓના મર્ણ કાળ (ખ્રીસ્તીયોના મત પ્રમાણે) સુધી કે જે ત્રીસ વરસ જેટી નજીવી મુદત હતી, તે દરમીયાન માત્ર સીત્તેર માણસો કરતાં વધારે હઝરતે ઇસા ઉપર ઇમાન લાવનારા નહતાં, અને તેથી તેઓ દુશ્મનો સામે લડા કરવા શાકતવાન થયા નહતાં; હા, જો સખ્યાબંધ માણસો ઇમાન લાવ્યા હોત તો જરૂર દુશ્મનો સાથે જેહાદ કરત, જેમકે હઝરતે મુસાએ કર્યો હતો. હઝરતે ઇસા અ૦ પછી જો તેઓના મદદગાર ઉભા થયા ન હોત અને તેઓ દુશ્મનો સાથે જેહાદ કરી લઢયા ન હોત તો આજે પૃથ્વિની સપાટી ઉપર ખ્રીસ્તી ધર્મનું કે ચર્ચનું નામ નીશાન જોવામાં આવત નહીં. (ખ્રીસ્તીયોએ પોતાના ધર્મના પ્રચારાર્થે ઘણી લડાઇયો કરી છે જે તવારીખો વાંચવાથી જણાશે.) વળી અમારા પયગમ્બરને તો રૂહાની (આત્મિક) બાદશાહત

ઉપરાંત સુલયમાન અ૦ જેવી બાદશાહતનો કારભાર ચલાવવાની જરૂર પડી હતી. અરબસ્તાનમાં બાદશાહત હતી નહીં દરેક કબીલા નો સરદાર તેજ હાકીમ (ગવરનર) ગણાતો હતો, જ્યારે સર્વે કબીલાઓ મુસલમાન થઇ ગયા ત્યારે તેઓ હઝરત શીવાય બીજાને પોતાનો દુન્યવી સરદાર બાદશાહ માને એ અસંભવીત હતું અને તેથીજ ખુદાએ હઝરતને સરદાર અને બાદશાહ ઠરાવ્યા હતા. સર્વે લોકો તેઓનાજ હુકમને તાબે રહેતા હતા અને તેથી હઝરતને દેશ—વ્યવસ્થા કરવાની અને દેશમાં સુલેહ—શાંતી જાળવવાની ફરઝ પડી હતી. એવા સંજોગો વચ્ચે, લાચાર નિરાધાર મુસલમાનો અને મુસલમાન સ્ત્રીઓ અને બાળકોનું, કાફીરો અને શત્રુઓના જુલમથી, રક્ષણ કરવા માટે હઝરત હથીયાર ન પકડતે તો બીજું શું કરતે? જો હઝરત કાફરોના અન્યાય ભર્યા જુલમોથી લાચાર નિરાધાર હઝરતની શરણે આવેલા મુસલમાનોના રક્ષણાર્થે હથીયાર ન પકડતે તો શું આજે એકે મુસલમાન જોવામાં આવતે? સર્વે માર્યા ન જતે? અને તે સર્વેના ખુનનું જોખમ કોના સીર રહેત? આવા સંજોગો વચ્ચે હથીયાર પકડવાને એવો કોણ દયાવાન છે કે અન્યાય કહે છે? જગતમાં ઉંચ અને મહાન નરોનો નિયમ છે કે

તેઓના શરણે જેઓ આવે છે તેઓને તેઓના શત્રુઓથી બચાવવા માટે પોતાના જીવને જોખમમાં નાંખ્યા વિના રહેતા નથી, અને આતો સત્યની ખાતર, મુસલમાનો એકજ ખુદાનું માત્ર પુજન કરતા હતા તેટલાજ માટે કાફરો તેઓને દંડતા, મારતા, કતલ કરતા અર્થાત અનેક પ્રકારના અસહ્ય દુઃખો આપતા, તો એવા સત્યવાદીઓને અને એકજ ખુદાના શેવકોને ખુદાના નાફરમાન બંદાઓના જુલમથી રક્ષણમાં રાખવા માટે હથીયાર પકડનારને કોણ અન્યાયી કહેનાર છે? મી. **એડવર્ડ ગીબન** પોતાની તવારીખમાં લખે છે કે "**કુદરતના નિયમ પ્રમાણે દરેક માણસને તલવારવડે પોતાના જાનમાલનું રક્ષણ કરવાનો હક છે.**" તો શું મોહમ્મદ સ૦ ને પોતાની અને શરણે આવેલાઓની જાન માલનું રક્ષણ કરવા માટે તલવાર પકડવાનો હક ન હતો ? ઉપરાંત **ટોમસ કારલાઇલ** સાહેબનો લેખ આજ કીતાબના પૃષ્ટ ૬૬ માં જુવો અને વિચારો.

ઇ. સ. ૧૮૮૮ ના અકટોબર માસના **એશીયાટીક કવારટરલી રેવ્યુમાં** ક્રીશ્ચ્યાનીટી અને ઇસ્લામના હેડીંગથી એક આરટીકલ પ્રગટ થયો હતો જેમાં તેના લેખકે લખ્યું હતું કે "ઇસ્લામ—

ધર્મમાં ખ્રીસ્તી ધર્મ જેવી નમ્રતા અને વિનય નથી એમ કહેવામાં આવે છે તે અને એ (ધર્મ) લોકોને મુસલમાન બનાવવામાં ઘણોજ જુલમ ગુજારનારો છે, આવો ખ્યાલ કરવો તે એક મહા મોહટી ભુલ છે. ખ્રીસ્તીયોની સાથે સરખાવતાં મુસલમાનોએ ઘણીજ સહનશીલતાથી કામ લીધું છે. તેઓએ ખ્રીસ્તીયોની જેમ પોતાનો ધર્મ મનાવવા માટે લોકોને જીવતાને જીવતા બાળી મુકયા નથી." (તવારીખ વાંચવાથી એવા અનેક દ્રષ્ટાંતો મળી આવશે,) "**મુસલમાનો હમેશા પોતાની પ્રજાને સ્વતંત્ર રીતે પોતાના ધર્મ ઉપર કાયમ રહેવાની છુટ આપતા આવ્યા છે. બલકે અત્યાર સુધી તુરક અને મુગલોએ પોતાના રાજ્યમાં પર ધર્મના માણસોને વસવા દીધાં છે.**" ખરેખર વાંચકો આ પૃથ્વિ ઉપર ઇસ્લામ ધર્મનું હોવું રહમત (કૃપા) સમાન છે. તેણે સૃષ્ટી ઉપર જે જે ઉપકારો કર્યા છે તે અગણીત છે. લોકો હઠ—ધર્મી કરી વિચાર ન કરે તેમાં કોઇ શું કરે? જેઓ બીચારા ન્યાયી છે તેઓ ઇસ્લામની મહત્વતા અને શ્રેષ્ઠતા સ્વિકાર્યા વિના રહેતા નથી.

ઇસ્લામી રાજ્યોમાં યહુદીયોના ખ્રીસ્તીયોના દેવળો મવજુદ હતા, ત્યાં દરરોજ તેઓની ઇબાદતના વખતે ઘંટ વાગતા હતા.

તેઓને તેઓનો ધર્મ પાળવામાં પુર્ણ સ્વતંત્રા હતી. ત્યારે પછી ઇસ્લામ તલવાર વડે પ્રસર્યો એ વાત કયાં રહી ? મિસ્તર એડવર્ડ ગીબન લખે છે કે "આફ્રીકા અને એશીયાના નવા મુસલમાનો જેઓએ અરબના મુસલમાનોની સંખ્યામાં વધારો કર્યો, તેઓ એકજ ખુદા અને તેના પયગમ્બર ઉપર ઇમાન લાવવામાં મોહ પામ્યા હતા, નહીં કે તેઓ ઉપર કોઇ પ્રકારનો દબાવ નાંખવામાં આવ્યો હતો." વળી એજ સાહેબ આગળ ચાલતાં લખે છે કે "(ઇસ્લામી રાજ્યોમાં) ઇબરાહીમ, મુસા અને ઇસુને માનનારાઓને, હઝરત મોહમ્મદ સ૦નું ઇલ્હામ (પયગમ્બરી) જે વધારે નિપુણ છે તે માનવાની વિનયપુર્વક વિનંતી કરવામાં આવી, પણ જ્યારે તેઓએ ન માન્યું અને સાધારણ ખંડણી એટલે જઝીયો આપવો કબુલ કર્યો ત્યારે તેઓ પોતાની ધાર્મિક પુજામાં અને અકીદા—આસ્થામાં સ્વતંત્ર રહ્યા. તો પછી બતાવો કે આમાં શો અન્યાય છે ? ખ્રીસ્તીયો જ્યારે તેઓના હાથમાં તલવાર આવી ગએલી છે. ત્યારે પોતાનું જોર બતાવતાં ચુકયાં નથી." સર ટોમ્સ કારલાઇલ સાહેબ એ વિશે ઘણું લંબાણથી લખી લખે છે કે "ખ્રીસ્તી ધર્મના હાથમાં જ્યારે તલવાર આવેલી છે ત્યારે તે તરફ તેઓએ સમુળગો ધિક્કાર દર્શાવેલો નથી. જેમકે શાર્લેમીને સેકસન પ્રજાને માત્ર ઉપદેશથીજ ખ્રીસ્તી બનાવેલ હતી નહીં. હું તલવાર વિગેરેની કાંઇ પરવા કરતો નથી અને રજા આપું છું કે એક વસ્તુનો જેવી રીતે બની શકે તેવી

રીતે આ દુન્યામાં પ્રસાર કરો; જોઇયે તો જીભથી, જોઇયે તો તલવારથી અથવા પોતાની પાસેના હથીયારથી અથવા બીજા પાસેથી મેળવીને, પણ **મીસ્ટર ગોડફ્રે હેગીન્સ** લખે છે કે “ **દીને મોહમ્મદી (ઇસ્લામ ધર્મ) માત્ર તલવારનાજ બળ વડે પ્રસર્યો છે એમ ધારવું મહા મોહટી ભુલ છે.** ” પછી લખે છે કે “ હીજાઝ વાશીયો ઉપર તાતેરી લોકોનો પહેલો હુમલો આઠમી સદદીની છેવટ માં થયો હતો તે લોકો ઉત્તર તરફના પ્રદેશો જે કારપીયન સમુદ્ર અને કાળા સમુદ્ર વચ્ચે છે ત્યાંથી આવ્યા, તે વખતે તેઓનો ધર્મ મોહમ્મદી (ઇસ્લામ) ન હતો પણ તેઓએ થોડાંજ વખત પછી તે પરાજીત (હાર પામેલાં) થએલાં હીજાઝ વાશીયોનો ધર્મ કબુલ કરી લીધો. આ વિજયી લોકોના ધર્મ બદલવાથી **એ તોહમત કે ઇસ્લામ ધર્મ તલવારના બળ વડે ફતેહમંદ નીવડયો છે જેનું વર્ણન કેટલીકવાર થઇ ગયું તે એક વિચિત્ર રીતે જુઠું ઠરે છે.** કેમકે આ ઉપરથી સ્પષ્ટ રીત્યે સિધ્ધ થાય છે કે ઇસ્લામ ધર્મમાં માત્ર એજ લોકો દાખલ થયાં નથી કે જેઓને તેણે (ઇસ્લામે) હરાવ્યા હતા. બલકે એ લોકો પણ (ઇસ્લામ ધર્મમાં) દાખલ થયાં છે કે જેઓએ મુસલમાનોને હરાવી પોતાના તાબેદાર બનાવ્યા હતા. ” વળી ઇસ્ટ એન્ડ વેસ્ટ નામના પત્રમાં ઇસ્લામ તલવાર થી પ્રસર્યો નથી અને તે દરેક સ્થીતિમાં પોતાની બીજા ધર્મની પ્રજાને સ્વતંત્રતા આપતો આવ્યો છે તે વિશે એક ઘણોજ ઉમદા

અને લાંબો આરટીકલ છપાયલો છે તેમાંથી માત્ર બે ત્રણ વાકય ટાંકીયે જોયે કે "**ઇસ્લામે કોઇ પણ બીજા ધર્મના સંપ્રદાય-મસાય-યલમાં હાથ નાંખ્યો નથી. તેણે કોઇને ઇજા પહોંચાડી નથી. બીજા** ધર્મવાળાઓને શીક્ષા આપવા માટે ઇસ્લામે કોઇ ધાર્મીક અદાલત‡ (કોરટ) સ્થાપી નથી, **કદી પણ ઇસ્લામે લોકોના ધર્મને જોરજુલમથી બદલવાનો વિચાર કર્યો નથી**" ત્યાર બાદ એજ ન્યાય નજર લખે છે કે "**ઇસ્લામના ઇતિહાસમાં એક એવો ગુણ મળી આવે છે કે જે બીજા ધર્મવાળાઓને પરાધિન રાખવાની તદ્દન વિરૂધ્ધ છે.**" ઐતિહાસ વકતા **મા૦ હાટ્મ** લખે છે કે "ઇસ્લામ ધર્મ ખુદાના સેવકો સમક્ષ રજુ કરવામાં આવ્યો છે. **પણ કદદી તેઓની પાસે જોર જુલમથી કબુલ કરાવવામાં આવ્યો નથી.**"

---

‡ ખ્રીસ્તીયોએ, જેઓ ખ્રીસ્તી ધર્મ ઉપર પુર્ણ આસ્થા રાખતા ન હોય અથવા ખ્રીસ્તી ધર્મથી તદ્દન ફરી ગયા હોય તેઓને શોધી શોધી પકડીને શિક્ષા આપવા માટે એક અદાલત સ્થાપી હતી જે "ઇન્કવીઝેશન" ના નામે ઓળખાતી હતી આવી અદાલતોની સ્થાપના ફ્રાંન્સ, ઇંગ્લંડ, ઇટાલી ઇત્યાદી સરત્રે સ્થળે થઇ હતી, જેઓ બીચારાં શક ઉપર પકડાતાં તેઓ બીચારાઓને પણ રીબાવી રીબાવી મારી ત્રાહત્રાહ પોકરાવતા. હવે કહો કે **ઇસલામ** દયાળુ અને ન્યાયી ધર્મ છે કે ખ્રીસ્તી ધર્મ ? જુઓ "એન સાઇકલો પીડીયા બ્રીટાનીકા."

ઉપરના વિદ્વાનોના લેખ ઘણાં લાંબા અને ઇસ્લામ તલવાર વડે નહીં પણ તેના સુશિક્ષણ–ઉપદેશના કારણથી પ્રસર્યો છે એ વિશે દલીલોથી ભરપુર છે. પણ ઘણુંજ લંબાણ થઇ જવાનો ભય હોવાથી માત્ર એક કે બે વાકયો લખી સંતોષ માન્યો છે, **ખરેખર સત્ય તે સત્યજ છે આખરે પ્રકાશ્યા વિના રહેતું નથી.** જેઓ જ્ઞાની સમજુ અને વિદવાન છે તેઓ ખરી વાત કહેતાં કદી અચકાતાં નથી. હવે અમે એક હીંદુ શાક્ષરનો લેખ ટાંકી **ઇસ્લામ તલવારથી પ્રસર્યો છે કે તેના** સુશીક્ષણથી એ વિચારવું આપ ન્યાયી વાચકોના તર્ક અને ન્યાય ઉપર મુકી આ લેખને પુર્ણ કરીશું—**મહાજન મંડળ** એ નામના ગુજરાતી ગ્રંથના પૃષ્ઠ ૬૬૩ માં તે લખનાર એક હીંદુ શાક્ષર લખે છે કે.—

" હઝરત મોહમદ સાહેબે ધન, માન, અને ગૌરવની ઇચ્છાથી પરિચાલિત થઇને મુસલમાન ધર્મ પ્રચાર કર્યો નથી. રાજ મુગટ તેમની આગળ તુચ્છ હતો. પૃથ્વિ ઉપરનું રાજ્ય સિહાસન તેમને ઠોકર મારી નાંખી દીધું હતું, તેઓ પૃથ્વિના તુચ્છ યશના ભીખારી ન હતા. જીવન મૃત્યુનું ઉંડું તત્વ જાહેર કરવું એજ તેઓના જીવનનું ફકત લક્ષ હતું. તે કામ પુરૂ કરીને તેઓ આ લોકમાંથી ગયા હતા. ધન, માન તેમના પગ નીચે રોળાતાં હતા, પણ પોતે તેનો સ્પર્શ કરતા નહતા. સમસ્ત આરબ દેશ તેમની એક આંગળીની

ઇશારતથી કાંપતો હતો. વિજીત જાતિની અતુલ સંપાત તેમના ચરણ નીચે અર્પીત થતી હતી. પરંતુ પોતે કદી પણ ભીખારીની દશા ત્યાગ કરી નહોતી. સામાન્ય કપડાં પહેરીને લજ્જા નિવારણ કરતા હતા, અને ખજુર ખાઈને જીવન ધારણ કરતા હતા. સાદડી ઉપર સુતા હતા. અને પોતાનાં કપડાં તથા જોડા પણ પોતેજ સાફ કરતા હતા, તેમની આંખ દુન્યાના નાશ પામનાર ધન માન ઉપર પડતી નહોતી. સર્વદા પર મોહ રાખીને ઇશ્વરમાં મગ્ન થઇ રહેતા હતા **સત્યના શેવક થઇને તેમણે જીવન ગાળ્યું હતું, સત્યનાજ બળથી તેમણે એકલાએ હજારો શત્રુનો પરાભવ કર્યો હતો.**

કેટલાક કહે છે કે, તલવારના બળથી મુસલમાન ધર્મ જયવાન થયો છે, પરંતુ જ્યારે હઝરત મોહમ્મદ સાહેબે ઇશ્વરનું દર્શન મેળવીને ખતીજાની પાસે મનની વાત જાહેર કરી, ત્યારે તલવાર ક્યાં હતી? જ્યારે ધીરે ધીરે એકના પછી એક તેમના શિષ્યોની સંખ્યા વધવા લાગી, **ત્યારે તલવાર ક્યાં હતી?** જ્યારે મદીનાના લોકો અડધી રાત્રે તેમની પાસેથી અમોઘ પ્રતિજ્ઞામાં દિક્ષીત થયા હતા, **ત્યારે તલવાર ક્યાં હતી? કેવળ વિશ્વાસ (તવક્કલ)નાજ બળથી બળવાન થઇને મુસલમાન ધર્મનો વિજય વાવટો સર્વત્ર ઉડયો છે."**

વળી આગળ ચાલી પૃષ્ટ ૩૬૫ માં લખે છે કે "લગભગ ૧૩૦૦ વર્ષ ચાલ્યાં ગયાં છે, જવલંત વિશ્વાસ અને અગાધ ઉત્સા-

હનાં અવતાર હઝરત મોહમ્મદ સાહેબ આ લોક છોડીને ચાલ્યા ગયા છે. પરંતુ ભારત વર્ષથી કે આલજીરીયા સુધી આખા ભુભાગના મુસલમાનોનાં હૃદય આજ પણ તેમના નામથા નાચે છે. તેમના જ નામનું રાત દહાડો મનમાં રટણ કરે છે, આફરીકાના જંગલોમાં, અરબસ્તાનના રેતાળ રણમાં, ભારતના દરેક શેહર અને ગામડામાં, અફગાન રાજ્યના દરેક પહાડની ટોચ પર, તુર્કીસ્તાનની વિશાળ તલાટીમાં, ઇરાનના મનોહર બગીચામાં, અને તુરકના દરેક નગરમાં આજ પણ રાત દીવસ હઝરત મોહમ્મદ સાહેબનો જયનાદ થાયછે. લગભગ ૧૮ કરોડ ઇશ્વરના પુત્રો આજે તેમનું પવિત્ર નામ મુખે જપે છે. જે ધર્મે મુર્તીપુજાથી ઘેરાયલા આરબ દેશમાં એક માત્ર ખુદાની પુજા પ્રતિષ્ટિત કરી છે, નારી જાતિની દુર્ગતિ નિવારણ કરી છે, જંગલી જાતિમાં જ્ઞાન ચર્ચાનો આરંભ કર્યો છે, ગુલામગીરીની સાંકળ તોડી નાંખી છે તે ધર્મે દવારા જગતમાં મધુર ફળ ઉત્પન્ન થયું છે. તે ફળ ખાઇને કરોડો નર નારી જંગલીપણાની હાલતમાંથી મુક્ત થયાં છે. ધન્ય છે ઇશ્વરને કે જે પોતાના પ્યારા બાળકો ઉપર કૃપા વરસાવવા સારૂં એકાદ મહાન પુરૂષને વખતો વખત મોકલીને જગતનું કલ્યાણ કરાવે છે. તેવીજ રાતે હઝરત મોહમ્મદ સાહેબના દ્વારે કલ્યાણ કરાવ્યું હતું ”

રાજા રામચંદ્રની ઝબાનથી હઝરત મોહમ્મદ સલ૦ની બશારત.

(બશારતે એહમદી ઉપરથી)

એક શખસ બયાન કરે છે કે શાહ અબ્દુલહક સાહેબ કાનપુરીએ મને હએદરાબાદમાં કહેલ કે રામપુર અને બરેલીની વચમાં જે નદીછે તે ઠેકાણે એક હિંદુ કે જેપોતાના ધર્મમાં બહુજ હુશીયાર હતો તેની સાથે મુલાકાત થઇ તે વખતે હું જવાન હતો મારી ઉમર ૧૭ વરસની હતી, અને રામપુરથી ઇલમ શીખીને આવતો હતો.

તે વખતે મેં તેને કહ્યું કે "મારે તમોને કાંઇ પુછવું છે;" તેણે કહ્યું "દીનની વાતછે કે દુન્યાની?" મેં કહ્યું "દીનની વાત છે."

તે વખતે તેણે એકાંતમાં જઇ મને કહ્યું કે "જે કાંઇ પુછવું હોય તે પુછ."

તે વખતે મેં પુછ્યું કે "અમારા પયગમ્બર હઝરત મોહમ્મદ સલ૦નું વર્ણન તમારી કીતાબમાં છે કે નહીં?"

તેણે કહ્યું કે "તમારી ઉમ્મર નાની છે તેથી વાત છુપાવી નહીં શકો."

મેં કહ્યું કે "હું તમારી સાથે વચને બંધાઉં છું કે જ્યાં સુધી તમો જીવતા હશો ત્યાં સુધી મારા બાપ અને ઉસ્તાદ શીવાય બીજા કોઇને પણ એ વાત કહીશ નહીં."

તે વખતે તેણે કહ્યું કે "ચોથા વેદમાં તમારા પયગમ્બર વિશે લખેલ છે. રામચંદ્રને કોઇએ પુછ્યું કે ખુદાને મળવાના કેટલા દરજા છે?"

રામચંદ્રે કહ્યું કે "ચૌદ દરજજા છે; કે તે ચૌદ દરજજા સુધી પહોંચી જાય તો ખુદાને મળે."

તેણે પુછ્યું કે "તે ચોદ દરજજા સુધી આપ પહોંચ્યા છો ? રામચંદ્રે કહયું કે "નહીં."

વળી પુછ્યું કે "તમો તે ચોદે દરજ્જાને પહોંચવાનો ઇરાદો રાખો છો ?" રામચંદ્રે કહયું કે "જેટલે દરજ્જે હું પહોંચ્યો છું તેથી વધારે પહોંચીશ નહીં."

વળી તેણે પુછ્યું "તમારી પહેલાં કોઇ પણ એ ચોદ દરજજે પહોંચેલ છે ?!" જવાબ આપ્યો કે "નહીં."

વળી તેણે પુછ્યું "તો હવે પછી કોઇ પણ એ દરજ્જાને પહોંચશે ખરો ?!"

આ સાંભળીને રામચંદ્ર કહયું "હા! એક શખસ થનારો છે, તે એ તમામ દરજજા ઓળંગી ચઉદમેં દરજ્જે પહોંચશે; તેને થવાને હજી ઘણી લાંબી મુદ્દત છે."

તેણે પુછ્યું "તેનું શું નામ હશે?" રામચંદ્રે જવાબ આપ્યો "તેઓનું નામ "**મહામીદ**" છે" તેણે પુછ્યું "તે ક્યાં પયદા થશે?" રામચંદ્રે જવાબ આપ્યો "તે પથ્થરના મુલકમાં પયદા થશે અને ખજુરના શેહરમાં જઇને રેહશે અને ત્યાંથીજ તેઓનો ધર્મ સઘળી પૃથ્વિ ઉપર ફેલાશે. અને તે જે કાંઇ કેહશે તેમજ ખુદા કરી આપશે. જે કોઇ તેના દીનને પકડશે તે "વઇકુંઠ" (બેહીસ્ત) માં જશે. અને જે કોઇ તેના દીનને નહીં પકડે અથવા પકડીને છોડી આપશે તો તે "નર્ક" (નાર) એટલે જહન્નમમાં જશે."

વળી તેણે પુછ્યું કે "તેનો ખોરાક અને પોશાક કેવો હશે?" રામચંદ્રે કહ્યું "તેઓનો ખોરાક દુધ, ગોસ્ત, શહદ, (મધ) અને સીરકો હશે. પોશાક લુંગી અને પાઘડી હશે. પોતાના દીનને ફેલાવવા માટે થઇને તલવાર અને બરછીથી લડાઇ કરશે."

જ્યારે આ મુજબ હકીકત તે હીંદુ પાસેથી સાંભળી તો મેં તેને પુછ્યું "જ્યારે તમને એવી મોઅતબર ખબર મળી છે તો શા માટે મુસલમાન થતા નથી?"

તેણે જવાબ આપ્યો "મુસલમાન થવું દીલ ઉપર છે;" મેં કહ્યું કે "તમારા દીલમાં છે?" જવાબ આપ્યો "હા!" પુછ્યું "તો તમો શા માટે જાહેર કરતા નથી?"

તે વખતે તેણે કહયું "તમો બચ્ચા છો; આ મસલેહતની તમને ખબર ન પડે;" પછી તેઓથી રૂખસત થઇને ઘરે ગયો અને ગદરની પહેલાં તે હીંદુ મરી ગયો.

ગદરની દસ વરસની બાદ હું મારી બેનને ઘેર ફતેપુરમાં ગયો, તો ત્યાં પણ તેજ હીંદુ જેવા બીજા એક હીંદુને જોયો, તેનું નામ **શીતલ** હતું, તેની સાથે પણ એજ મુજબ વાત થઇ તો તેણે પણ તે વાત કબુલ કરીને કહયું કે "ખરૂં છે બલકે તે વેદમાં તેણે જે કહ્યું તે કરતાં હઝરત મોહમ્મદ સ૦ની તઆરીફ વધારે છે." એ મુજબ કહીને વેદની અંદરની કેટલીક બાબતો બોલ્યો પણ હું કાંઇ સમજી શકયો નહીં; પછી તેણે તેનો ખુલાસો કહયો કે "પેદા કરનારે તમામ કમાલ તે મોહમ્મદ સ૦ના ઉપરજ ખતમ કરેલ છે, અને કોઇ અવતાર અથવા દેવતા તેનાથી વધી શકે તેવો નથી. તમામ તેનાથી નીચેના દરજ્જાના છે."

વસ્સલામો અલા મનિત્તબેઅલ હોદા. અને સલામ થાય ઉપર એની કે તાબેદારી (અનુકરણ) કરે હીદાયતની (ઉપદેશની.)

સમાપ્ત.